સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-

જાન્યુઆરી, ૨૦૨૦




મુંબઈમાં મહંત સ્વામી મહારાજની નિશ્રામાં
ડી.વાય. પાટીલ સ્ટેડિયમમાં ભક્તિભાવપૂર્વક ઊજવાયો

## પ્રમુખસ્વામી મહારાજ
## ૯૮મો જન્મજયંતી મહોત્સવ

પ્રમુખસ્વામી મહારાજનાં અનંત ઋણની
સ્મૃતિ સાથે હજારો શ્રદ્ધાદીપ ઝળહળી ઊઠ્યા...







## મુંબઈમાં પ્રમુખસ્વામી મહારાજની જન્મજયંતીની મંગલ પ્રભાત

માગશર સુદ ૮, તા. ૪-૧૨-૨૦૧૯નું મંગલ પ્રભાત મુંબઈમાં પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવનું ઐતિહાસિક ચરણ બની રહ્યું. નવી મુંબઈમાં વાશી ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ કલાકેન્દ્રના વિશાળ પ્રાંગણમાં મહંત સ્વામી મહારાજે પ્રાતઃપૂજા કરી ત્યારે પ્રમુખસ્વામી મહારાજના સ્વરૂપ સમાન સ્વામીશ્રીને વધાવીને હજારો સંતો-ભક્તોએ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે અર્ઘ્ય અર્પણ કર્યું હતું. જન્મજયંતી મહોત્સવે સંસ્થાના વરિષ્ઠ સંતવર્ય ડૉક્ટર સ્વામીએ સ્વામીશ્રીના ગુણાનુવાદ ગાઈને સ્વામીશ્રીનાં જીવન-સંદેશ સૌનાં હૈયે દૃઢાવ્યાં હતાં.



# ગુણાતીત ગુરુવર્યોની અવિરત કૃપાવર્ષા...



## ક્રમિકા


૪. બે શતાબ્દીનો મુંબઈનો બી.એ.પી.એસ. સત્સંગ ઇતિહાસ

૧૪. મુંબઈની ધરતી પર ડી. વાય. પાટીલ સ્ટેડિયમ ખાતે ઊજવાયો બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ૯૮મી જન્મજયંતીનો મહોત્સવ
- સેવા એ જ અમારું જીવન
- અમારી અનુભૂતિઓ
- વર્ષભર યોજાયેલા મુંબઈમાં ભક્તિભર્યા કાર્યક્રમોની શૃંખલા

૩૯. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૪૪. ઇંગ્લેન્ડના વડાપ્રધાનશ્રીએ લંડનના બી.એ.પી.એસ. મંદિરે પધારીને અર્પી ભક્તિ-અંજલિ...

૪૬. જબલપુરમાં નિર્માણ પામ્યું નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર

૪૭. મોડાસા ખાતે નૂતન મંદિરમાં ઊજવાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

૪૯. અક્ષરવાસ

૫૦. વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ અંગેની જાહેરાત


મુંબઈ ખાતે મહંત સ્વામી મહારાજની નિશ્રામાં પ્રમુખસ્વામી મહારાજનો જન્મજયંતી મહોત્સવ શાનદાર રીતે ઊજવાઈ ચૂક્યો છે ત્યારે તેની પાર્શ્વભૂમાં મુંબઈના બી.એ.પી.એસ. સત્સંગના દીર્ઘ ઇતિહાસની પણ સ્મૃતિ થાય છે. ભગવાન સ્વામિનારાયણના અનુગામી ગુણાતીત ગુરુવર્યોમાં મુંબઈમાં સૌ પ્રથમ સદેહે ઐતિહાસિક પધરામણી બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજે કરી હતી. પરંતુ દિવ્ય દેહે પ્રથમ પધરામણી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ કરી હતી. માણો એક સ્મૃતિ: અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર ભક્તરાજ મહુવાના ફૂલચંદ શેઠ પર એક આપત્તિ આવી હતી. મુંબઈની અંગ્રેજ પેઢી સાથેના ધંધામાં લેવડદેવડમાં વાંધો પડતાં તે અંગ્રેજ પેઢીએ મુંબઈની કોર્ટમાં તેમના પર દાવો માંડ્યો હતો. જૂનાગઢ જઈને ગુણાતીતાનંદ સ્વામી પાસે આ અંગે ફૂલચંદ શેઠે આશીર્વાદ માંગ્યા ત્યારે સ્વામીએ કહ્યું હતું: 'તમે મુંબઈ જાઓ અને મહારાજ તમારી ભેગા આવશે.'

આ આશીર્વાદનું બળ લઈને ફૂલચંદભાઈ પોતાના સાક્ષી રાણાભાઈ સોનીને લઈને મુંબઈ કોર્ટમાં પહોંચ્યા. ન્યાયાધીશ સમક્ષ બેસીને તેઓ મનોમન શ્રીહરિ અને સ્વામીનું સ્મરણ કરવા લાગ્યા. એટલામાં બહાર બેઠેલા રાણાભાઈ સોનીએ જોયું કે કોર્ટના ચોગાનમાં એક સિગરામ આવ્યું, તેમાંથી ગુણાતીતાનંદ સ્વામી તથા બે સાધુઓ ઊતર્યા, સીધા કોર્ટમાં જઈને ન્યાયાધીશ સમીપે પહોંચ્યા અને અદૃશ્ય થઈ ગયા! રાણાભાઈને ખાતરી થઈ ગઈ કે હવે ફૂલચંદભાઈની જીત જ થશે. ત્યારબાદ થોડી જ વારમાં ન્યાયાધીશે ફૂલચંદભાઈની તરફેણમાં ચુકાદો આપ્યો અને મુંબઈની પેઢીને રકમ ચૂકવવાનો હુકમ કર્યો. ફૂલચંદભાઈ અને રાણાભાઈ સોની ગુણાતીતાનંદ સ્વામીની એ અપાર કૃપાથી ધન્ય થઈ ગયા.

ગુણાતીત ગુરુની મુંબઈમાં એ પ્રથમ પધરામણીથી લઈ આજપર્યંત અનેક ભક્તોના મનોરથ પૂર્ણ કરવા માટે તેમની કૃપાવર્ષા અવિરત વરસી રહી છે. એ જ છે મુંબઈના આજપર્યંત વિકસતા બી.એ.પી.એસ. સત્સંગની અભિવૃદ્ધિનું રહસ્ય. ◆


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥




गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥


**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૨, અંક : ૧,**
**જાન્યુઆરી, ૨૦૨૦**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક**: સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)



લેખો અંગે પત્રવ્યવહાર:
prakash@in.baps.org
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

લવાજમ અંગે પત્રવ્યવહાર:
magazines@in.baps.org
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**



**બે શતાબ્દીનો ભક્તિ, સત્સંગ, ઉપાસના, સેવા-સમર્પણનો વિરલ ઇતિહાસ...**

# મુંબઈનો બી.એ.પી.એસ. સત્સંગ

સન ૧૮૧૬માં વરતાલમાં પુષ્પદોલોત્સવ ઊજવાયો ત્યારે થોકબંધ ગુલાલ આપીને ભગવાન સ્વામિનારાયણને પ્રસન્ન કરનાર મુંબઈના ત્રણ આદિ હરિભક્તોથી મુંબઈના સ્વામિનારાયણીય સત્સંગની ગાથા આરંભાઈ છે. ૨૦૦ વર્ષ પહેલાના એ ત્રણ ભક્તો ખેંગારભાઈ ભાવસાર, ચાપસીભાઈ તથા રૂડાભાઈ સુથારથી લઈને આજે મુંબઈમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગના હજારો નિષ્ઠાવાન ભક્તોનો એક ગૌરવવંતો ઇતિહાસ છે - ભક્તિ, સત્સંગ, ઉપાસના, સેવા અને સમર્પણનો. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી ભલે સદેહે મુંબઈ પધાર્યા નહોતા, પરંતુ તેમના ઉપદેશમાં કરાયેલા મુંબઈના ઉલ્લેખો દ્વારા, મુંબઈમાં તેમણે કરાવેલી દિવ્ય અનુભૂતિઓ દ્વારા, મુંબઈના ગવર્નર સર જ્હોન માલ્કમ સુધી પ્રસરેલી શ્રીહરિની દિવ્ય પ્રતિભા દ્વારા કે મુંબઈના ગવર્નરને શ્રીહરિએ લખેલા ઐતિહાસિક પત્ર દ્વારા મુંબઈ સાથેનો તેમનો નાતો ઇતિહાસમાં અંકિત થયેલો છે. એ જ શૃંખલામાં ગુણાતીત ગુરુવર્યોએ મુંબઈના બી.એ.પી.એસ. સત્સંગને અવિરત પોષણ આપ્યું છે. અહીં છે એ દીર્ઘ ઇતિહાસની ઝાંખી કરાવતી એક છબિકથા...



૧૮૩૦

મુંબઈના બ્રિટિશ ગવર્નર સર જ્હોન માલ્કમને શિક્ષાપત્રી ભેટ આપતા ભગવાન સ્વામિનારાયણ...

## ઇતિહાસની એ પળો, જે અમર બની ગઈ છે...

ભગવાન સ્વામિનારાયણને મળીને (રાજકોટ, સન ૧૮૩૦) તેમનું અભિવાદન કરનાર મુંબઈના ગવર્નર સર જ્હોન માલ્કમ સાથેની ઐતિહાસિક મુલાકાત, મુંબઈ સાથેના સ્વામિનારાયણીય સંબંધના એક મહાન અધ્યાયરૂપ હતી. એ મુલાકાત કે ત્રણ હરિભક્તોથી શરૂ થયેલી મુંબઈ સાથેની સ્વામિનારાયણીય પરંપરાને વિસ્તારવા બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સન ૧૯૦૩થી ૧૯૫૦ સુધી અનેક વખત મુંબઈ પધાર્યા અને અહીં સત્સંગ-વર્ષા દ્વારા ઉપાસનાની અવિરત ગંગા વહેતી મૂકી. ઇતિહાસની આ પળો અમર બની ગઈ છે...



૧૯૪૩

સૂર્યનારાયણ વાડીમાં શાસ્ત્રીજી મહારાજ સંતો તથા મુંબઈના ભક્તો સાથે...



૧૯૪૫

મુંબઈમાં સૂર્યનારાયણ વાડીમાં પારાયણનો લાભ આપ્યા બાદ વ્યાસપીઠ પરથી નીચે ઊતરીને મુંબઈના ભક્તો વચ્ચે બિરાજેલા શાસ્ત્રીજી મહારાજ...

શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામીની ત્રિપુટીએ હરિભક્તોનાં સુખ-દુઃખમાં ભાગ લઈને મુંબઈમાં આત્મીયતાનું અનોખું વાવેતર કર્યું હતું. હરિભક્તોના ઘરે અને વ્યવસાયોમાં એમની પધરામણીઓની સ્મૃતિઓ...



૧૯૪૧

શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ વચ્ચે યુવાન વયના પ્રમુખસ્વામી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી, હર્ષદભાઈ દવે, બાળક અરુણ હ. દવે તથા મુંબઈના અગ્રણી હરિભક્તો...



૧૯૪૬

મુંબઈમાં હર્ષદભાઈ દવેની ફેક્ટરીના ઉદ્‌ઘાટનમાં પધારેલા શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી તથા અગ્રણી હરિભક્તો...

મુંબઈના નિષ્ઠાવાન પારસી હરિભક્તોના મંડળ વચ્ચે શાસ્ત્રીજી મહારાજ...



૧૯૪૨



૧૯૪૫

મુંબઈમાં વ્યાસપીઠ પર પોતાના લાડીલા નારાયણસ્વરૂપદાસ સાથે શાસ્ત્રીજી મહારાજ.

## આત્મીયતા ને સ્નેહભર્યા પુરુષાર્થની ગાથા..

શાસ્ત્રીજી મહારાજ, સહયોગી નિર્ગુણદાસ સ્વામી અને યોગીજી મહારાજની ત્રિપુટીએ મુંબઈમાં ઘરોઘર પધરામણીઓ કરી અપાર પુરુષાર્થ કરીને સત્સંગનાં મૂળ પાતાળે નાંખ્યાં. સૂર્યનારાયણની વાડીથી લઈને છીપી ચાલની નાની ઓરડી સુધી ઠેર ઠેર કથાપર્વો કરીને શાસ્ત્રીજી મહારાજે ભક્તોના હૈયે ઉપાસનાની ખુમારી ચઢાવી. પારસી ભક્તો કે નંદાજી જેવા પરપ્રાંતીઓને પણ આત્મીયતાથી નિષ્ઠાની દૃઢતા કરાવી. એ જ સ્નેહ અને પુરુષાર્થથી યોગીજી મહારાજે અહીં નવ યોગેશ્વરોને દીક્ષા આપીને ઇતિહાસ રચ્યો.



દિલ્હી જતા ગુલઝારીલાલ નંદાજીને શ્રીહરિ અને અક્ષરપુરુષોત્તમની મૂર્તિ આપી આશીર્વાદ આપતા શાસ્ત્રીજી મહારાજ... (૧૯૫૦)



૧૯૬૦

મુંબઈમાં પોતાના લાડીલા વિનુ ભગત (મહંત સ્વામી) સહિત ૯ યુવાનોને પાર્ષદ દીક્ષા આપીને યોગીજી મહારાજે ઇતિહાસ રચ્યો...



૧૯૬૧

યોગીજી મહારાજના હસ્તે દાદરમાં અક્ષરભુવનની સ્થાપના...



૧૯૬૫

યોગીજી મહારાજના સાંનિધ્યમાં ઉત્સવોની ભરમાર (જળઝીલણી, ગેટ વે ઑફ ઇન્ડિયા)




૧૯૬૩

મુંબઈમાં સંસ્કૃત પાઠશાળા અને યજ્ઞપુરુષ વ્યાખ્યાન ખંડના ઉદ્‌ઘાટન વેળાએ યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ, મહંત સ્વામીજી અને સંતો...



૧૯૬૮

મુંબઈમાં યોગીજી મહારાજે કથાવાર્તાનો અખાડો જમાવી સંતો-હરિભક્તોમાં આધ્યાત્મિક મૂલ્યો સીંચ્યા. કથા દરમ્યાન યોગીજી મહારાજ સાથે નવયુવાન મહંત સ્વામીજી...



૧૯૬૮

પોતાના ૪૮મા જન્મદિને ક્ષોભ-સંકોચ સાથે બેઠેલા પ્રમુખસ્વામીજી...



૧૯૬૮

'પ્રમુખસ્વામીનો જન્મદિવસ શાનદાર ઊજવવો...' - યોગીજી મહારાજનો આદેશ...



૧૯૭૦

ષણ્મુખાનંદ હોલમાં યોગીજી મહારાજનું ભવ્ય સ્વાગત...



૧૯૭૦

'પ્રમુખસ્વામી મારું સર્વસ્વ છે...' - યોગીજી મહારાજનો અંતિમ સંદેશ...

## સાધુતા અને વિદ્વત્તાની પાઠશાળા...

યોગીજી મહારાજે મુંબઈમાં જાણે બ્રહ્મવિદ્યાની કોઠી નાંખી હતી. દાદર ખાતે અક્ષરભુવન સ્થાપીને તેમણે અહીંના સત્સંગને નવો વેગ આપ્યો હતો. અહીં તેમણે મહંત સ્વામીની છાયામાં નવદીક્ષિત સંતોને રાખીને વિદ્વત્તા અને સાધુતાની પાઠશાળા માંડી હતી. અહીં જ તેમણે પ્રમુખસ્વામી મહારાજની ૪૮મી જન્મજયંતી ઊજવીને દર વર્ષે શાનદાર રીતે ઊજવવાની આજ્ઞા કરી હતી. ૧૯૭૦માં ઇંગ્લેન્ડમાં મંદિર સ્થાપીને મુંબઈ પધારેલા યોગીજી મહારાજના સન્માનમાં યોજાયેલા સમારોહ જેવા અનેક સમારંભો અહીંના ઇતિહાસનું અમર પૃષ્ઠ બની ગયા. 'પ્રમુખસ્વામી મારું સર્વસ્વ છે...' કહીને મુંબઈમાં જ તેમણે અંતિમ શ્વાસ લીધા.



૧૯૭૮

નૂતન અક્ષરભુવનના ઉદ્‌ઘાટન વેળાએ પ્રમુખસ્વામીજી, મહંત સ્વામીજી, ભક્તિપ્રિય સ્વામી અને અગ્રણી ભક્તો...


## સત્સંગ-કળશ ધારણ કરીને તેને અર્પી અનોખી ઊંચાઈ...

પ્રમુખસ્વામી મહારાજે મુંબઈના સત્સંગ-કળશને કરકમળમાં ધારણ કરીને પ્રચંડ પુરુષાર્થ દ્વારા બી.એ.પી.એસ. સત્સંગને અનોખી ઊંચાઈ અર્પી. અહીં તેમણે ભવ્ય મહોત્સવો ઊજવ્યા, કલાત્મક શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા કરી, એટલું જ નહીં, મુંબઈનાં અનેક પરાંઓમાં અને મહારાષ્ટ્રમાં ઠેર ઠેર મંદિરો અને સત્સંગકેન્દ્રોની સ્થાપના કરી. સત્સંગનાં અમૃત પ્રમુખસ્વામી મહારાજે ઘરોઘર પહોંચાડ્યાં.



૧૯૮૩

૬૩મી જન્મજયંતીએ સ્વામીશ્રીનું અભિવાદન કરતા સ્વામી ચિન્મયાનંદજી...



૧૯૮૨

દાદરમાં કલાત્મક શિખરબદ્ધ મંદિરના નિર્માણમાં માર્ગદર્શન આપતા સ્વામીશ્રી...



૧૯૮૩

દાદરમાં નૂતન મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરતા સ્વામીશ્રી...

મુંબઈમાં વિશાળ નર્મદા રેલીને સંબોધતા પ્રમુખસ્વામી મહારાજ...



૧૯૮૭

મુંબઈમાં યુવાન સ્વયંસેવકોની સેનાના જ્યોતિર્ધર પ્રમુખસ્વામી મહારાજ...



૧૯૯૦

## નિઃસ્વાર્થ સેવા દ્વારા માનવ-ઉત્કર્ષનું અવિરત અભિયાન...

પ્રમુખસ્વામી મહારાજે મુંબઈમાં યુવાનોને સ્નેહ આપીને રચનાત્મક કાર્યોમાં જોડ્યા અને વિશાળ પાયે સેવાનું અભિયાન આદર્યું. નર્મદાનાં નીરનું અભિયાન હોય, લાતુરના ભૂકંપગ્રસ્તોની સેવા હોય, વ્યસનમુક્તિ અભિયાન હોય, નેત્ર હૉસ્પિટલ દ્વારા આરોગ્ય યજ્ઞ કરવાનો હોય કે અમૃત મહોત્સવ હોય, પ્રત્યેક અવસરે તેમણે મુંબઈ અને મહારાષ્ટ્રમાં સેવાની જે ભાગીરથી વહાવી છે તેનાં ફળ અનેક પેઢીઓ સુધી મળતાં રહેશે.




૧૯૯૫

મુંબઈને નેત્ર હૉસ્પિટલની ભેટ. પ્રમુખસ્વામીજી સાથે મુખ્યમંત્રીશ્રી મનોહર જોષી...



૧૯૯૫

અમૃત મહોત્સવે અમૃત વરસાવતા પ્રમુખસ્વામી મહારાજ...



૧૯૯૩

ભૂકંપગ્રસ્તોની વચ્ચે જઈને સહાયતા અને પ્રાર્થનાનો હાથ લંબાવતા સ્વામીશ્રી...



૨૦૦૩

મુંબઈને ભવ્ય યોગી સભાગૃહની ભેટ આપતા પ્રમુખસ્વામી મહારાજ...

## વાત્સલ્યમૂર્તિના નિઃસ્વાર્થ સ્નેહે સત્સંગની ભરતી ઊભરાવી...

મુંબઈના મત્સ્યાવતારની જેમ વિકસતા સત્સંગને સતત પોષણ આપવા વાત્સલ્યમૂર્તિ પ્રમુખસ્વામીજીએ જ્યાં નિરંતર કથાહેલી વરસતી રહે તેવા ભવ્ય યોગી સભાગૃહની ભેટ આપી, ભક્તોના મનોરથ પૂર્ણ કરતા શ્રી નીલકંઠવર્ણી પધરાવ્યા, કરુણાભીના હૈયે પ્રત્યેક હરિભક્ત કે એક એક અદના માનવીના હૈયાનો આર્તનાદ સાંભળ્યો, અરે, શિશુઓને પણ વાત્સલ્યમાં ભીંજવી દીધા અને સત્સંગની ભરતી આણી દીધી...



૧૯૯૨

એક મજૂરની પણ ભાવનાઓને સત્કારતા કરુણાભીના પ્રમુખસ્વામી મહારાજ...



૨૦૦૬

સૌના મનોરથ પૂર્ણ કરતા શ્રી નીલકંઠવર્ણીની અભિષેક મૂર્તિની પ્રતિષ્ઠાવિધિ...



૨૦૦૫

નિઃસ્વાર્થ વાત્સલ્ય વર્ષાનો ધોધ વરસાવતા પ્રમુખસ્વામી મહારાજ...



૨૦૧૮

મુંબઈમાં સત્સંગ ધ્વજને લહેરાવી સત્સંગની યાત્રા આગળ ધપાવતા મહંત સ્વામીજી...



૨૦૧૮

મુંબઈમાં મહંત સ્વામી મહારાજની સત્સંગવર્ષા...

## 'મુંબઈના મહંત' હવે સૌના લાડીલા મહંત સ્વામી મહારાજ...


પ્રમુખસ્વામીજીનો એ અધ્યાત્મ-ધ્વજ ધારીને મહંત સ્વામી મહારાજે મુંબઈની બી.એ.પી.એસ. સત્સંગ યાત્રાને અનેકશઃ આગળ ધપાવી છે. 'મુંબઈના મહંત' હવે સમગ્ર વિશ્વના લાડીલા મહંત સ્વામી મહારાજ બન્યા છે. ૧૯૬૮માં ઊજવાયેલા પ્રમુખસ્વામીજીના પ્રથમ જન્મ-જયંતી ઉત્સવના યોજક મહંત સ્વામીજીના ઉત્સાહથી મુંબઈમાં આઠ જયંતી સમારોહ ઊજવાઈ ગયા, જેની સદાસ્મરણીય યશકલગી ૨૦૧૯માં ઉમેરાઈ ગઈ...




૨૦૧૯

નવી મુંબઈમાં બી.એ.પી.એસ. સંસ્થાનું નવું સોપાન – 'સ્વામિનારાયણ કલાકેન્દ્ર'નું લોકાર્પણ કરતા મહંત સ્વામી મહારાજ...


મુંબઈની ધરતી પર
ડી.વાય. પાટીલ
સ્ટેડિયમ ખાતે વિરાટ
ભક્તમેદનીએ કરી
ભાવવંદના...
98



## બ્રહ્મસ્વરૂપ

# પ્રમુખસ્વામી મહારાજ જન્મજયંતી મહોત્સવ

### પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં ઉજવાયો શાનદાર ભક્તિપૂર્ણ મહોત્સવ



જેમના અવતરણથી આ પૃથ્વી ધન્ય બની છે,
જેમનાં દર્શન અને સત્સંગથી અસંખ્ય લોકોને જીવન જીવવાની સાચી દિશા મળી છે,
જેમના જીવનથી અસંખ્ય લોકોનાં જીવતર ધન્ય બન્યાં છે,
જેમના સ્નેહભર્યા સાંનિધ્યમાં અસંખ્યને પરમાત્માના સાંનિધ્યની અને મોક્ષની આત્યંતિક પ્રતીતિ થઈ છે,
એવા ગુણાતીત સંતવિભૂતિ એટલે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ.

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી અને અખંડ ધારક ગુણાતીત સત્પુરુષ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૯૮મો જન્મજયંતી મહોત્સવ તાજેતરમાં મહાનગરી મુંબઈમાં ભવ્યતા અને દિવ્યતાથી ઊજવાઈ ગયો.

વિક્રમ સંવત ૨૦૭૬, માગશર સુદ ૮ ને બુધવાર, તા. ૪-૧૨-૨૦૧૯ના રોજ નવી મુંબઈ સ્થિત નેરૂલ ખાતે વિશાળ ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં ઊજવાયેલ આ મહોત્સવમાં ગુરુહરિને ભક્તિઅંજલિ અર્પવા દેશ-પરદેશના ૭૨,૦૦૦થી વધુ ભક્તો-ભાવિકો ઊમટ્યા હતા. અપરાહ્ને ૨-૦૦ વાગ્યાથી સ્ટેડિયમમાં પ્રવેશ આપવામાં આવતાં કાર્યક્રમની શરૂઆત પૂર્વે જ સમગ્ર સ્ટેડિયમ હકડેઠઠ ભરાઈ ચૂક્યું હતું. સાયંકાળે ૫-૩૦ વાગ્યાથી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન સાથે સંતો અને યુવકોના વૃંદે 'સંત પરમ હિતકારી...' અને 'જય હો જય હો પ્રમુખસ્વામી... મહંત સ્વામી...' મરાઠી કીર્તનગાનથી મહોત્સવનો પ્રારંભ કરાવ્યો.

સ્ટેડિયમની ચારેય બાજુએ સ્ટેન્ડ ઉપર અને વિશાળ લોન પર હકડેઠઠ ભક્તમેદની હતી. પશ્ચિમ બાજુએ વિશાળ મંચ શોભતો હતો. મંચની પાર્શ્વભૂમાં અક્ષરધામનાં શિખરોની આકૃતિ અને કલાત્મક કમાનો વચ્ચે વિવિધ કદના વિશાળ એલ.ઈ.ડી. સ્ક્રીન અદ્‌ભુત દૃશ્યાવલિઓને વહાવતા હતા. સાથે સાથે લાઈટિંગનું સંયોજન મંચની સજ્જા અને



**સ**તત ૪ કલાક સુધી મહંત સ્વામી મહારાજની સંનિધિમાં અદ્‌ભુત કાર્યક્રમે સૌને જકડી રાખ્યા...

## હરિભક્તોથી હકડેઠઠ ઊભરાતી ભક્તમેદની વચ્ચે ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ઐતિહાસિક અવસર ઊજવાઈ ગયો, જે મુંબઈના ઇતિહાસમાં અમર બની ગયો...

સ્ટેડિયમની સમગ્ર સજાવટમાં કંઈક અનોખો રંગ પૂરતું હતું.

મહાનગરી મુંબઈ અને પ્રમુખસ્વામી મહારાજનો નાતો ગંગા અને ગંગોત્રી સમાન છે. વર્ષો સુધી મુંબઈ પ્રમુખસ્વામી મહારાજનું સાંનિધ્ય પામી ધન્ય બન્યું છે. ઉલ્લેખનીય છે કે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની ઉપસ્થિતિમાં પ્રમુખસ્વામી મહારાજનો સર્વપ્રથમ વખત જન્મજયંતી ઉત્સવ સન ૧૯૬૮માં મુંબઈ ખાતે જ ઊજવાયો હતો ત્યારબાદ સાત જન્મજયંતીઓ (સન ૧૯૮૩, ૧૯૮૬, ૧૯૮૭, ૧૯૯૫, ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૯) અહીં ઊજવાતી રહી. એ અવસરના સાક્ષી રહેલા વિવેકસાગરદાસ સ્વામીએ મુંબઈ સાથેના પ્રમુખસ્વામી મહારાજનાં સંસ્મરણો અને એ પ્રસંગોને પોતાના ઉદ્‌બોધનમાં વણી લીધાં.

સન ૨૦૧૫માં પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવનો ઉદ્‌ઘોષ થયો ત્યારથી છેલ્લી ચાર જન્મ-જયંતીઓથી સૌનાં અંતરમાં એક જ ભાવના વહી રહી છે:

*'શત શત વરસ સરે, ગુરુ જીવનજ્યોત જલે;*
*પ્રમુખસ્વામીની જન્મશતાબ્દી, જગ જયકાર કરે...'*

એ શતાબ્દી અભિવંદના ગીતના તાલે બાળ-કિશોરવૃંદે ભક્તિનૃત્ય કરી ગુરુહરિનાં ચરણે ભાવઅર્ઘ્ય અર્પ્યું. પંક્તિના તાલે તાલે મંચની પાર્શ્વભૂમાં સ્ક્રીન પર પ્રમુખસ્વામી મહારાજની વિરલ સ્મૃતિઓનાં દર્શનથી સૌ પ્રભાવિત થઈ ઊઠ્યા હતા. કલાત્મક મંચ પર રજૂ થઈ રહેલા કાર્યક્રમોની સંગતથી રંગબેરંગી લાઈટોની રોશનીથી મંચ તેમજ સમગ્ર સ્ટેડિયમ ઝળહળી ઊઠ્યું હતું.

તદ્‌પશ્ચાત્ પ્રમુખસ્વામી મહારાજની જન્મશતાબ્દીનો મર્મ સમજાવતાં ડૉક્ટર સ્વામીએ કહ્યું: ''આ મહોત્સવમાંથી આપણે શો સંદેશો લઈને જવાનું છે? ભગવાન અને સંતનો મહિમા. ભગવાન આપણા હૃદયમાં બિરાજમાન છે. અનંત આશ્ચર્યકારી કાર્યો ભગવાનનાં છે. ભગવાનનું એક કાર્ય સમજણમાં આવે તો આપણું અભિમાન ચાલ્યું જાય.

પ્રમુખસ્વામી મહારાજે આ વાત સિદ્ધ કરી હતી. તેમનું જીવન અને કાર્યો અસામાન્ય હતાં. આપણે કલ્પના પણ ન કરી શકીએ એટલાં સન્માનો પ્રમુખસ્વામી મહારાજને મળ્યાં છે, પરંતુ તેઓને ક્યારેય માન-અભિમાન આવ્યું નથી. તેઓ






બી.એ.પી.એસ.ના **૩૦૦૦** કરતાં વધુ **યુવાનો-બાળકો**એ જુદી જુદી કલાત્મક અને રચનાત્મક પ્રસ્તુતિ કરીને **ગુરુહરિને** વધાવ્યા અને પોતાની ભક્તિભરી અંજલિ અર્પી...

હંમેશાં કહેતા, ‘સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પે કાર્યો થાય છે. અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના આશીર્વાદથી બધું થાય છે. સંતો-ભક્તો કાર્ય કરે છે.’ ‘હું’ અને ‘મારું’ આ શબ્દો તેમની ડિક્શનરીમાં નહોતા. ભગવાનને આગળ રાખીને બધાં કાર્યો કરતા હતા. તેમનું સંપૂર્ણ જીવન જોઈએ તો દરરોજના ૧૪ થી ૧૬ કલાક સેવા-ભક્તિ કરતા હતા. તેઓ ક્યારેય નાનામાં નાના માણસને પણ ભૂલ્યા નથી. શ્રીમદ્ ભગવદગીતામાં લખ્યું છે: નિર્માનમોહા જિતસંગદોષાઃ આ નિર્માનીપણું પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં હતું.

પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી આપણે પ્રેરણા લઈને જઈએ કે ‘બીજાના ભલા માટે કાર્ય કરવું છે.’ એવું લાગે કે મેં બીજાના ભલા માટે કર્યું છે પણ એવું નથી, તે આપણા પોતાના માટે થયું છે. ભગવાનની કૃપાથી આ કાર્યો થાય છે એવી સમજણ લઈને જઈશું તો જે ક્ષેત્રમાં આપણે છીએ તેમાં આપણી પ્રગતિ થશે, શાંતિ મળશે.’’

આજના અવસરે મહોત્સવના સાક્ષી બનવા માટે અહીં ઊમટેલા તેમજ દેશ-પરદેશમાં ઘરે બેઠા મહોત્સવનું જીવંત પ્રસારણ માણી રહેલા લાખો ભક્તો જે ક્ષણની પ્રતીક્ષા કરી રહ્યા હતા તે ઘડી આવી પહોંચીઃ મહોત્સવમાં મહંત સ્વામી મહારાજનું આગમન. કલાત્મક રથમાં વિરાજીને શ્રીહરિકૃષ્ણ મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની પૂર્ણ કદની પ્રતિમા સાથે મહંત સ્વામી મહારાજે રથમાં બિરાજીને મહોત્સવ સ્થળે પદાર્પણ કર્યું. રથ સમગ્ર સ્ટેડિયમમાં ગોળાકાર ઘૂમ્યો ત્યારે સ્વામીશ્રીનાં નજીકથી દર્શન કરીને એ હજારો ભક્તોએ કૃતાર્થતા અનુભવી. આ ક્ષણને સૌએ ગગનભેદી જયનાદો તેમજ બી.એ.પી.એસ.નાં ધ્વજ લહેરાવી વધાવી લીધી. આ દરમ્યાન મંચ પર ‘પ્રમુખરાજ ઢોલ’ના ૬૦ મહારાષ્ટ્રીયન ખાનદેશી યુવકોએ ઢોલના ગગનભેદી નાદ સાથે સ્વામીશ્રીના આગમનની છડી પોકારી. તે સાથે જ મંચ પર સ્વાગત નૃત્યનો આરંભ થયોઃ

*આજ શુભદિન આયો ધરા પર, આનંદ ચહુ ઓર છાયા;*
*ગુરુજી પ્રમુખસ્વામી કે રૂપ મે, સ્વરૂપ હરિ કા પાયા...*
*પધારો હરિકૃષ્ણ મહારાજ... પધારો પ્રમુખસ્વામી*



**સ્વા**મીશ્રીના રથનું વહન કરતા શ્રી વિજયભાઈ ડી. વાય. પાટીલ દિવ્ય પળોમાં ખોવાઈ ગયા...

## ૭૨,૦૦૦ થી વધુ દર્શનાર્થીઓને પ્રમુખસ્વામી મહારાજ સાથે મહંત સ્વામી મહારાજનાં દર્શન નજીકથી થયા ત્યારે સ્ટેડિયમમાં ભક્તિનું અનોખું મોજું ફરી વળ્યું...

*મહારાજ... પધારો મહંત સ્વામી મહારાજ...*

ભારતનાં વિવિધ પ્રાદેશિક નૃત્યોના તાલે જોશીલું સ્વાગત નૃત્ય કરી બાળ-યુવાઓએ ગુરુ અને હરિનું સ્વાગત કર્યું ત્યારે વાતાવરણમાં અનોખી ઉત્તેજના છવાઈ ગઈ. ડી. વાય. પાટીલ સ્ટેડિયમના માલિક શ્રી ડૉ. વિજયભાઈ પાટીલ ખૂબ ભક્તિ અને ગૌરવની અનુભૂતિ સાથે સ્વામીશ્રીનો રથ હંકારી રહ્યા હતા. વિશાળ ભક્તમેદની વચ્ચેથી પસાર થઈને રથ મંચ પાસે આવી પહોંચ્યો. દેવસ્વરૂપોના વેશમાં સજ્જ બાળકોએ પુષ્પવર્ષા કરી સ્વામીશ્રીને વધાવ્યા. રથ પરથી ઊતરીને સ્વામીશ્રી ઠાકોરજી સહિત દર્શનાર્થીઓની આગળ બનાવવામાં આવેલા વિભાગમાં મંચ સમક્ષ બિરાજ્યા. સ્વામીશ્રીની બંને બાજુ વરિષ્ઠ સંતો તેમજ મહાનુભાવો બિરાજમાન હતા. જેમાં ભારતના ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, પૂર્વ ગવર્નર અને વિખ્યાત શિક્ષણકાર શ્રી ડી. વાય. પાટીલ, મહારાષ્ટ્રના વિધાનસભાના વિપક્ષનેતા અને પૂર્વ મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ, દુબઈના પ્રસિદ્ધ બિઝનેસમેન શ્રી બી. આર. શેટ્ટી, ડૉ. શ્રી વિજયભાઈ ડી. વાય. પાટીલ, ભાજપના ગુજરાત પ્રદેશપ્રમુખ શ્રી જીતુભાઈ વાઘાણી, ડૉ. આજિંક્ય ડી. વાય. પાટીલ સહિત અનેક મહાનુભાવો અને પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી અને પૂજ્ય ઘનશ્યામ-ચરણદાસ સ્વામી વગેરે બિરાજ્યા હતા. આ ઉપરાંત મહોત્સવની વિશાળ ભક્તમેદની વચ્ચે મુંબઈની અનેક નામાંકિત હસ્તીઓ પણ મહોત્સવને મનભરીને માણી રહી હતી.

કાર્યક્રમનો મધ્યવર્તી વિચાર હતો – 'પ્રમુખસ્વામી મહારાજનો દિવ્ય સ્પર્શ.'

પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય સ્પર્શથી કરોડો લોકો ધન્ય થયા છે. એ અલૌકિક સ્પર્શે અનેકના જીવનમાં દિવ્યતાની શૃંખલા સર્જી છે. પ્રમુખસ્વામી મહારાજની પવિત્ર વાણી, તેમનું સાંનિધ્ય કે તેમના સ્મરણ અને પ્રાર્થનામાત્રથી તેમનો દિવ્ય સ્પર્શ મેળવનારા લાખો લોકો પોતાના આનંદમય જીવનનું શ્રેય પ્રમુખસ્વામી મહારાજને આપી

રહ્યા છે. તેમની દૃષ્ટિ જેમના પર પડી તેમનું જીવન સફળ થઈ ગયું. જેના કાનમાં સ્વામીશ્રીની વાણીનો સ્પર્શ થયો તેમના જીવનની કંઈક સમસ્યાઓનું સમાધાન થઈ ગયું.

એટલે જ સૌના મુખેથી ભાવના વહે છે, 'Your birth on our earth made my world special, made our world special.' એટલે જ સૌનું હૈયું ગાઈ રહ્યું છે - *'પૂર્વનાં પુણ્ય ફળ્યાં, જીવન આધાર મળ્યા, સ્વામી તારા રૂપે આજ શ્રીજી મળ્યા...'* મંચ પર એ ભાવ રજૂ કરતાં યુવાનોએ ભાવનૃત્ય પ્રસ્તુત કર્યું.

આધુનિક વિશ્વની અનેક સમસ્યાઓનું સમાધાન આપવા પ્રમુખસ્વામી મહારાજ જીવનભર પ્રયત્નશીલ રહ્યા છે. જેમ કે વ્યસનની સમસ્યા, હતાશાની સમસ્યા, ક્રોધ અને અહંકારની સમસ્યા, વિસંવાદિતાની સમસ્યા અને અશ્રદ્ધાની સમસ્યા. આજના કાર્યક્રમમાં આ પાંચ સમસ્યાઓ અને તેના સમાધાનમાં પ્રમુખસ્વામી મહારાજે કરેલા પ્રયાસોની આકર્ષક અને રોમાંચક રજૂઆત થઈ હતી. પ્રત્યેક સમસ્યાના સમાધાનના અંતે સૌ પ્રાર્થના દ્વારા પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે ચાલીને પોતાના જીવનમાં એ સમસ્યાઓનું સમાધાન કરવા પ્રતિજ્ઞાબદ્ધ થતા હતા. ભાવમય વાતાવરણમાં રજૂ થયેલી આ પાંચ સમસ્યાઓની અહીં ઝાંખી કરીએ.



**વ્યસનની ગૂંગળામણ દૂર થઈ છે, જ્યારે પ્રમુખસ્વામીજીનો દિવ્ય સ્પર્શ મળ્યો છે...**

વ્યસનના માર્ગે ચડી માણસ અધોગતિ નોતરે છે. આવા અનેક માર્ગ ભૂલેલાઓના ભોમિયા બન્યા હતા પ્રમુખસ્વામી મહારાજ. તેનું સુંદર નિદર્શન કરતી એક વિશિષ્ટ પ્રસ્તુતિ મંચ પર રજૂ થઈ. જેમાં વ્યસની વ્યક્તિ વ્યસનના ધુમાડાથી છૂટવાનો પ્રયત્ન કરે છે, પણ વ્યસનનો ધુમાડો તેને છોડતો નથી. હવાતિયાં મારતાં એ યુવાનને પ્રમુખસ્વામી મહારાજના હાથનો દિવ્ય સ્પર્શ મળતાં જ તેને વ્યસન સામે લડવાની શક્તિ મળે છે, તે ભાવ સાથે મંચ પરની વિશાળ વીડિયો-સ્ક્રીન પર એનિમેશન અને નૃત્ય-નાટ્યની રજૂઆત થઈ. સ્વામીશ્રીના આશીર્વાદથી વ્યસનની ચુંગાલમાંથી છૂટેલી આવી અસંખ્ય વ્યક્તિઓમાંના એક હતા, શ્રી હર્ષદભાઈ બ્રહ્મભટ્ટ. રિલાયન્સના કોર્પોરેટ અફેર્સના સિનિયર વાઇસ પ્રેસિડન્ટ શ્રી હર્ષદભાઈએ સ્વાનુભવ વર્ણવતાં કહ્યું,

''મને બાળપણથી જ બીડી-સિગારેટ પીવાની ટેવ પડી ગયેલી. સ્કૂલના અભ્યાસકાળ દરમ્યાન પણ રોજ લગભગ વીસથી પચ્ચીસ બીડી પીતો હતો. જેમ જેમ ઉંમર વધતી ગઈ તેમ તેમ મારી આદતો બદલાતી ગઈ. બીડીનું સ્થાન સિગારેટે લઈ લીધું. છેવટે હું દિવસની ૪૦થી ૪૫ સિગારેટ પીતો થઈ ગયો. ૩૫ વર્ષ સુધી હું ચેઈન સ્મોકર હતો. અતિશય સિગારેટ પીવાને કારણે મારાં ફેફસાં નબળાં થવાં લાગ્યાં. મેં પ્રામાણિકપણે વ્યસન છોડવાના પ્રયત્નો કર્યા, પરંતુ નિષ્ફળ. અનેક ધર્મસ્થાનોમાં તેમજ મારા દીકરાના જન્મ સમયે સૌરાષ્ટ્રના પ્રખ્યાત મંદિરમાં મારી પત્નીએ દીકરાના મસ્તક પર હાથ મુકાવીને સિગારેટ નહીં પીવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. મારા પિતાજીના અગ્નિસંસ્કાર વખતે પણ વ્યસન છોડવાની પ્રતિજ્ઞા લીધેલી, પરંતુ જ્યારે જ્યારે પ્રતિજ્ઞા લીધી ત્યારે ચોવીસ કલાક પણ તે ન ટકી.

આ સ્થિતિમાં એકવાર મને અમદાવાદ સ્થિત શાહીબાગ ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે દર્શન કરવાનું સૌભાગ્ય મળ્યું. ત્યાં બ્રહ્મવિહારી સ્વામીને મારા વ્યસનની વાત કરી. તેઓ મને પ્રમુખસ્વામી મહારાજ પાસે લઈ ગયા. મેં વિનમ્રભાવે મારા વ્યસનની સઘળી વાત સ્વામીબાપાને કરી. આ ક્ષણ મારા જીવનની ચમત્કારિક ક્ષણ હતી. તે ક્ષણે મારા જીવનની દિશા બદલી નાખી. પ્રમુખસ્વામી મહારાજે મને કહ્યું, 'તમને તો કંઈ વ્યસન નથી. આવનારા સમયમાં તમે કેટલાય લોકોને વ્યસનમુક્ત

કરવાના નિમિત્ત બનશો.' મને ખૂબ જ આશ્ચર્ય થયું. પછી બાપાએ મને કંઠી પહેરાવી આશીર્વાદ આપ્યા એ જ ક્ષણથી જાણે સ્વિચ બંધ થાય અને ટ્યૂબલાઈટ બંધ થાય તેમ મારું વ્યસન છૂટી ગયું. વ્યસન એ હદે છૂટી ગયું કે અત્યારે મારી આજુબાજુ કોઈ બીડી-સિગારેટ પીએ તે પણ મને ગમતું નથી. આ ફક્ત એક મહાન સંતની કૃપાનું ફળ છે. તેમના આશીર્વાદ શબ્દશઃ સાકાર થયા. અને આજે હું બીજાને વ્યસનમુક્ત કરવાનો નિમિત્ત બની રહ્યો છું.

પ્રમુખસ્વામી મહારાજની આવી કૃપા પ્રાપ્ત કરવાવાળો હું એકલો નથી. મારા જેવા ૪૦ લાખ ભાગ્યશાળીઓ છે, જે સ્વામીબાપાની કૃપાથી વ્યસનમુક્ત બન્યા છે. આવા લાખો લોકોની જિંદગીમાં જ્યોત બનીને પ્રકાશ ફેલાવ્યો છે - પ્રમુખસ્વામી મહારાજે. તેમનાં ચરણોમાં કોટિ કોટિ વંદન.''

પ્રમુખસ્વામી મહારાજે અનેકને વ્યસનમુક્ત કર્યા છે, તેમાંના કેટલાક લોકોના હૃદયસ્પર્શી સ્વાનુભવો વીડિયો દ્વારા સૌએ માણ્યા. અંતે, સૌ પ્રતિજ્ઞાબદ્ધ થયાઃ

*'ધન્ય હમ હૈં પ્રમુખસ્વામી, આપને અપના લિયા,*
*ઉલઝનોં કે ઘોર તમ મેં, હૃદયદીપ જલા દિયા.*
*યહી પ્રતિજ્ઞા હૈ હમારી, વ્યસન બંધન તોડેંગે,*
*દૂસરોં કો વ્યસનમુક્તિ કે સુપથ પર મોડેંગે.'*



**નિરાશાનાં જાળાં દૂર થયાં છે, જ્યારે પ્રમુખસ્વામીજીનો દિવ્ય સ્પર્શ મળ્યો છે...**

વિશ્વ સમક્ષ બીજી વિકરાળ સમસ્યા છે – નિરાશાની. જીત-હારના ચઢાવ-ઉતારનો પ્રવાહ માણસને નિરાશામાં ખૂંપાવી દે છે. જીવન અંધકારમય બની જાય છે. એવી અનેક વ્યક્તિઓનાં જીવનમાં પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય સ્પર્શે નિરાશાનો અંધકાર હટાવીને આનંદ-ઉજાસ પાથર્યા છે. મંચ પર તેની રોમાંચક પ્રસ્તુતિ યુવાનોએ નૃત્ય સંયોજન સાથે કરી. નિરાશાના આવા અંધકારમાંથી પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય સ્પર્શે બહાર આવેલાઓમાંના એક એટલે શ્રી અરુણભાઈ ઠક્કર. તેઓ આ પ્રસ્તુતિના ભાગ રૂપે મંચ પર ઉપસ્થિત થયા.

તેઓનો જીવનપ્રસંગ વર્ણવતાં આત્મતૃપ્તદાસ સ્વામીએ જણાવ્યું, 'મુંબઈના ચેમ્બુર વિસ્તારમાં રહેતા અરુણભાઈ ઠક્કરના જીવનમાં એક એવો વળાંક આવ્યો કે તેઓ દેવામાં સપડાઈ ગયા. એક દેવું ભરવા બીજું દેવું કર્યું અને તેને ભરવા ત્રીજું દેવું કર્યું. આમ દેવાના ચક્કરમાં એવા ફસાઈ ગયા કે નીકળવું અસંભવ હતું. રોજની લેણદારોની ઉઘરાણી અને ધમકીઓથી તેઓ ખૂબ ત્રાસી ગયા હતા. બીજી તરફ માનસિક તણાવને કારણે પારિવારિક સંબંધો પણ બગડવા લાગ્યા હતા. વ્યવસાયની કઠિનતાઓથી દૂર ભાગીને જ્યારે તેઓ ઘરે પહોંચતા ત્યારે પારિવારિક ઝઘડાઓ તેમના મનને ત્રસ્ત કરી દેતા. આ સમસ્યાઓથી બચવા માટે તેમણે વ્યસનનો સહારો લીધો. રોજની પચાસ બીડી અને બે પેકેટ સિગારેટ પીવા લાગ્યા. અંતે નિરાશ થઈને તેઓએ આત્મહત્યા કરવાનો નિર્ણય કર્યો. જીવન ટૂંકાવવા ઘરેથી નીકળી ગયા, પણ તેઓને છેલ્લી વાર સારંગપુર તીર્થમાં શ્રી હનુમાનજીનાં દર્શન કરવાની ઇચ્છા થઈ. સારંગપુર આવ્યા ત્યારે તેઓ અનાયાસે જ અહીંના બી.એ.પી.એસ. મંદિરમાં પહોંચી ગયા. તેમણે જોયું તો ઘણા લોકો ખૂબ ઉત્સાહ અને ઉમંગથી એક દિશા તરફ જઈ રહ્યા હતા. પૂછપરછ કરતાં ખબર પડી કે સૌ પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરવા જઈ રહ્યા છે. અરુણભાઈ પણ તે લોકો સાથે ભળી ગયા અને સભામાં બેસી ગયા. થોડીવાર પછી પ્રમુખસ્વામી મહારાજ પધાર્યા. અરુણભાઈ માટે પ્રમુખસ્વામી મહારાજનાં દર્શનનો આ પ્રથમ જ અવસર હતો. શાંત, સૌમ્ય સ્વામીશ્રીની મુખાકૃતિનાં દર્શન થતાં જ અરુણભાઈનો સમગ્ર ઉદ્વેગ શમી ગયો. ચિંતાઓ દૂર થઈ ગઈ અને હૃદય-મન હળવું અને

પ્રફુલ્લિત થઈ ગયું. તેમને લાગ્યું કે આ સંતવિભૂતિએ જાણે મારો હાથ પકડી લીધો છે! આત્મહત્યાનો વિચાર છોડીને તેઓ સારંગપુરમાં જ થોડા દિવસો રોકાઈ ગયા. નિત્ય દર્શન-સત્સંગલાભ લેતા રહ્યા. એક દિવસ અત્યંત નજીકથી પ્રમુખસ્વામી મહારાજનાં દર્શનનો અવસર મળતાં તેમના મનમાંથી નકારાત્મકતા સંપૂર્ણ નીકળી ગઈ. સકારાત્મક શક્તિનો સંચાર થયો. બહારની પરિસ્થિતિ તો એ જ હતી પણ અરુણભાઈ હવે અંદરથી બદલાઈ ચૂક્યા હતા. પ્રમુખસ્વામી મહારાજ પાસેથી દિવ્ય ઊર્જા પામીને તેઓ જ્યારે મુંબઈ પરત ફર્યા ત્યારે અન્યને પણ અરુણભાઈમાં કંઈક પરિવર્તન અનુભવાયું. તેઓ ખૂબ હિંમતથી પોતાની વ્યાવસાયિક તકલીફોને દૂર કરવામાં લાગી ગયા. તેઓને લાગ્યું કે સ્વામીજીના આશીર્વાદ મારી સાથે જ છે. આમ, એક પછી એક કાર્ય સિદ્ધ થતું ગયું. ધીરે-ધીરે સફળતાઓ મળવા લાગી. દેવામાંથી બહાર નીકળવા લાગ્યા. વ્યસન છૂટી ગયું. પરિવાર પણ શાંતિ અને આનંદનો અનુભવ કરવા લાગ્યો.

પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન થયાં ત્યારથી લઈને અત્યાર સુધી અરુણભાઈના મનમાં એક પણ વાર આત્મહત્યાનો નકારાત્મક વિચાર આવ્યો નથી. આજે સમગ્ર પરિવાર ખુશ છે. એટલું જ નહીં તેમનો પરિવાર આજે બીજાને સુખ મળે તે માટે સત્સંગની સેવા કરી રહ્યો છે.

આવા તો લાખો લોકો અને પરિવારો છે જે ઘોર નિરાશાના અંધકારમાંથી તેમને બહાર લાવનાર ગુરુવર્ય પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી રહ્યા છે. તેમનો સ્પર્શ વ્યક્તિને દુઃખ અને હતાશાથી જ નહીં, મૃત્યુના ભયથી પણ ઉપર લઈ જઈ નિર્ભય બનાવે છે.'

જીવનના આવા અનેક ઉતાર-ચઢાવમાંથી નિર્ભય થયેલા એક નીડર યુવાનની ગાથા પણ અહીં વીડિયોના માધ્યમથી રજૂ થઈ. એ યુવાન હતો - શિકાગો નિવાસી નિરલ પટેલ. નિરલનો જન્મ થયો ત્યારથી જ તેની કિડની યોગ્ય રીતે કામ કરતી નહોતી. ડૉક્ટરે પહેલી વાર સર્જરી કરી ત્યારે તેની ઉંમર માત્ર ૧૫ મહિનાની હતી. ત્યારે જ તેની બંને કિડનીઓ કાઢી નાખવામાં આવી. ૩૫ વર્ષના આયુષ્યમાં તેના શરીર પર કુલ ૭૪ સર્જરીઓ થઈ ચૂકી હતી. ચાર વખત તો કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી. ચોથી ટ્રાન્સપ્લાન્ટ સર્જરી નિષ્ફળ નીવડી ત્યારે તેનું શરીર હવે વધુ સર્જરી સહન કરવા સક્ષમ રહ્યું નહોતું. ડૉક્ટરોએ કેસ બંધ કરી દીધો અને કહ્યું, 'નિરલના શરીર પર એટલા બધા ટાંકાઓ છે કે હવે બીજા ટાંકા લગાવવાની જગ્યા જ નથી!' નિરલને આ સર્જરીઓથી અસહ્ય દુઃખાવો થઈ રહ્યો હતો, પરંતુ તેણે ક્યારેય તેનો હરફ ઉચ્ચાર્યો નહોતો. તેની આવી પરિસ્થિતિ જોઈને ઘણીવાર તેની માતા રડવા લાગતી ત્યારે તે કહેતોઃ 'ક્યાં છે તમારી શ્રદ્ધા? હિંમત રાખો. તમારે મારા દુઃખે ક્યારેય ન રડવું. મને આનંદ છે.'

નિરલને ભગવાન સ્વામિનારાયણ અને ગુરુ પ્રમુખસ્વામી મહારાજમાં અપાર શ્રદ્ધા હતી. તેને વિશ્વાસ હતો કે તેઓ મારી સાથે જ છે. તેના દુઃખ વિષે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું હતુંઃ 'અત્યારે મને પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય સુખનો જે અનુભવ થઈ રહ્યો છે તે અનંત છે. કદાચ મારામાં કંઈ ખામી હશે એટલે આવું બન્યું, પરંતુ ભગવાનનો આભાર કે તેમણે મારા કાન સારા રાખ્યા છે, ભજન સાંભળવા માટે. હાથ સલામત રાખ્યા છે, માળા ફેરવવા માટે. મારે આનાથી વિશેષ બીજું શું જોઈએ?

સન ૧૯૯૭માં પ્રમુખસ્વામી મહારાજે મને તેમનું ગાતરિયું ઓઢાડ્યું હતું. અને મને અક્ષરધામમાં લઈ જવાનો કોલ આપ્યો હતો. પછી મેં ક્યારેય દુઃખ અનુભવ્યું નથી.'

અનેક શારીરિક તકલીફો વચ્ચે પણ નિરલ ક્યારેય હતાશ-નિરાશ થયો નહોતો. તે હંમેશાં વિચારતો કે ભગવાનની મરજીથી જ બધું થાય છે અને પ્રમુખસ્વામી મહારાજ મને અક્ષરધામમાં લઈ જશે. તેનો આ વિશ્વાસ અંતિમ પળ સુધી એવો ને એવો રણકતો રહ્યો.


ભલભલાને નિરાશા ઉત્પન્ન કરે તેવી પરિસ્થિતિમાં પણ પ્રમુખસ્વામી મહારાજનો દિવ્ય સ્પર્શ હિંમત આપી આશા પ્રેરનારો હતો. તેથી જ પ્રમુખસ્વામી મહારાજના સંગે હતાશામુક્ત થઈને હિંમતવાન થવા સૌ પ્રતિજ્ઞાબદ્ધ થયાઃ

*'યહી પ્રતિજ્ઞા હૈ હમારી, હાર માનેંગે નહીં,*
*ગિર ગયે તો ક્યા હુઆ ઉઠકર ચલેંગે ફિર સહી...'*

---

મહોત્સવમાં જેમણે પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય સ્પર્શની સ્વાનુભૂતિઓ રજૂ કરી અને સંતોએ પણ જેમની અનુભૂતિઓ રજૂ કરી...

**શ્રી હર્ષદભાઈ બ્રહ્મભટ્ટ**


**શ્રી અરુણભાઈ ઠક્કર**


**શ્રી નિરલ પટેલ**


**શ્રી હેમંતભાઈ પટેલ**


**શ્રી કનુજી ઠાકોર**


**શ્રી દિલીપભાઈ જોષી**




**અહંકાર-ક્રોધના ભાવો શમ્યા છે, જ્યારે પ્રમુખસ્વામીજીનો દિવ્ય સ્પર્શ મળ્યો છે...**

દુનિયા સામે ત્રીજી સૌથી મોટી સમસ્યા છે – અહંકાર અને ક્રોધની. ક્રોધ માનવીને બરબાદ કરે છે. અહંકાર અને ક્રોધની પ્રસ્તુતિ એક કથક નૃત્ય દ્વારા થઈ.

અહંકાર અને ક્રોધની આવી જ જ્વાળાઓમાં બળતા લોકોમાંના એક હતા હેમંતભાઈ પટેલ. મૂળ અમદાવાદના વતની અને હાલ યુ.એસ.એ.માં શિકાગો ખાતે સ્થાયી થયેલા હેમંતભાઈએ જણાવ્યુંઃ 'સન ૧૯૮૫માં ગુણાતીતાનંદ સ્વામીનો દ્વિશતાબ્દી મહોત્સવ અમદાવાદમાં ઊજવાયો હતો. ૬૦ દિવસના આ મહોત્સવમાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા વિશાળ સ્વામિનારાયણ નગરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. તેનાં દર્શનાર્થે લાખો લોકો આવશે એટલે અહીં ધંધો ખૂબ સારો થશે અને આવક પણ સારી થશે, એ વિચારથી મારા મિત્રોની સાથે મેં સ્વામિનારાયણ નગરમાં એક સ્ટોલ રાખ્યો હતો. પણ થયું કંઈક અલગ જ. ધંધો નહોતો થઈ રહ્યો. મારા બધાં સપનાં તૂટી પડતાં મનમાં ગુસ્સો વધી રહ્યો હતો. આમ પણ મને નાનપણથી જ સાધુ-સંતો અને સંપ્રદાયો પ્રત્યે ખૂબ નફરત. આ નફરત દર્શાવવાનો એક મોકો પણ હું છોડતો નહોતો. એવી પરિસ્થિતિમાં આવું થયું. તેથી આ માટે હું વગર કારણે પ્રમુખસ્વામી મહારાજને દોષી માનવા લાગ્યો. તેમના માટે મેં ગમે તેમ બોલવાનું શરૂ કર્યું. સ્વામીજીનું નામ દઈને હું જાહેરમાં અપશબ્દો બોલતો હતો. પ્રમુખસ્વામી મહારાજની એક છબિ-મૂર્તિનું મેં એ રીતે જાહેરમાં અપમાન કર્યું કે તેને કહેવું પણ યોગ્ય નથી.

આ વાતને ત્રણ વર્ષ વીત્યાં. એ દરમ્યાન મેં પ્રમુખસ્વામી મહારાજ વિશે જાણ્યું. તેમની પવિત્રતા, નિઃસ્વાર્થ સેવાભાવના, અપ્રતિમ પરમાત્મભક્તિ, આ બધું જાણીને મને મારાં કરેલાં કર્મ માટે પસ્તાવો થવા લાગ્યો કે મારાથી આવા મહાન સંતનો અપરાધ થઈ ગયો છે. મારે તેમની માફી માગવી જોઈએ. એટલે હું ૯ એપ્રિલ, ૧૯૮૯ના દિવસે સારંગપુર પ્રમુખસ્વામી મહારાજ પાસે પહોંચ્યો. મેં તેમને નિઃસંકોચપણે બધું જ જણાવી દીધું. હું વિચારી રહ્યો હતો કે મેં કરેલા તેઓના ઘોર અપમાન બદલ તેમનો પ્રતિભાવ કેવો હશે? ગુસ્સે થશે કે કંઈક ઉપદેશ આપશે? પણ તેઓ તો એકદમ શાંત હતા. મને ખૂબ પ્રેમથી આશીર્વાદ આપતાં પ્રમુખસ્વામી મહારાજે કહ્યું, 'તમે જે કંઈ કહ્યું, જે કંઈ કર્યું એ બધું ભૂલી જાઓ અને એક નવા જીવનની શરૂઆત કરો.' કેટલો સહજ પ્રતિભાવ! કોઈ રોષ નહીં, કોઈ સવાલ પણ નહીં. મારા હૃદય પરથી ભાર ઓછો થઈ ગયો. હું રડી પડ્યો. તેમણે મારું માથું તેમના ખોળામાં લઈને મને આશ્વાસન આપ્યું. મુલાકાત બાદ હું બહાર આવ્યો ત્યારે મારા હૃદયમાં એકદમ શાંતિ હતી. પણ મનમાં એક દહેશત હતી કે સ્વામીશ્રીએ મને માફ કર્યો પણ ભગવાન મને ક્યારેય માફ નહીં કરે. એ જ દિવસે થોડા સમય પછી મંદિરની સીડીઓ ચઢતાં ચઢતાં પ્રમુખસ્વામી મહારાજે દૂરથી મને જોયો. હું લોકોની વચ્ચે તેમનાં દર્શન માટે ઊભો હતો. તેઓ મારી પાસે આવ્યા અને મારા ખભા પર હાથ મૂકીને કહ્યું, 'હવે દુઃખી ન થઈશ. પોતાને અપરાધી પણ ન માનીશ. તારી કોઈ ભૂલ જ થઈ નથી.' તેમના ચહેરા પર જે ભાવ હતા તે જોઈને મને વિશ્વાસ થઈ ગયો કે હવે તો ભગવાને પણ મને માફ કરી દીધો છે!

પ્રમુખસ્વામી મહારાજની એ ક્ષમાભાવના ને વિનમ્રતાએ મારા સમગ્ર જીવનને બદલી નાંખ્યું. તેઓના આશીર્વાદથી આજે હું અમેરિકામાં સ્થાયી છું. મારા બંને દીકરા પોતાની કારકિર્દીમાં ખૂબ પ્રગતિ કરી રહ્યા છે. હું એક ફોટોગ્રાફર છું અને ઘણીવાર મને પ્રમુખસ્વામી મહારાજના ફોટોગ્રાફ્સ

લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. એમનો પ્રભાવ તો જુઓ! જેમની છબિનું મેં ઘોર અપમાન કર્યું હતું તેમની જ છબિને મારા કેમેરામાં કેદ કરવામાં મને અપાર શાંતિ મળવા લાગી. વિનમ્રતા અને અહંશૂન્યતાની એ છબિઓ જોઈને આજે પણ મારી આંખો સજળ બને છે.'

ભાવમય બનીને તેમણે રજૂ કરેલા સ્વાનુભવની સાથે તેમણે લીધેલી સ્વામીશ્રીની છબીઓ પણ વીડિયો સ્ક્રીન પર પ્રસ્તુત થઈ.

આનંદસ્વરૂપદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજની અહંશૂન્યતાનું દર્શન કરાવતાં જણાવ્યું, 'પ્રમુખસ્વામી મહારાજના સત્સંગથી હેમંતનું પરિવર્તન થયું. આ અનુભવ માત્ર હેમંતનો જ નહીં, પરંતુ હજારો હરિભક્તોનો પણ છે. કારણ કે સ્વામીશ્રી અહંશૂન્યતાની મૂર્તિ હતા.

પ્રમુખસ્વામી મહારાજને અસંખ્ય કાર્યોમાં પૂર્ણ સફળતા પ્રાપ્ત થઈ હતી.

એમનાં કેટલાંય કાર્યો એવાં છે કે જેને વિશ્વસ્તરે ખૂબ ખ્યાતિ પ્રાપ્ત થઈ છે. એમાંથી એક છે – દિલ્હીનું સ્વામિનારાયણ અક્ષરધામ. ગિનીસ બુક ઓફ વર્લ્ડ રૅકોર્ડ્સમાં તેને બિરદાવવામાં આવ્યું છે. મુલાકાતીઓને અક્ષરધામનું પ્રત્યેક અંગ ચમત્કારિક લાગે છે. પરંતુ અક્ષરધામનું નિર્માણ માત્ર પાંચ વર્ષમાં જ પૂર્ણ થયું છે એ વાત જાણીને તો સૌને અપાર આશ્ચર્ય અનુભવાય છે. પદ્મવિભૂષણ ખિતાબથી સન્માનિત ખ્યાતનામ કલાકાર તેમજ આર્કિટેક્ટ સતીશ ગુજરાલે કહ્યું હતું કે મારા અનુભવ પ્રમાણે અક્ષરધામ જેવાં ભવ્ય સંકુલ બનવામાં પચાસ વર્ષ લાગવાં જોઈતાં હતાં, પણ મને લાગે છે કે ભગવાનની જ શક્તિથી એ કાર્ય પાંચ વર્ષમાં પૂર્ણ થયું છે. બ્રહ્મલીન મહામંડલેશ્વર સ્વામી સત્યમિત્રાનંદગિરિજીએ પ્રમુખસ્વામી મહારાજને કહ્યું હતું કે 'આપે એવું સર્જન કર્યું છે કે સ્વયં બ્રહ્માજીને પણ આશ્ચર્ય થતું હશે કે મને તો સૃષ્ટિ બનાવતાં અનેક વર્ષ લાગ્યાં, પણ આ અક્ષરધામ પાંચ વર્ષમાં કેવી રીતે થઈ ગયું! સ્વામીજી આપ અવતારી પુરુષ છો, નહીં તો આવું ધામ બનવું સંભવ નથી.'

અમેરિકાના ઍમ્બેસેડર શ્રી મલ્ફર્ડે અક્ષરધામ જોઈને સહજતાથી કહ્યું હતું, 'પાંચ વર્ષમાં આવું કાર્ય કોઈ કરી ન શકે. હું બે વર્ષથી ભારતમાં રહું છું. આ એક એવો દેશ છે, જ્યાં અનેક ભાષા છે, અનેક રીતિ-રિવાજ છે. કોઈ પરદેશી સમગ્ર જીવન જો આ દેશમાં વિતાવે તો પણ આ દેશની સંસ્કૃતિને સમજવી મુશ્કેલ છે, પણ અક્ષરધામ નિહાળ્યા બાદ એટલું તો જરૂર લાગે છે કે આ દેશની સંસ્કૃતિને સમજવાનો પ્રારંભ કરવો હોય તો અક્ષરધામ પ્રથમ અને શ્રેષ્ઠ સ્થાન છે.'

વિશ્વના ૧૯૩ દેશોના કરોડો લોકો અક્ષરધામનાં દર્શને પધારી ચૂક્યા છે. અનેક દેશોના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, ઉપરાષ્ટ્રપતિ, ઉપવડાપ્રધાન, રાજવી પરિવારના સભ્યો પણ પધારી ચૂક્યા છે. જ્યાં સુધી પ્રમુખસ્વામી મહારાજ આ ધરા પર સશરીર હતા ત્યાં સુધીમાં પાંચ કરોડથી વધુ લોકો અક્ષરધામનાં દર્શને આવી ચૂક્યા હતા. એ સૌએ અક્ષરધામના નિર્માતા પ્રમુખસ્વામી મહારાજની અપાર પ્રશંસા કરી હતી, પણ પ્રમુખસ્વામી મહારાજને ક્યારેય પણ તેનું અભિમાન નહોતું આવ્યું કે ક્યારેય તેમણે અક્ષરધામની આ અજોડ સિદ્ધિનો યશ પોતાના શિરે લીધો નથી. તેઓ હંમેશાં એક જ વાત કરતા કે ભગવાન સ્વામિનારાયણની કૃપા, ગુરુ યોગીજી મહારાજના આશીર્વાદ, સંતો-ભક્તોની સેવાથી અક્ષરધામનું કાર્ય થયું છે. તેઓની આ વિનમ્રતા વિલક્ષણ હતી.

ક્યારેક લાચારીથી પણ માણસ વિનમ્ર થઈ શકે છે, ડર, સ્વાર્થ કે લોકપ્રિયતા મેળવવા પણ માણસ વિનમ્ર થઈ શકે છે, પણ સ્વામીશ્રીની વિનમ્રતાનાં મૂળમાં ભગવાન સ્વામિનારાયણનો સાક્ષાત્કાર હતો. તેઓ સૌમાં ભગવાન સ્વામિનારાયણનાં દર્શન કરતા હતા. તેઓ માનતા હતા કે ભગવાન સમુદ્ર સમાન છે તો તેઓ તેના એક બુંદ સમાન પણ નથી. આ અહંશૂન્યતાને કારણે જ તેમના જીવનમાં અખંડ સુખ, અખંડ શાંતિ અને અખંડ આનંદ હતાં.

જો આપણે પણ અખંડ આનંદનો અનુભવ કરવો હોય, ભગવાનને પ્રસન્ન કરવા હોય, સાચી સફળતાનો આસ્વાદ માણવો હોય તો તેમના જેવી વિનમ્રતા વગર એ શક્ય નથી. પ્રાર્થના કરીએ કે તેઓ આપણને વિનમ્રતાનું વરદાન આપે. એવા વરદાનનું સૌભાગ્ય પૂર્વ રાષ્ટ્રપતિશ્રી અબ્દુલ કલામને પણ પ્રાપ્ત થયું હતું. તેમણે પ્રમુખસ્વામી મહારાજની અહંશૂન્યતાનો અનુભવ કરીને પ્રમુખસ્વામી મહારાજને પોતાના સર્વોત્તમ ગુરુરૂપે સ્વીકાર્યા હતા.'

ત્યારબાદ વીડિયો પ્રસ્તુતિ થઈ, જેમાં ડૉ. અબ્દુલ કલામે પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં અનુભવેલી અહંશૂન્યતાનું કરેલું અદ્‌ભુત બયાન સૌએ માણ્યું.

સમયે સમયે થયેલી પ્રમુખસ્વામી મહારાજની મુલાકાતમાં ડૉ. કલામે પ્રમુખસ્વામી મહારાજની અહંશૂન્યતાને હૃદયથી અનુભવી હતી તે સ્મૃતિઓ તેમનાં સ્મૃતિદૃશ્યો અને ઇન્ટરવ્યૂ દ્વારા પ્રસ્તુત થઈ.

અંતે સૌએ પ્રતિજ્ઞા કરી કે,

*'યહી પ્રતિજ્ઞા હૈ હમારી, માન-ક્રોધ હટાયેંગે.*
*દાસ હોકર નમ્રતા સે શાંતિ ધ્વજ ફહરાયેંગે...'*



**વિસંવાદિતાના મનોરંગ દૂર થયા છે, જ્યારે પ્રમુખસ્વામીજીનો દિવ્ય સ્પર્શ મળ્યો છે...**

નશો, નિરાશાવાદ, અહંકાર-ક્રોધની સાથે દુનિયામાં અન્ય એક સમસ્યા છે – વિસંવાદિતાની.

પરિવાર કે સમાજમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ માટે સંવાદિતા અને એકતા હોવી જરૂરી છે. પરંતુ આજે સંવાદિતા ને બદલે વિસંવાદિતા સર્વત્ર ફેલાયેલી છે. કારણ કે સૌ પોતાની જ વિચારધારાને, પોતાના જ ધર્મને, પોતાના જ કર્મને સર્વશ્રેષ્ઠ માને છે. હું જ સાચો અને તું ખોટો, મારી માન્યતા જ સાચી અને તારી ખોટી. આ વિચારધારા જ વિસંવાદિતાનું મૂળ છે.

તે ભાવની રજૂઆત વીડિયો એનિમેશન અને વિશિષ્ટ નૃત્યની પ્રસ્તુતિ સાથે થઈ. અલગ અલગ માનવીઓના પ્રતીક સમાન રંગબેરંગી પક્ષીઓ કઈ રીતે રંગભેદ અને જાતિવાદના ઝઘડામાંથી સંવાદિતામાંથી વિસંવાદિતામાં ગરકાવ થઈ જાય છે, તેનું સુંદર નિદર્શન થયું. અનેકનાં જીવનમાં પ્રમુખસ્વામી મહારાજના સ્પર્શે એ વિસંવાદિતાને દૂર કરી છે, તેની પ્રસ્તુતિ પણ સુંદર હતી.

આ પ્રસ્તુતિ દરમ્યાન મંચ પર આવ્યા શ્રી કનુજી ઠાકોર. પ્રમુખસ્વામી મહારાજના સ્પર્શથી જ પારિવારિક વિસંવાદિતામાંથી સંવાદિતા તરફ વળેલા અનેક લોકોમાંના એક એટલે કનુજી ઠાકોર. તેમનો જીવનપ્રસંગ વર્ણવતાં અક્ષરવત્સલદાસ સ્વામીએ જણાવ્યું, 'પ્રકૃતિમાં અનેક રંગો છે, પરંતુ સૌને લાગે છે કે મારો રંગ જ શ્રેષ્ઠ છે. બસ, એટલા માટે જ સંઘર્ષ છે, ઝઘડા છે. જેનો અનુભવ અમદાવાદના કનુજી ઠાકોરને થયો હતો. સન ૨૦૦૨ના વર્ષમાં પારિવારિક પરંપરા અનુસાર કનુજીનાં લગ્ન થયાં હતાં. લગ્નના થોડા દિવસો સુધી તો બહારથી બધુ સારું દેખાતું હતું, પરંતુ થોડા મહિનામાં જ અંદરની જ્વાળાઓ બહાર આવવા લાગી. પતિ-પત્ની અને સાસુના ઝઘડા વિસ્ફોટની જેમ રોજ હેરાન-પરેશાન કરવા લાગ્યા. ક્યારેક ક્યારેક પતિ-પત્ની- સાસુના ઝઘડા એટલા વધી ગયા કે કનુજી રાત્રે ૨-૩ વાગે પોતાના સસરાને ફોન કરીને એવી વિનંતી કરતા હતા કે 'તમે તમારી દીકરીને અહીંથી લઈ જાઓ, હું તેની સાથે નહીં રહી શકું.' ૧૦ થી ૧૨ વર્ષ સુધી આ પારિવારિક ઝઘડો ચાલતો રહ્યો. અને તેનો સૌથી ખરાબ પ્રભાવ નાનાં બાળકો ઉપર પડતો હતો. અશાંતિ, ધિક્કાર, વિસંવાદિતાથી આખો પરિવાર સળગી રહ્યો હતો. હવે એક જ પરિણામ દેખાઈ રહ્યું હતું કે છૂટાછેડા. લગ્નજીવનનાં ૧૨ વર્ષ પછી છૂટાછેડા? નાનાં બાળકોનું શું થશે? પરિવારનું શું થશે? તે વિચારથી સૌ કંપી રહ્યાં હતાં.

પરંતુ ભગવાનને આ મંજૂર નહોતું. તેથી અચાનક એક દિવસ પરિસ્થિતિએ કરવટ બદલી. ક્યાંકથી ભગવાન સ્વામિનારાયણનો વચનામૃત ગ્રંથ કનુજીના હાથમાં આવ્યો. કનુજી વાંચનના શોખીન. તેઓ ગ્રંથ વાંચવા લાગ્યા ને તેમને લાગ્યું કે આ ગ્રંથ શાંતિદાયક છે, પ્રેરણાદાયક છે. વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે ગહન આધ્યાત્મિક વાતો ખૂબ સરળ ભાષામાં સમજાવી છે. તેનાથી આકર્ષાઈને કનુજી અમદાવાદમાં શાહીબાગ ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં ગયા, ત્યાં સત્સંગ સભા ચાલી રહી હતી. તેઓ સત્સંગસભામાં બેઠા. ત્યાં તેમને એક શબ્દ સાંભળવા મળ્યો – 'ઘરસભા'.

'ઘરસભા' એ પ્રમુખસ્વામી મહારાજની એક અનુપમ ભેટ છે, જે પારિવારિક એકતાની સંજીવની છે. પ્રમુખસ્વામી મહારાજ વારંવાર ઘરસભાને એ રીતે સમજાવતા કે દરરોજ અથવા અઠવાડિયામાં બે વાર પરિવારનાં તમામ સભ્યો ભેગાં થઈને ઘરમાં જ સત્સંગસભા કરે - જેમાં સમૂહપ્રાર્થના થાય, પવિત્ર ગ્રંથનું વાંચન થાય, પવિત્ર ચરિત્રોનું પણ વાંચન થાય અને એવી આધ્યાત્મિક ચર્ચા થાય કે તેમાં

બાળકો પણ સંમિલિત થાય. આ જ છે – ઘરસભા. ૧૫-૨૦ મિનિટની આ ઘરસભાએ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી અસંખ્ય પરિવારોને બદલી નાખ્યા છે અને એ અસંખ્ય પરિવારોમાં શાંતિ, સ્નેહ, સંવાદિતા, એકતાની વર્ષા વરસાવી છે.

ઘરસભાની એ વાત સાંભળીને કનુજી પોતાના ઘરમાં ઘરસભા કરવા માટે આકર્ષિત થઈ ઊઠ્યા. તેઓએ સન ૨૦૧૪થી ઘરસભાની શરૂઆત કરી. અને આજે સન ૨૦૧૯ ચાલી રહ્યું છે. પ્રમુખસ્વામી મહારાજે આપેલી નિયમિત ઘરસભા રૂપી એ સંજીવનીને કારણે કનુજીનો પરિવાર અને પારિવારિક જીવન આજે બદલાઈ ગયાં છે. કનુજીનો દરરોજ ભડકતો ગુસ્સો ઓછો થયો છે, પતિ-પત્ની અને સાસુ અને બાળકો વચ્ચે વિસંવાદિતાને બદલે હવે એવું સ્નેહ-બંધન થઈ ગયું છે કે કેટલાંય વર્ષોથી પરિવારમાં કોઈએ ઊંચા અવાજે વાત પણ નથી કરી. પરિવાર આજે પરસ્પર પ્રેમથી હર્યોભર્યો થઈ ગયો છે. ઘરમાં જ સૌ મંદિરની અનુભૂતિ કરી રહ્યા છે. તે કેવળ પ્રમુખસ્વામી મહારાજે આપેલી ઘરસભાને કારણે જ.

ઘરસભા એ પ્રમુખસ્વામી મહારાજનો એવો દિવ્ય સ્પર્શ છે. પ્રમુખસ્વામી મહારાજે ન કેવળ પરિવારોને સંવાદિતાથી જોડ્યા, પરંતુ વિભિન્ન વર્ગોને સંવાદિતાથી જોડ્યા, વિભિન્ન ગામોને પણ જોડ્યાં અને તેથીય વધુ, વિભિન્ન ધર્મોને પણ સંવાદિતાથી જોડવાનો અદ્‌ભુત પ્રયાસ કર્યો છે.'

સર્વધર્મઆદર અને સંવાદિતાની પ્રેરણા આપતો પ્રમુખસ્વામી મહારાજનો એક ઐતિહાસિક વીડિયો ત્યારબાદ પ્રસ્તુત થયો, જેમાં યહૂદીઓ અને ખ્રિસ્તીઓના યાત્રાધામ જેરુસલામમાં પધારેલા પ્રમુખસ્વામી મહારાજની જીવન-ભાવનાનું સૌએ દર્શન કર્યું. પ્રમુખસ્વામી મહારાજે જેરુસલામની પવિત્ર વેઈલિંગ વોલ પર પ્રાર્થના કરી હતી કે અહીં આવનાર સૌના શુભ સંકલ્પો પૂર્ણ થાય. સૌ જ્યાં પોતાની મનોકામનાઓની પ્રાર્થનારૂપે ચિઠ્ઠીઓ મૂકતા હતા ત્યાં સ્વામીશ્રીએ ઠાકોરજીનાં પ્રસાદીભૂત બે પુષ્પો પધરાવ્યાં અને કહ્યું, 'અહીં જેમણે પ્રાર્થના કરી છે તેની પૂર્તિ થાય તે માટે પ્રાર્થનારૂપે એક પુષ્પ અને ભવિષ્યમાં જે કોઈ પ્રાર્થના કરવા આવે તેની પૂર્તિ માટે બીજું પુષ્પ.'

આ વીડિયોની સાથે સાથે સન ૨૦૦૦માં યુનોમાં વિશ્વશાંતિ પરિષદમાં સ્વામીશ્રીએ આપેલા આશીર્વાદ અને પ્રેરણાવચનો પણ સૌએ માણ્યાં, જેમાં વિશ્વના ધર્મગુરુઓ સમક્ષ અદ્‌ભુત ઉદ્‌બોધન કરીને સ્વામીશ્રીએ સૌને સંવાદિતાની અદ્વિતીય પ્રેરણા આપી છે.

સંવાદિતાને જીવનમાં દૃઢ કરવાના સંકલ્પ સાથે સૌએ પ્રતિજ્ઞા કરીઃ

*'યહી પ્રતિજ્ઞા હૈ હમારી, રખેંગે સંવાદિતા,*
*મન હૃદય સે એક હોકર રખેંગે હમ એકતા...'*

મંચ પરની શાનદાર પ્રેરક પ્રસ્તુતિઓને નિહાળી રહેલા મહંત સ્વામી મહારાજ તથા વરિષ્ઠ સંતોની સાથે ભારતના ગૃહમંત્રીશ્રી શ્રી અમિતભાઈ શાહ, મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ, શ્રી ડી. વાય. પાટીલ, શ્રી વિજયભાઈ ડી. વાય. પાટીલ, શ્રી આર્જિંક્ય ડી. વાય. પાટીલ, શ્રી બી. આર. શેટ્ટી, શ્રી જીતુભાઈ વાઘાણી વગેરે મહાનુભાવો...





**શ્રદ્ધામય પ્રહ્‌લાદ હૈયે જાગ્યો છે, જ્યારે પ્રમુખસ્વામીજીનો દિવ્ય સ્પર્શ મળ્યો છે...**

પ્રમુખસ્વામી મહારાજે અસંખ્ય લોકોના જીવનમાં વધુ એક સમસ્યાનું સમાધાન કર્યું છે. એ છે અશ્રદ્ધાની સમસ્યા. સ્વયંમાં, સ્વજનોમાં, સંત કે ગુરુમાં અને ભગવાનમાં અશ્રદ્ધાને કારણે લોકો કેટલાય પ્રશ્નોમાં ઘેરાયેલા રહે છે. મુશ્કેલીઓમાં શ્રદ્ધા જ માનવીને નિશ્ચલ રાખી શકે છે. શ્રદ્ધાની શક્તિને વ્યક્ત કરતી ભક્ત પ્રહ્‌લાદની સુંદર પ્રસ્તુતિ મંચ પર રજૂ થઈ. સૂર, તાલ, વીડિયો અને નૃત્યના સંયોજન સાથેની આ પ્રસ્તુતિ ખરેખર શ્રદ્ધાપ્રેરક હતી.

અનેકનાં જીવનમાં પ્રમુખસ્વામી મહારાજના સ્પર્શથી પ્રગટેલી શ્રદ્ધાની વાત કરતાં બ્રહ્મવિહારીદાસ સ્વામીએ જણાવ્યું, 'અશ્રદ્ધા ખૂબ જ મોટો વૈશ્વિક પડકાર છે. હૃદયમાં શ્રદ્ધા હોય તો બાળકને પણ કણ-કણમાં નારાયણનાં દર્શન થાય છે. શ્રદ્ધાનો ચમત્કાર આપણને અદૃશ્ય ભગવાનને પણ સર્વત્ર નીરખી શકવાની શક્તિ આપે છે. શ્રદ્ધા આપણને શક્તિ આપે છે સકારાત્મકતાની. આ જ ચમત્કાર પ્રમુખ-સ્વામી મહારાજ કરી રહ્યા હતા. પ્રમુખસ્વામી મહારાજને જે કોઈ પણ મળતા તે શ્રદ્ધાથી સંચારિત થઈ જતા.

ડૉ. અબ્દુલ કલામ સાહેબ હંમેશાં કહેતા, 'હું વિચારનું મૂલ્ય સૉક્રેટિસ પાસેથી શીખ્યો છું. સત્યનું મૂલ્ય ગેલિલિયો પાસેથી શીખ્યો છું, અહિંસાનું મૂલ્ય ગાંધીજી પાસેથી શીખ્યો છું, સર્વધર્મ સમાનતા લિંકન પાસેથી શીખ્યો છું, ક્ષમાની ભાવના મન્ડેલા પાસેથી શીખ્યો છું, કરુણા બુદ્ધ પાસેથી શીખ્યો છું, પરંતુ ભગવાનમાં શ્રદ્ધા રાખવી એ પ્રમુખસ્વામી મહારાજ પાસેથી શીખ્યો છું. તેથી તેઓ મારા અલ્ટિમેટ ગુરુ છે.

આ જ શ્રદ્ધા સાથે તા. ૧૧ નવેમ્બર, ૨૦૦૫ની રાત્રે શ્રી કલામ સાહેબે ફોન કરીને મને જણાવ્યું, 'મારા પ્રિય મિત્ર મારી સાથે રાષ્ટ્રપતિ ભવનમાં રોકાયા છે. તેનું નામ છે - વિખ્યાત કટાક્ષ કાર્ટૂનિસ્ટ આર. કે. લક્ષ્મણ, જેમણે કોમન મેનનું સર્જન કર્યું છે. મેં તેમને અક્ષરધામનાં દર્શન માટે મનાવ્યા છે. તેઓ ૮૫ વર્ષના છે અને ફ્રેક્ચરને કારણે અત્યારે વ્હિલચેરમાં છે.' મેં કલામ સાહેબને કહ્યું, 'અમે તેમની બરાબર કાળજી લઈશું.' તરત જ ડૉ. કલામે થોડા સંકોચ સાથે કહ્યું, 'આર. કે. લક્ષ્મણ ભગવાનમાં શ્રદ્ધા ધરાવતા નથી, અને તેઓ કોઈને વિશેષ સાંભળતા પણ નથી. અને કદાચ તમારું પણ નહીં સાંભળે. પરંતુ, મહેરબાની કરીને તેમની કાળજી રાખજો.'

રાષ્ટ્રપતિ કલામ આટલા ચિંતામાં કેમ હશે તેનો ખ્યાલ મને બીજા દિવસે આવ્યો. આર. કે. લક્ષ્મણ અક્ષરધામમાં પધાર્યા. તેઓ અશક્ત જણાતા હતા અને વ્હિલચેરમાં હતા. તેઓ સાથળના દુખાવાના કારણે થોડા વ્યથિત લાગતા હતા. તેમને કોઈની પાસેથી કશું જાણવાની ઇચ્છા નહોતી. તેઓ એકલા શાંતિથી અક્ષરધામ નીરખવા માંગતા હતા. દર્શનયાત્રા કરાવતાં અમે તેમને અક્ષરધામની ગજેન્દ્રપીઠ જોવા માટે લઈ ગયા.

ગજેન્દ્રપીઠ જોઈને મૌન તોડીને તેઓ બોલ્યા, 'ડૉ. કલામે આ ગજેન્દ્રપીઠ જોઈ છે?' મેં કહ્યું, 'ના.' તેઓ કહે, 'તો તેમને કહેજો કે આ ખાસ જોઈ લે.' તેઓ નિર્ભય અને સ્પષ્ટવક્તા હતા. એકવાર પૂર્વ બ્રિટિશ પ્રાઇમ મિનિસ્ટરે તેમને પૂછેલું કે તમે ભગવાનમાં માનો છો? ત્યારે આર. કે. લક્ષ્મણે કહ્યું હતું, 'ભગવાન મારામાં માને છે?'

આર. કે. લક્ષ્મણ એવા માણસ હતા, જેમને શ્રદ્ધા અંગે અંગત પ્રશ્ન હતો!

અક્ષરધામની યાત્રાએ આવેલા શ્રી આર. કે. લક્ષ્મણને નૌકાવિહાર પ્રદર્શન જોવાની ખૂબ ઇચ્છા હતી. ડૉ. કલામે તેમને ખાસ એ જોવા માટે વિનંતી કરી હતી. નૌકાવિહારમાં



પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં અશ્રુભીની આંખે ભાવવિભોર શ્રી આર. કે. લક્ષ્મણ... (દિલ્હી, ૨૦૦૫)

બેસાડવા તેમને વ્હીલચેરમાંથી ઊભા કર્યા ત્યારે તેઓને સખત પીડા થઈ અને તેઓએ બૂમ પાડી. અમે કહ્યું: 'માફ કરશો' ત્યારે તેઓ કહે, 'તમે કેમ માફી માંગો છો? Pain is temporary, but the experience is permanent.'

ત્યારબાદ અમે તેઓને લાર્જફોર્મેટ થિયેટરમાં નીલકંઠયાત્રા જોવા માટે લઈ ગયા. ફિલ્મ શરૂ થઈ અને થોડી જ મિનિટોમાં તેઓ કહે, 'ચાલો, મારે નીકળવું છે અને ડૉ. કલામને પુનઃ મળવું છે.' મેં તેમને કહેવાનો પ્રયત્ન કર્યો કે ફિલ્મ હજુ શરૂ જ થઈ છે. પરંતુ તેઓ કંઈ સાંભળવા તૈયાર નહોતા. તેઓને જવું જ હતું. અહીંથી નીકળતી વખતે પણ તેઓએ ન એવું કહ્યું કે ફરી મળીશું કે ન કંઈ આનંદ વ્યક્ત કર્યો.

બીજા દિવસે વધુ આશ્ચર્ય સર્જાયું. ડૉ. કલામે પુનઃ ફોન કરીને જણાવ્યું કે 'આર. કે. લક્ષ્મણ પુનઃ અક્ષરધામનાં દર્શને આવવા ઈચ્છે છે. તેઓ ભાગ્યે જ એક સ્થળ પર બે વાર મુલાકાત લે છે, પરંતુ ગઈકાલે આખી રાત તેમને બાળયોગી નીલકંઠ જ સ્વપ્નમાં આવ્યા છે અને તેઓ પુનઃ ત્યાં આવીને નીલકંઠયાત્રા ફિલ્મ સંપૂર્ણ જોવા ઈચ્છે છે. અને ફિલ્મ જ્યાંથી અધૂરી છોડી હતી ત્યાંથી જ તેમને જોવી છે.' હવે, અમે ચિંતામાં હતા કે ફિલ્મને અડધેથી કઈ રીતે શરૂ કરવી? અને પુનઃ શ્રી આર. કે. લક્ષ્મણ અક્ષરધામમાં પધાર્યા. તેઓએ નીલકંઠયાત્રા ફિલ્મ જોઈ. ફિલ્મ નિહાળીને આનંદિત જણાતાં મેં તેમને પૂછ્યું, 'આપને પ્રમુખસ્વામી મહારાજને મળવાની ઈચ્છા છે?'

તેમણે તરત જ સામે પૂછ્યું, 'કેમ? તે કોણ છે?'

'એ અમારા ગુરુ છે.' મેં કહ્યું.

'તો મારે શા માટે તેમને મળવું જોઈએ?' તેમણે કહ્યું.

હું વિચારમાં પડી ગયો. એવામાં તેમણે બીજો પ્રશ્ન પૂછ્યો, 'ડૉ. કલામ તેમને મળ્યા છે?' મેં કહ્યું, 'અનેક વખત.' આ સાંભળીને તેમણે તરત જ કહ્યું, 'તો, ચાલો. મારે પણ તેમને મળવું છે.'

ભગવાનમાં, ધર્મમાં, સાધુ-સંતમાં શ્રદ્ધા ધરાવતા ન હોય તેમને પ્રમુખસ્વામી મહારાજ પાસે લઈ જવાનું શું યોગ્ય છે? એવા મંથન સાથે અમે આર. કે. લક્ષ્મણને પ્રમુખસ્વામી મહારાજના કક્ષમાં લઈ ગયા. તે વખતે સ્વામીશ્રી પત્રવાંચન કરતાં કરતાં બે-ત્રણ સંતો સાથે મીટિંગ કરી રહ્યા હતા. એ કક્ષમાં પ્રવેશીને આર. કે. લક્ષ્મણ પ્રમુખસ્વામી મહારાજને મળ્યા તે સાથે સ્વામીશ્રીએ પ્રેમથી તેમનો હાથ પકડ્યો. જેવા બંને હાથનો સ્પર્શ થયો અને ભાવશૂન્ય આર. કે. લક્ષ્મણ અચાનક એકદમ ભાવમય બની ગયા. તેમની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં અને એક બાળકની જેમ તેઓ રડી પડ્યા. અમે સૌ સ્તબ્ધ બની ગયા. થોડી ક્ષણો સુધી તેઓ રડતા રહ્યા. એ દરમ્યાન પ્રમુખસ્વામી મહારાજે સહજતાથી પૂછ્યું, 'આ ભાઈનું નામ શું છે?' મેં તેમનું નામ કહી પરિચય આપ્યો.

સ્વામીશ્રીએ તેમના તરફ કૃપાદૃષ્ટિ કરી તેઓને આશીર્વાદ આપ્યા.

થોડીવારે આર. કે. લક્ષ્મણ સ્વસ્થ થયા. પછી પોતાના કંઠ પર હાથ રાખીને તેઓ સહજતાથી બોલ્યા, 'શાંતિનો ધોધ પ્રમુખસ્વામી મહારાજમાંથી વહી રહ્યો છે... મેં મારા જીવનમાં હંમેશાં બીજાની ખામીઓ જ જોઈ છે. મારા સમગ્ર જીવનમાં રોજ દિવસની શરૂઆત બીજાની ટીકાથી થઈ છે અને દિવસનો અંત પણ ટીકાથી જ થયો છે. આજે મારા જીવનમાં પહેલો એવો દિવસ છે કે અહીં મને કંઈ ટીકા

કરવા જેવું દેખાતું નથી. આજે મારા જીવનનો દૃષ્ટિકોણ બદલાઈ ગયો છે.'

સ્વામીશ્રીના આશીર્વાદ લઈને બહાર આવ્યા પછી પુનઃ શ્રી લક્ષ્મણે પૂછ્યું, 'સ્વામીજીનું નામ શું છે?' મેં કહ્યું, 'પ્રમુખસ્વામી મહારાજ.' તેમણે પાંચ વખત પ્રમુખસ્વામી મહારાજનું નામ બોલીને નામ દૃઢ કર્યું અને પછી કહ્યું, 'હું ડૉ. કલામ પાસે જઈને કહીશ કે આજે હું વિશ્વની સૌથી શ્રેષ્ઠ વ્યક્તિને મળ્યો છું.'

જતાં જતાં તેમણે મને કહ્યું, 'શું હું ખરેખર રડતો હતો?'

મેં હા કહી, તો તેમણે કહ્યુંઃ 'મને એ ફોટા મોકલશો? મારી આંખમાં આંસુ જોઈને મારાં પત્ની રાજી થશે.'

શ્રી લક્ષ્મણને વિદાય આપીને હું પુનઃ પ્રમુખસ્વામી મહારાજ પાસે પહોંચ્યો ત્યારે તેઓએ મને પૂછ્યું, 'એ ભાઈનું નામ શું હતું?'

કોઈ પરિચય નહોતો, કોઈ વાર્તાલાપ નહોતો, કોઈ સંવાદ નહોતો, પરંતુ માત્ર પ્રમુખસ્વામી મહારાજનો સ્પર્શ જીવનપરિવર્તન કરી ગયો. એ હતી એમની દિવ્ય શક્તિ.

એ દિવસે મોડી રાત્રે ડૉ. કલામ સાહેબનો પુનઃ ફોન આવ્યો, તેમણે કહ્યુંઃ 'ચમત્કારો આજે પણ થાય છે. મારા મિત્ર લક્ષ્મણ પ્રમુખસ્વામી મહારાજ પાસેથી સૌમાં નવી શ્રદ્ધાના કાયાકલ્પ સાથે પરત આવ્યા છે.'

પ્રમુખસ્વામી મહારાજનો એક સ્પર્શ અનેક લોકોમાં શ્રદ્ધા પ્રગટાવી ગયો છે – જીવનમાં શ્રદ્ધા, લોકોમાં શ્રદ્ધા, ભગવાનમાં શ્રદ્ધા. આસ્તિક હોય કે નાસ્તિક, કોઈપણ વ્યક્તિ હોય, તેના હૃદયમાં શ્રદ્ધા જાગ્રત કરવાનો સૌથી મોટો ચમત્કાર પ્રમુખસ્વામી મહારાજે કર્યો છે.

પ્રમુખસ્વામી મહારાજે આપણને શીખવ્યું છેઃ આશાથી ઉપર જઈને મહાન આશા રાખવી, વિશ્વાસની ઉપર જઈને પરમ વિશ્વાસ રાખવો. પ્રમુખસ્વામી મહારાજ આજે અંતરિક્ષમાંથી સ્મિત કરી રહ્યા છે ત્યારે એમનો આભાર માનીએઃ બાપા! આપનો ખૂબ ખૂબ આભાર, અમારા જીવનમાં પ્રવેશીને આપે અમારાં જીવન સાર્થક બનાવ્યાં.'

શ્રદ્ધાનો સંચાર કરીને સૌનું જીવન સાર્થક બનાવનાર પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ સૌએ પ્રતિજ્ઞા કરી કે

*'યહી પ્રતિજ્ઞા હૈ હમારી, હૃદય મેં શ્રદ્ધા ભરી,*
*ટૂટને ન દેંગે ઉસકો, પ્રસારેંગે ગુરુહરિ...'*



**આપણું ભવિષ્ય ઉજ્જ્વળ છે, કારણ કે પ્રમુખસ્વામીજીનો દિવ્ય સ્પર્શ મળ્યો છે...**

સમસ્યા અને સમાધાનની આ શૃંખલાના અંતે મંચ પર આવ્યા શ્રી દિલીપભાઈ જોષી. તેમણે સૌને મૂંઝવતી એક સમસ્યા 'ભવિષ્યની ચિંતા' વિષયક વાત કરતાં જણાવ્યું, 'આજે જ્યારે આપણે હજારો ભક્તો સ્વામીશ્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી રહ્યા છીએ ત્યારે હું પણ સ્વામીશ્રીનાં ચરણોમાં, મારા ગુરુનાં ચરણોમાં કૃતજ્ઞતા અર્પણ કરવા આવ્યો છું. કેમ કે મારું ચોક્કસપણે માનવું છે કે આજે હું જે પણ છું, જે મુકામ પર છું, તે કેવળ અને કેવળ પ્રમુખસ્વામી મહારાજની કૃપાથી છું. પ્રમુખસ્વામી મહારાજ એક એવા મહાન સંત હતા કે જેમણે પોતાનું સમગ્ર જીવન કેવળ બીજાના ભલા માટે બીજાના આનંદ માટે કુરબાન કર્યું છે! હું વ્યવસાયથી એક હાસ્ય અભિનેતા છું. અને હું મારાં વર્ષોના અનુભવથી કહી શકું કે પળ બે પળ માટે કોઈને હસાવવા સરળ છે. પરંતુ કાયમ માટે કોઈને આનંદમાં રાખવા કઠિન છે. પ્રમુખસ્વામી મહારાજે પોતાના સાંનિધ્યથી લાખો લોકોનાં હૃદયમાં આનંદ વહેંચ્યો છે. તેમાંનો એક હું પણ છું.

મને આજે પણ યાદ છે તે પળ, જ્યારે મેં પ્રમુખસ્વામી મહારાજનાં પ્રથમવાર દર્શન કર્યાં હતાં. એ વાત છે – સન ૧૯૮૬-૮૭ની. મારા એક મિત્ર નીતિનભાઈ દેસાઈ, જેઓ બી.એ.પી.એસ.ના સત્સંગીબંધુ છે. અમે બંને સાથે કૉલેજમાં



**અક્ષરધામ**ની દિવ્યાનુભૂતિ વચ્ચે મંચ પર **ભગવાન સ્વામિનારાયણ** અને ગુરુપરંપરાના સાંનિધ્યમાં મંચસ્થ મહાનુભાવો વચ્ચે **મહંત સ્વામી મહારાજ** બિરાજ્યા...

ભણતા હતા. તેઓ હંમેશાં મને કહેતા હતા કે 'તું એકવાર દાદર મંદિરે પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરવા આવ.' અને મારે પણ પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરવાં હતાં, પણ કોઈ કારણસર એ વાત શક્ય બનતી જ નહોતી.

એવામાં એકવાર અમે બંને સ્કૂટર ઉપર જઈ રહ્યા હતા. હું સ્કૂટર ચલાવતો હતો અને નીતિનભાઈ મારી પાછળ બેઠા હતા ને અમે બંને મુંબઈના હાજીઅલી વિસ્તારથી વિલેપાર્લા તરફ જઈ રહ્યા હતા. વાતવાતમાં નીતિનભાઈએ ફરીથી જણાવ્યું કે 'અત્યારે પ્રમુખસ્વામી મહારાજ દાદર મંદિરમાં છે અને તું દર્શન કરવા કેમ નથી આવતો?'

મેં કહ્યું કે 'મારે સાચે જ તેમનાં દર્શન કરવાં છે, દિલથી તેમનાં દર્શન કરવાં છે, પણ ખબર નથી પડતી કે કેમ તેવો યોગ નથી આવતો.' મારું આ વાક્ય પૂરું થયું કે તરત બાજુમાંથી એક ગાડી પસાર થઈ અને તેમાં આગળની સીટમાં જ પ્રમુખસ્વામી મહારાજ બિરાજમાન હતા! એક પળ માટે તો મને લાગ્યું કે મને કોઈ ભ્રાંતિ થઈ કે શું! આ સાચું છે! પરંતુ તે સાચું હતું ભ્રાંતિ નહોતી. આ ઘટના હું જ્યારે પણ કહું છું ત્યારે મારા રૂંવાડાં ઊભાં થઈ જાય છે. અને આજે પણ મને એવું લાગે છે કે સૌ દિલથી તેમને યાદ કરીએ છીએ તો પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ આપણી વચ્ચે દિવ્યરૂપે જરૂર હાજર જ છે. અને પ્રત્યક્ષરૂપે તો છે જ - પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના રૂપે.

આજે જન્મજયંતી સમારોહમાં તેમણે શમાવેલી સમસ્યાઓની વાત થઈ રહી છે, ત્યારે હું પણ એક સમસ્યાની વાત કરવા માંગું છું. આપણે સૌએ અનુભવ કર્યો છે કે કોઈપણ વ્યક્તિ સફળ હોય, સુખી હોય, તેમ છતાં તેને હંમેશાં એક ચિંતા રહે છે, પોતાના ભવિષ્યની. અત્યાર સુધીની બધી ચિંતાઓમાં આ એક મોટી ચિંતા છે, ભવિષ્યની! કેમ કે ભવિષ્ય અનિશ્ચિત છે, અસ્પષ્ટ છે.

સૌના મનમાં એક પ્રશ્ન અવશ્ય હોય જ છે કે 'શું હશે મારું ભવિષ્ય?' 'શું હશે આ દુનિયાનું ભવિષ્ય?' 'શું હશે આ દેશનું ભવિષ્ય?' 'શું હશે ભવિષ્ય?'

શ્રી દિલીપભાઈ જોષીએ ભવિષ્યની ચિંતાનો આ પ્રશ્ન છેડ્યો તે સાથે જ મંચ પર વિશિષ્ટ પ્રસ્તુતિ થઈ. મંચ પર









**ભારતના ગૃહમંત્રીથી** લઈને એક નાના **બાળક** સુધી અને કોઠારી સ્વામી જેવા વરિષ્ઠ સંતો સહિત સૌનાં હૈયેથી વહેતી **ભાવનાઓ**ના પ્રવાહ વચ્ચે સ્વામીશ્રીએ **આશીર્વાદ** વરસાવ્યા...

વિશાળ કદના પૃથ્વીના ગોળાની આસપાસ ભવિષ્યના પ્રતીકરૂપે ઘૂમતા, નૃત્ય કરતાં બાળકોએ મંચને ભરી દીધો. પૃથ્વીનો ગોળો ઊંચો ઊંચકાયો તે સાથે જ સૌના ઉજ્જ્વળ ભવિષ્યના સર્જક પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું મંચ પર દર્શન થયું. સૌ તાલીનાદથી આ દર્શનને વધાવવા લાગ્યા. સૌ ભક્તોને પ્રતીતિ થઈ કે આપણા સૌનું ભવિષ્ય ઉજ્જ્વળ છે કારણ કે પ્રમુખસ્વામી મહારાજે મહંત સ્વામી મહારાજની ભેટ અર્પી છે. સાથે સાથે તેઓએ એવો દિવ્ય સમાજ તૈયાર કર્યો છે, જે હજારો વર્ષો સુધી સર્વત્ર સદાચાર અને સેવાનાં અજવાળાં પાથરતો રહેશે. એ ઉજ્જ્વળ ભવિષ્યના પ્રતીક સમાન બાળકોએ હવે મંચ પરનું સુકાન પોતાના હાથમાં લઈ લીધું. કાલીઘેલી, પરંતુ ઊંચી સમજદાર વાતો કરીને છ બાળકોએ સૌને પ્રતીતિ કરાવી કે 'અમે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી ઉજ્જ્વળ ભવિષ્ય બનીને પરિવારથી લઈને સમાજ સુધી સૌને ચિંતામુક્ત કરીશું.' એમ કહીને બાળકોએ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની જીવનભાવના દૃઢ કરવાના સંકલ્પ કરાવ્યા.

આ અવસરે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત ભારતના ગૃહમંત્રીશ્રી અને ભારતીય જનતાપક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ, મહારાષ્ટ્રના વિરોધપક્ષના નેતા અને પૂર્વ મુખ્યપ્રધાન શ્રી દેવેન્દ્ર ફડણવીસ, શ્રી ડી. વાય. પાટીલ (માલિક, ડી. વાય. પાટીલ સ્ટેડિયમ) શ્રી વિજયભાઈ ડી. વાય. પાટીલ, શ્રી બી. આર. શેટ્ટી (બિઝનેસમેન, યુ.એ.ઈ.) વગેરે મહાનુભાવો તેમજ વરિષ્ઠ સંતો મંચ પર બિરાજ્યા.

પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ સૌ મહાનુભાવોને પુષ્પહારથી સન્માનિત કર્યા.

બી.એ.પી.એસ. સંસ્થાની આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિઓના સંયોજક ઈશ્વરચરણદાસ સ્વામીએ મહોત્સવમાં ઉપસ્થિત મહાનુભાવો તથા દેશવિદેશથી પધારેલા હજારો હરિભક્તોનો આભાર માન્યો અને આગામી વર્ષોમાં યોજાનાર મહોત્સવોનો ચિતાર આપતાં જણાવ્યું કે 'આગામી માર્ચ મહિનામાં ગઢડા ખાતે ફૂલદોલોત્સવે વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ શાનદાર રીતે ઊજવાશે. ત્યારબાદ પ્રમુખસ્વામી

મહારાજનો ૯૯મો જન્મજયંતી મહોત્સવ વડોદરામાં ભવ્યતાથી ઊજવાશે. અને જેની આપણે આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છીએ તેવો 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ' સન ૨૦૨૧માં અમદાવાદ ખાતે ભવ્યતાપૂર્વક ઊજવાશે.' એમ કહીને તેઓએ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી આ મહોત્સવોનો લાભ લેવા સૌને હાર્દિક આમંત્રણ પાઠવ્યું.

આ પ્રસંગે ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે પોતાની ભાવોર્મિઓ વહાવતાં જણાવ્યું, 'આજે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની જન્મજયંતીના દિવસે ઐતિહાસિક સ્ટેડિયમમાં મુંબઈ જેવા શહેરમાં સંધ્યા સમયે ૫૦,૦૦૦થી વધુ સત્સંગીઓ ઉપસ્થિત છે. આ બાબત દર્શાવે છે કે પ્રમુખસ્વામી મહારાજના આપણા જીવન પર કેટલા ઉપકાર હતા, તેમનું આપણા જીવનમાં શું મહત્ત્વ હતું!

એક લાંબા સાધુજીવન દ્વારા જીર્ણ-શીર્ણ થતી સંન્યસ્ત અને સાધુજીવન પરંપરા સામે લોકશ્રદ્ધાને દીર્ઘ આયુષ્ય અર્પણ કરવાનું સૌથી અવિસ્મરણીય કાર્ય પ્રમુખસ્વામી મહારાજે કર્યું છે. બી.એ.પી.એસ. સંસ્થાના માધ્યમથી હજારો સંતોનો મોટો કર્મઠ સમુદાય ઊભો કરીને દેશ-દુનિયામાં નકારાત્મક ભાવોને દૂર કરીને સકારાત્મક રીતે આગળ વધવાનો સંદેશ તેઓએ આપ્યો છે. આ વિશિષ્ટ યોગદાનને સમગ્ર દુનિયા અનન્ય શ્રદ્ધા સાથે યાદ કરતી રહેશે. તેમણે કર્તૃત્વભાવથી ન કેવળ ભારત, પરંતુ સમગ્ર દુનિયામાં આપણી અનોખી સાધુ-સંન્યાસ પરંપરાને પુનઃ ગૌરવવંતી કરી છે.

પ્રમુખસ્વામી મહારાજે કરોડો લોકોનાં જીવનમાં શાંતિ, વિશ્વાસ, ભક્તિ અને સદ્‌ભાવનાના દીપ પ્રગટાવ્યા છે. પ્રમુખસ્વામી મહારાજ એક એવું વ્યક્તિત્વ છે, જેમણે ૧૭,૦૦૦થી વધારે ગામોમાં નિઃસ્વાર્થ ભાવથી વિચરણ કરીને અનેક લોકોની સમસ્યાઓનું સમાધાન કર્યું હતું. તેમણે એક એવી પરંપરાનું નિર્માણ કર્યું છે કે જે સદીઓ સુધી સમગ્ર વિશ્વનું કલ્યાણ કરતી રહેશે.

આજે દરેક વ્યક્તિ ધર્મના માર્ગે આગળ વધવાનો પ્રયાસ જરૂર કરે છે, પરંતુ તેને ધર્મનો મર્મ સમજાતો નથી. પ્રમુખસ્વામી મહારાજે દીર્ઘ જીવનકાળમાં લાંબાં-લાંબાં પ્રવચનો નથી કર્યાં, પરંતુ તેઓએ પોતાના કાર્યથી, કર્તૃત્વથી જ ધર્મનો મર્મ સમજાવ્યો છે. લઘુમાંથી ગુરુ થવું, નાની વિચારધારામાંથી મોટી વિચારધારા કરવી, પોતાની નહીં પણ સમાજ-દેશની ચિંતા કરવી અને વ્યક્તિને સમષ્ટિમાં વિલોપિત કરવી તે જ ધર્મ છે. આ વિચારધારાને પ્રમુખસ્વામી મહારાજે જીવનમાં પોતાના કર્તૃત્વભાવથી, એકપણ શબ્દ બોલ્યા વિના અપનાવી હતી.

પ્રમુખસ્વામી મહારાજે દેશવિદેશમાં ૧૧૦૦થી વધારે મંદિરોનું નિર્માણ કરીને હિંદુ સંસ્કૃતિનો વસુધૈવ કુટુંબકમ્‌નો સંદેશ સમગ્ર વિશ્વમાં પ્રસરાવ્યો છે. તેઓની પ્રેરણાથી ૫૫,૦૦૦થી વધારે યુવાનો વર્ષે લગભગ ૧ કરોડ ૨૦ લાખ કલાકથી વધારે સમય સમાજ માટે અર્પણ કરે છે. હું નથી માનતો કે આ સંસારમાં કોઈપણ વ્યક્તિએ આટલા બધા યુવાનોને કારકિર્દીના ઉત્તમ સમયમાં સામાજિક કાર્ય માટે પોતાની જાતને અર્પણ કરવા પ્રેરિત કર્યા હોય! આ કાર્ય પ્રમુખસ્વામી મહારાજ જ કરી શકે છે.

બાળસભા, રવિસભા વગેરે વિવિધ ઉપક્રમોના માધ્યમથી સમાજમાં ઊર્જા અને ચેતનાસ્થાન સમાં ૩૩૦૦થી વધારે સત્સંગકેન્દ્રોનું સંચાલન કરીને લોકોને ધર્મના માર્ગે દોર્યા છે. આ કેન્દ્રો દ્વારા વ્યસનમુક્તિ, સમાજસેવા વગેરે કાર્યક્રમો સતત યોજાતા રહે છે. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી વર્ષે ૬,૩૦,૦૦૦થી વધારે સત્સંગ સભાઓ આયોજિત થાય છે. એક વ્યક્તિની પ્રેરણાથી, એક જ જીવનમાં આટલી સત્સંગ સભાઓ થવી અસંભવ લાગે. હું માનુ છું કે બી.એ.પી.એસ. સંસ્થા રેકોર્ડ બનાવવાનો પ્રયાસ નથી કરતી, નહીંતર આ પણ એક વિશિષ્ટ વર્લ્ડરેકોર્ડ થઈ જાય તેમ છે.

૩૧થી વધારે શૈક્ષણિક સંકુલનિર્માણ, પર્યાવરણજાગૃતિ, જળસંચય અભિયાન, પૂર જેવી કુદરતી આપત્તિઓમાં પુનર્વસનનું કામ પ્રમુખસ્વામી મહારાજની આ સંસ્થાએ કર્યું છે. અનેક વનવાસી જિલ્લાઓમાં સેવા દ્વારા આદિવાસીઓના જીવનમાં ધર્મની જ્યોત પ્રગટાવવાનું કાર્ય, વ્યસનમુક્તિ, સાક્ષરતા અભિયાન, સાહિત્યનિર્માણ અને સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિનો સંદેશ આપનાર અક્ષરધામના નિર્માણકાર્ય આ બધું જ એક જીવનમાં કરવું અસંભવ છે! પરંતુ પ્રમુખસ્વામી મહારાજે એ કાર્ય કરી બતાવ્યું છે.

મારા વ્યક્તિગત જીવનમાં પણ અનેક ચઢાવ-ઉતાર આવ્યા છે. ઈશ્વરે મને સારી અને ખરાબ સ્થિતિઓમાં જીવન જીવવાની પ્રેરણા આપીને હિંમત આપી છે, પરંતુ ભગવાન કોઈ કાર્ય અન્યના માધ્યમથી કરે છે. મારો અનુભવ છે કે મારા જીવનમાં જ્યારે જ્યારે મુશ્કેલીઓ આવી ત્યારે પહેલો ફોન પ્રમુખસ્વામી મહારાજનો આવ્યો હતો. તેઓ હંમેશાં એક જ વાક્યમાં આશીર્વાદ આપતા કે 'બધું સારું થઈ જશે, ઈશ્વર પર ચિંતા છોડી દે, શ્રીજી પર ચિંતા છોડી દે.' આ વાક્યો મને ફરીથી સંઘર્ષ કરવા, સત્યના પંથે ચાલવા પ્રેરિત કરતાં અને વિજય મેળવવા

સંકલ્પબદ્ધ થવા વિશેષ પ્રેરણા આપતા હતાં.

મારા જેવા અનેક લોકોનાં જીવનમાં પ્રમુખસ્વામી મહારાજના અનેકઘણા ઉપકાર છે. આજે તેઓના જીવનસંદેશને સમાજમાં પ્રસરાવવાનું કાર્ય આ સંતસમુદાય ખૂબ વિનમ્રતાથી કરી રહ્યો છે. અહીં પૂજ્ય મહંત સ્વામી મહારાજના નેતૃત્વમાં આ કાર્યક્રમની શાનદાર પ્રસ્તુતિ કરી તે સંતોને અનેક અનેક સાધુવાદ આપું છું, અભિનંદન પાઠવું છું. પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય આત્માને પ્રાર્થના કરું છું કે સમાજ અને દુનિયામાં દરેક પ્રાણીની અંદર જે સદ્‌ભાવ છે તેને આશીર્વાદ આપો, ગતિ આપો. અમે તમારી કલ્પના પ્રમાણેનું વિશ્વ બનાવવાની દિશામાં આગળ વધીએ એવી પ્રેરણા કરો.'

ગૃહમંત્રીશ્રીના ભાવસભર સંબોધન બાદ કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સમક્ષ સમગ્ર બી.એ.પી.એસ. સત્સંગ સમુદાય વતી આધ્યાત્મિક પ્રાર્થના કરીઃ 'સૌને એકાંતિક ધર્મ સિદ્ધ થાય, પરિવાર-સમાજ-સત્સંગ-દેશમાં સંપ-સુહૃદભાવ અને એકતા વધે, અભાવ-અવગુણ ન આવે તે માટે ગુણગ્રાહક દૃષ્ટિ કેળવાય, દાસાનુદાસ થવાય અને સૌ ભક્તિના માર્ગે આગળ વધે ને એકાંતિક ધર્મ સિદ્ધ થાય.'

મહંત સ્વામી મહારાજે પણ સૌમાં આ સદ્‌ગુણો દૃઢ થાય તે માટે રાજી થઈને આશીર્વાદ આપ્યા.

અંતે, સૌ પર આશીર્વાદ વરસાવતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે જણાવ્યું, 'પ્રમુખસ્વામી મહારાજ દિવ્ય પુરુષ હતા. તેમનું મન દિવ્ય હતું. દિવ્ય મનમાં કોઈ તકલીફ હોતી નથી. બધું એકદમ પવિત્ર, અતિ પવિત્ર. પ્રમુખસ્વામી મહારાજનું મન અતિ દૃઢ અને પવિત્ર હતું. તે ચાહે તે કરી શકતા હતા. અને તેમણે કર્યું પણ છે. ખૂણે ખૂણે ગયા, નાના નાના બાળકો પાસે પણ ગયા, કંઈ જ બાકી રાખ્યું નથી. તેમણે જંગલમાં જઈને કોઈ મોટી સાધના કરી નથી, એકદમ સીધા-સાદા-સરળ હતા પરંતુ બધાની પાસે પહોંચી ગયા. કોઈને ખબર પણ ન પડી કે આપણી વચ્ચે આવીને તેઓ ચાલ્યા ગયા. તેમણે કરોડો જીવોને સન્માર્ગે ચઢાવ્યા ને ભગવાનની ભજન-ભક્તિની પ્રેરણા આપી. સુંદર સુંદર કાર્યો કર્યાં.

મનને જીતવું કઠણ વાત છે! પણ પ્રમુખસ્વામી મહારાજે મન જીતીને, સમાજમાં વિચરણ કરીને બધાને ઉન્નત બનાવ્યા, જાગ્રત બનાવ્યા. જે કોઈ વ્યક્તિ એમની પાસે આવ્યા તેમને માટે તેઓ 'ડિવાઇન ટચ' બની જતા હતા. તેમના એક સ્પર્શથી કેટલાયનાં કામ થયાં છે. માટે આપણે તેઓના આભારી છીએ.

આ મહોત્સવ માટે વિજયભાઈ પાટીલ સાહેબે સ્ટેડિયમ આપ્યું. આપણે વિચાર કરતા હતા કે આટલી જગ્યા ક્યાં મળશે? તો તેઓ સામેથી આવ્યા અને આજે ઉત્સવ થઈ ગયો. ખૂબ પ્રેમથી તેમણે સેવા કરી છે. આ સેવા માટે સમગ્ર પરિવાર પોતાનું ધન્ય ભાગ્ય માને છે. અને આપ બધા મહેમાનો દૂર-દૂરથી, દેશ-પરદેશથી આવ્યા છો તો બધાને પ્રણામ, જય સ્વામિનારાયણ.'

આ અવસરે પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્રના ભાગ-૩નું ઉદ્‌ઘાટન લેખક આદર્શજીવનદાસ સ્વામીએ મહંત સ્વામી મહારાજ પાસે કરાવ્યું અને નારાયણમુનિદાસ સ્વામીએ ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ પાસે કરાવ્યું. સાથે સાથે તા. ૨૮-૧૧-૨૦૧૯ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા નવી મુંબઈના વાશી ખાતે ઉદ્‌ઘાટિત થયેલા બી.એ.પી.એસ. કલાકેન્દ્રની ઘોષણા પણ આ અવસરે ઉદ્‌ઘોષક ભગવત્સેતુદાસ સ્વામી અને આદર્શજીવનદાસ સ્વામીએ કરી હતી.

પ્રમુખસ્વામી મહારાજને જન્મજયંતીની ભાવવંદના કરતાં વરિષ્ઠ સંતોએ તેમજ મુંબઈમાં સેવા આપતા સર્વે સંતો વતી મંદિરના કોઠારી અભયસ્વરૂપદાસ સ્વામીએ સ્વામીશ્રીને કલાત્મક પુષ્પહારોથી વધાવ્યા. સન ૨૦૨૦માં વડોદરા ખાતે પ્રમુખસ્વામી મહારાજનો ૯૯મો જન્મજયંતી મહોત્સવ ઊજવાશે, તેથી વડોદરા વતી સંતોએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને પુષ્પહારથી વધાવ્યા હતા.

ત્યારબાદ મહોત્સવની ચરમસીમાએ, સ્ટેડિયમમાં પધારેલા મંચસ્થ મહાનુભાવો અને હજારો ભક્તો સહિત સૌએ ઠાકોરજીની આરતી ઉતારી ધન્યતા અનુભવી. સર્વત્ર પ્રમુખસ્વામી મહારાજનો ગગનભેદી જયઘોષ ગુંજી ઊઠ્યો અને ભવ્ય આતશબાજીથી આકાશ ઝળહળી ઊઠ્યું. સમગ્ર સ્ટેડિયમમાં વીજદીપકોનું કલાત્મક સંયોજન અને સંગીત વાતાવરણને વધુ ચેતનવંતું બનાવી રહ્યું હતું.

આ અવસરે, ભગવાન સ્વામિનારાયણના પ્રાગટ્યસ્થાન છપૈયાથી વિવિધ તીર્થો અને મહંત સ્વામી મહારાજના જન્મસ્થાન જબલપુર થઈને વડોદરાના ૮૦ યુવકો અને બે સંતો જ્યોતયાત્રા કરીને મુંબઈ ખાતે આવ્યા હતા. તેમનું સ્ટેડિયમમાં આગમન થયું. તેઓ અહીંથી પ્રમુખસ્વામી મહારાજના જન્મસ્થાન ચાણસદ થઈને અટલાદરા પહોંચવાના હતા. કુલ ૨,૧૦૦ કિલોમીટર જ્યોતયાત્રા પૂર્ણ કરનારા સૌ ભક્તોને અહીં વધાવવામાં આવ્યા.

અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર મહોત્સવની સફળતા

પાછળ સંતોનો પ્રચંડ પુરુષાર્થ અને સ્વયંસેવકોની અગાધ મહેનત હતી. જન્મજયંતી મહોત્સવ પ્રસંગે સમગ્ર મુંબઈના અલગ અલગ વિસ્તારોમાંથી હરિભક્તો ઉત્સવસ્થળે પહોંચી શકે તે માટે વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું. તે માટે ૬૪૪ જેટલી બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ બસનું આયોજન દાદ માંગી લે તેવું હતું! ન કોઈ અવ્યવસ્થા! ન કોઈ અડચણ!

આમ, સૌના ભક્તિભાવ અને આયોજનથી અતિ ભવ્યતા અને દિવ્યતાથી ઊજવાયેલા આ મહોત્સવને અંતે સૌનું હૈયું ગાઈ રહ્યું હતું:

*'ધન્ય હમ હૈં પ્રમુખસ્વામી, આપને અપના લિયા,*
*ઉલઝનોં કે ઘોર તમ મેં, હૃદયદીપ જલા દિયા...'* ◆

## જન્મજયંતી મહોત્સવની છાયા-પ્રતિછાયાઓ

### સેવા એ જ અમારું જીવન...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૯૮મો જન્મજયંતી મહોત્સવ એટલે હજારો સ્વયંસેવકોની સેવાનો એક મહાન યજ્ઞ. મહોત્સવ દરમ્યાન સ્ટેડિયમમાં ઉપસ્થિત રહેનારા ૭૨,૦૦૦થી વધુ ભક્તો અને મહાનુભાવોની પાર્કિંગથી લઈને પ્રસાદ સુધીની તમામ વ્યવસ્થાઓમાં સ્વયંસેવકોનું યોગદાન અનેરું રહ્યું હતું. મહાનગરી મુંબઈના અત્યંત વ્યસ્ત જીવન વચ્ચે પણ વિશેષ સમય ફાળવીને બાલ-બાલિકા, યુવક-યુવતી, પુરુષ-મહિલાઓએ ખૂબ સેવા કરીને ગુરુહરિનાં ચરણે ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું હતું. રસોડા વિભાગથી લઈને સભાવ્યવસ્થા વિભાગ સુધી ઠેર ઠેર ફેલાયેલા સંતોની સેવા અજોડ હતી. તો ૧૦,૦૦૦થી વધુ સ્વયંસેવકો-સ્વયંસેવિકાઓનું સમર્પણ પણ વંદનીય હતું. તો આ સેવા માટે વિશાલભાઈ વારુ, તુષારભાઈ લાડવા, ધર્મેશભાઈ સોઢા, યોગેશભાઈ દરજી, અક્ષયભાઈ પઢિયાર, વસંતભાઈ સોલંકી વગેરે કેટલાય સ્વયંસેવકો એવા હતા કે જેમણે સેવા માટે પોતાની નોકરી કે વ્યવસાય છોડ્યા હતા. કેટલાયે પોતાના ઉચ્ચ હોદ્દાઓ કે સ્ટેટસની પરવાહ કર્યા સિવાય સામાન્યમાં સામાન્ય અદની સેવા મહિમાપૂર્વક બજાવી. કેટલાય વિદ્યાર્થીઓ એવા હતા કે જેમણે સેવા માટે રાતના ઉજાગરા કરીને અભ્યાસકીય કાર્ય પણ કર્યું અને દિવસે સેવા કરી. કેટલાકે પોતાની શારીરિક તકલીફો કે પારિવારિક તકલીફો હોવા છતાં સમયદાન આપ્યું.

સેવાના આ મહાન યજ્ઞમાં અનેક ગુણાનુરાગીઓ પણ જોડાયા હતા. જેમાં ડી. વાય. પાટીલ સ્ટેડિયમના માલિક ડૉ. વિજયભાઈ પાટીલ અને તેમના પિતાશ્રી શ્રી ડી. વાય. પાટીલને ખૂબ બિરદાવવા જ રહ્યા. તેમના સંપૂર્ણ સ્ટાફ સહિત સતત ૧૮ દિવસ સુધી સમગ્ર સ્ટેડિયમ તો સંપૂર્ણ સેવામાં આપ્યું જ, પરંતુ સ્ટેડિયમની અત્યંત શ્રમ તથા અપાર કાળજીને અંતે તૈયાર થયેલી મોંઘી સ્પોર્ટ્સ લૉનની પણ પરવાહ ન કરી. જેના પર પગ મૂકવાની પણ મનાઈ હોય એવી તે મોંઘી લૉન હજારો દર્શનાર્થીઓને બેસવા માટે તેમણે ખુલ્લી મૂકી દીધી!! મહંત સ્વામી મહારાજના આવાસ માટે પોતાની યુનિવર્સિટીના કક્ષ તથા તેમની હૉસ્પિટલના કેટલાક વિભાગ પણ તેમણે સેવામાં આપી દીધા હતા. મહોત્સવ સ્થળે ભક્તો-ભાવિકોની સંભાળ માટે તેમની હૉસ્પિટલના ૯૦ ડૉક્ટરોને પણ તેઓએ સેવામાં જોડી દીધા હતા. આ ઉપરાંત પ્રસિદ્ધ રાહેજા બિલ્ડર્સ દ્વારા ૩,૩૦૦ વાહનોના પાર્કિંગની સુવિધા મળી હતી.

મંચપ્રસ્તુતિઓમાં જાણીતા ડિરેક્ટર શ્રી અરુણ શેષકુમાર તથા પંક્તિાબહેને રચનાત્મક યોગદાન આપીને નવા રંગ ઉમેર્યા હતા.

અહીં બહોળી સંખ્યામાં આવનાર સંતો-ભક્તો-સ્વયંસેવકોના નિવાસ માટે નવી મુંબઈના અનેક બિલ્ડરોએ પોતાના નૂતન ફ્લેટ્સ સેવામાં અર્પણ કર્યા હતા.

સેવાના આ મહાન યજ્ઞની ખરેખરી અનુભૂતિ તો ઉત્સવની પૂર્ણાહુતિ બાદ થઈ. મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાની શિસ્ત મુજબ ઉત્સવ પૂર્ણ થયા પછી સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું. સમગ્ર ડી. વાય. પાટીલ સ્ટેડિયમના પરિસરની સફાઈમાં સંસ્થાના યુવાન સુશિક્ષિત સંતો જોડાઈ ગયા હતા. સંતો અને સ્વયંસેવકોએ કુલ હજારો કિલો કચરો ખૂણે-ખૂણે વીણીને સ્ટેડિયમને એકદમ સ્વચ્છ કર્યું ત્યારે સ્ટેડિયમના માલિક શ્રી વિજયભાઈ પાટીલ સહિત સૌ કોઈ અચંબો પામી ગયા હતા. જ્યાં ઉતારો અપાયો હતો તેવા 'ભગવતી' વગેરે બિલ્ડિંગમાં નળ વગેરેને કેમિકલથી એકદમ બધું સ્વચ્છ કરીને માલિકને સુપરત કરવામાં આવ્યું

હતું. શહેરમાં ઠેર-ઠેર લગાવેલાં જન્મજયંતીના સાઈન બોર્ડ પણ સમયે ઉતારી લેવામાં આવ્યાં હતાં. સ્વચ્છતાના આગ્રહી મહંત સ્વામી મહારાજ આ વાત સાંભળી પ્રસન્ન થતાં બોલી ઊઠ્યા હતા, 'સવાયું કર્યું !'

આ અવસરે પોલીસ, ટ્રાફિક પોલીસ, સ્થાનિક મ્યુનિસિપાલિટી વગેરેનો સહયોગ પણ નોંધપાત્ર હતો. મ્યુનિસિપાલિટીએ ઉત્સવ માટે બધા રસ્તા સાફ કર્યા, વૃક્ષોનું ટ્રીમિંગ કર્યું, કચરાપેટીઓ સાફ કરી, ગરનાળાં સાફ કર્યાં અને અન્ય અનેક રીતે સહયોગ આપ્યો. અધિકારીઓ ગૌરવભેર કહેતા હતાઃ 'यह प्रमुखस्वामीजी का उत्सव है तो हमारा उत्सव है। हम यजमान है, मेहमान बनके नहीं आयेंगे।' ને ખરેખર બધાએ સ્વયંસેવકની જેમ સેવા કરી!

'સેવા એ જ અમારું જીવન' એ પ્રમુખસ્વામી મહારાજની જીવનભરની ભાવના સર્વત્ર પ્રતિબિંબિત થયેલી નીરખવા મળતી હતી.

## અમારી અનુભૂતિઓ...

મુંબઈ ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૯૮મો જન્મજયંતી મહોત્સવ ઊજવાયો તે પ્રસંગે મુંબઈના ખ્યાતનામ રાષ્ટ્રીય મહાનુભાવો પણ તેમાં ઉપસ્થિત રહ્યા હતા. આ મહોત્સવને માણીને સૌએ ઉદ્‌ગાર ઉચ્ચાર્યો હતોઃ 'અનિર્વચનીય! અજોડ! અવિસ્મરણીય! અદ્‌ભુત!'

કોઈને કાર્યક્રમની એક એક પળ હૃદયે વસી ગઈ, કોઈને સ્વયંસેવકોની સેવા સ્પર્શી ગઈ, કોઈને પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની નિર્મળ સાધુતાનું પ્રતિબિંબ સર્વત્ર દેખાયું, તો કોઈને બી.એ.પી.એસ. સંસ્થાનું આયોજન સ્પર્શી ગયું.

૨૫,૦૦૦થી વધુ હૃદયની બાયપાસ સર્જરી કરનાર વિખ્યાત હાર્ટસર્જન રમાકાન્ત પાન્ડા તો ઉત્સવ દરમ્યાન પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિઓમાં જ ખોવાઈ ગયા હતા. તેઓએ કહ્યુંઃ 'હું પ્રમુખસ્વામી મહારાજને સત્તરેક વર્ષ પહેલાં પહેલી વાર મળ્યો હતો. તે વખતે મને unique (અદ્વિતીય) અનુભવ થયો હતો. મને લાગ્યું હતું કે 'I have met God! I could see the divine powers coming from him, and that experience is still there with me...' ('હું સાક્ષાત્‌ ભગવાનને મળ્યો! હું તેઓમાંથી વિસ્તરતી દિવ્ય શક્તિઓ જોઈ શકતો હતો. તે અનુભવ હજુ પણ મને યાદ છે...')

જાણીતા બિઝનેસમેન અને પ્રસિદ્ધ ફાઈનાન્સિયલ કોર્પોરેશનના માલિક શ્રી મોતીલાલ ઓસ્વાલ બોલી ઊઠ્યા હતાઃ 'પ્રમુખસ્વામી મહારાજની સાદાઈ મને બહુ સ્પર્શી ગઈ છે. પ્રમુખસ્વામી મહારાજે સમાજ માટે આટલું બધું કર્યું છે! કાશ મને એમને મળવાનો મોકો મળ્યો હોત!'

પ્રમુખસ્વામી મહારાજની એ સાદાઈ અને નમ્રતા સંતો અને સ્વયંસેવકોમાં પણ પ્રતિબિંબિત થયેલી નીરખીને સૌ ખૂબ પ્રભાવિત થયા.

ઉત્સવમાં પ્રસાદ જમી રહ્યા પછી સ્વયંસેવકો કચરો એકત્રિત કરવા આવ્યા તે જોઈને ઘણા મહાનુભાવો બોલી ઊઠ્યા હતાઃ 'આવો મોટો કાર્યક્રમ! આવું ભોજન! ને કચરો પણ સ્વયંસેવકો અહીં આવીને લઈ જાય! આવું ક્યાંય જોયું નથી!' કચરો લેવાની આ સેવામાં દેવ અજમેરા નામનો યુવાન સ્વયંસેવક પણ હતો. ઉપસ્થિત લોકોને જાણ થઈ કે આ યુવાન અજમેરા ગ્રૂપ ઑફ કંપનીઝના ધનાઢ્ય પરિવારનો પુત્ર છે! આ સાંભળીને તે મહાનુભાવો નતમસ્તક બની ગયા. મહાનુભાવોએ એ જાણ્યું કે ખુરશીઓ ઊંચકવાની સેવા કરી રહેલા સ્વયંસેવકોમાં સૌરભ વાઘેલા અને ધવલ પટેલ જેવા એવા યુવાનો પણ છે જે કમર્શિયલ ફ્લાઈટ્સના પાઈલોટ છે. સૌને લાગ્યું કે આવી વિનમ્રતાભરી સેવાનું દૃશ્ય અહીં જ નીરખવા મળે!

ઉત્સવમાં એક અનોખું દૃશ્ય પણ લોકોને સ્પર્શી ગયું હતું. એની વાત આમ હતીઃ સમારોહ દરમ્યાન ધાર્યું હતું તેના કરતાં ખૂબ મોટી સંખ્યામાં મહાનુભાવો અને ભાવિકો પધાર્યા. આથી વધુ ખુરશીઓની વ્યવસ્થા થઈ રહી હતી એ દરમ્યાન કેટલાક સંતો અને સાધકોએ પોતાની ખુરશી ખાલી કરી દઈને બીજાને આપી દીધી અને તેઓ નીચે બેસી ગયા! જો કે થોડીવારમાં ખુરશીની વ્યવસ્થા થઈ ગઈ, પરંતુ આ દૃશ્ય ઘણાને ખૂબ સ્પર્શી ગયું. એમાંના એક હતા જાણીતા બિઝનેસમેન શ્રી અમૃતભાઈ શાહ. ઉત્સવને આકંઠ માણનાર તેઓ બોલી ઊઠ્યા હતાઃ 'જીવીશ ત્યાં સુધી હંમેશ માટે આ ઉત્સવની સ્મૃતિઓ યાદ રહેશે. એટલી મજા આવી છે કે ન પૂછો વાત! મહંત સ્વામી મહારાજ પણ પ્રમુખસ્વામી બાપા જેટલા જ

સાક્ષાત્ ભગવાનના સ્વરૂપની જેમ એકદમ શાંતચિત્તે બેઠા હતા ને આશીર્વાદ આપતા હતા. અને હા, મેં આજે જીવનમાં કલ્પના બહારની વસ્તુ જોઈ છે! હું તે ક્યારેય નહીં ભૂલું. મેં મારી નજરની સામે જોયું કે સંતો નીચે બેસી ગયા ને ખુરશીઓ મહેમાનોને આપી. આવું આ સંસ્થામાં જ શક્ય છે, બીજે ક્યાંય શક્ય જ નથી. હું અહીં આ ઉત્સવમાં ન આવ્યો હોત તો મને જીવનભરનો અફસોસ રહેત.'

અનેક લોકોએ વ્યવસ્થાને પણ હૃદયથી બિરદાવી. હજારો લોકોના આવા ઉત્સવમાં કેટલી ધમાલ અને કેટલો ઘોંઘાટ થતો હોય તે સ્વાભાવિક છે. પરંતુ અહીં એમાંનું કશું નહોતું.

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્માં' નામની જાણીતી ટી.વી. સિરિયલના પ્રોડ્યુસર શ્રી આસિતભાઈ મોદી અહોભાવથી કહે, '૭૨,૦૦૦ વ્યક્તિ સ્ટેડિયમમાં આવી ગઈ ને બહાર પણ નીકળી ગઈ! કોઈને અણસાર પણ આવ્યો નહીં!'

ડી. વાય. પાટીલ સ્ટેડિયમના માલિક અને પ્રખ્યાત એજ્યુકેશનલિસ્ટ શ્રી વિજયભાઈ પાટીલ આવા અનેક કાર્યક્રમોમાં થતી ભીડના સાક્ષી છે. સામાન્ય રીતે સ્ટેડિયમના આવા કાર્યક્રમોમાં ભીડ થાય ત્યારે લોકો કાબૂ બહાર જઈને તોફાન કરવા લાગે છે. અહીં પણ તેમના મનમાં દહેશત હતી કે સંખ્યા વધી જશે તો આ ઉત્સવમાં પણ લોકો એવું જ કરશે. પરંતુ ધારણા કરતાં પણ વધુ સંખ્યામાં હરિભક્તો ઊમટ્યા છતાં વિજયભાઈએ જોયું કે શિસ્ત અજોડ હતી. આથી પ્રભાવિત થઈને તેમણે હાથ જોડી દીધા ને કહ્યું, 'બી.એ.પી.એસ. સંસ્થાનું આ પાસું અમારે પણ શીખવા જેવું છે.'

સૂક્ષ્મ આયોજન અને સ્વયંસેવકોની વ્યવસ્થા ઉપરાંત હરિભક્તોમાં પણ સ્વયંશિસ્ત અને ભક્તિનો પ્રભાવ નીરખી શકાતો હતો. એટલું જ નહીં, સમગ્ર ઉત્સવના વાતાવરણનો પણ એક પ્રભાવ હતો.

વિજયભાઈ બોલી ઊઠ્યા હતા: 'છેલ્લી ૧૫ મિનિટ તો હું જાણે સ્વર્ગમાં હોઉં એવી જ અનુભૂતિ હતી!'

નવી મુંબઈમાં આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (ACP) રાજેન્દ્રજી ચૌહાણ જન્મજયંતી મહોત્સવમાં ફરજ પર હતા. ઉત્સવનું દિવ્ય વાતાવરણ તેમના હૈયે સ્પર્શી ગયું. તેમણે ઉપસ્થિત હરિભક્તોને ઘણી જિજ્ઞાસાપૂર્વક સ્વામીશ્રી અને સંસ્થા વિશે પૂછ્યું હતું. તેમાંનો એક સવાલ હતો: 'તમારો મુખ્ય ગ્રંથ કયો?' જવાબ મળ્યો: 'વચનામૃત.'

થોડી જ ક્ષણોમાં તેમણે ઇન્ટરનેટ પર વચનામૃત જોઈ લીધું, સ્વામીની વાતો પણ જોઈ લીધી. ત્યારબાદ તેઓ મહંત સ્વામી મહારાજનાં દર્શને આવ્યા. આ પ્રથમ મુલાકાતમાં જ તેમણે સ્વામીશ્રી સમક્ષ સામેથી પોતાનાં વ્યસનો અને અભક્ષ્ય આહાર -વિહાર છોડ્યાં. સ્વામીશ્રીએ ખૂબ પ્રસન્ન થઈને નિજહસ્તે તેમને કંઠી પહેરાવી, માળા પણ એક એક મણકાનો સ્પર્શ કરીને અર્પી, અને ખૂબ આશીર્વાદ આપ્યા. તેઓની વ્યસનમુક્તિથી પ્રસન્ન થઈને સ્વામીશ્રી બોલી ઊઠ્યા હતા: 'રાજેન્દ્રજીના સંકલ્પથી આપણો આ સમૈયો સાર્થક થયો.'

બહાર આવીને રાજેન્દ્રજીએ સંતોને કહ્યું: 'मैं स्वामीजी के सांनिध्य में Transcendence mode, divinity mode याने दिव्यता की भूमिका में पहुँच गया था। मैंने प्रमुखस्वामी महाराज के जीवन पर लिखित ट्रेन्सेन्डन्स बुक में जो पढा था, उसका अनुभव स्वामीजी के दर्शन किये तब मुझे हो गया !...'

મુંબઈના પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક માધ્યમોના પત્રકારો માટે તો આવી ઈવેન્ટ એક સામાન્ય બનતી ઘટના હોય. પરંતુ અહીં તેમને કંઈક જુદો જ અનુભવ થયો. એક પ્રસિદ્ધ પત્રકાર બોલી ઊઠ્યા હતા: '૩૫ વર્ષથી પત્રકાર છું અને મુંબઈના દરેક કાર્યક્રમ, પછી એ બોલિવૂડના હોય કે કોઈ મોટી સેલિબ્રિટીનાં, તમામનું રિપોર્ટિંગ કર્યું છે, પણ આવો કાર્યક્રમ મેં ક્યાંય જોયો નથી.' એક પત્રકારે કહ્યું: 'મુંબઈમાં આટલી મોટી સંખ્યા કોઈ કાર્યક્રમમાં હોય, અને એ પણ શહેરથી આ બાજુ અને એ પણ ચાલુ દિવસે, એ શક્ય જ નથી. આ તો કેવળ તમારા ગુરુ પ્રમુખસ્વામી મહારાજ તથા મહંત સ્વામી મહારાજનો જ પ્રભાવ છે.'

આ કાર્યક્રમમાં અન્ય ધાર્મિક સંસ્થાઓના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશન-ધરમપુરના પ્રતિનિધિઓ, વલ્લભ આશ્રમના ચૈતન્યસ્વરૂપ સ્વામી, મણિનગર સંસ્થાનના સંતો સહિત જૈન, શીખ, પારસી વગેરે સંસ્થાઓના અગ્રણીઓ પણ ઉપસ્થિત હતા. સૌનો એક જ ઉદ્ગાર હતો: 'અદ્ભુત!'

આમ, આ ઉત્સવ અનેક ભક્તો-મહાનુભાવોની સ્મૃતિઓમાં અમર અનુભૂતિ બનીને સંગ્રહાઈ ગયો. ◆






## લાખ ઘરોમાં આધ્યાત્મિક સંદેશના પ્રસારથી લઈને વ્યસનમુક્તિ અભિયાન સુધી...

# વર્ષભર મુંબઈમાં ભક્તિભર્યા કાર્યક્રમોની શૃંખલા

*'બીજાના ભલામાં આપણું ભલું. બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ.' – સૂત્રને જીવનમંત્ર બનાવી નિષ્કલંક સાધુજીવન જીવનાર વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજનું માનવજાત પર અનંત ઋણ છે. સાડા નવ દાયકાઓ સુધી પરહિત કાજે જીવનાર, સદ્‌ગુણોના ભંડાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને ભાવવંદના કરવા માટે, મુંબઈમાં ઊજવાયેલા ૯૮મા જન્મજયંતી મહોત્સવે સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ ભક્તિભર્યા કાર્યક્રમોની શૃંખલા વહેતી રહી હતી. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી આયોજાયેલા એ કાર્યક્રમોની એક સ્મૃતિ અહીં કરીએ...*

### એક લાખથી વધુ ઘરોમાં નીલકંઠવર્ણીની પધરામણી

જન્મજયંતીના ઉપક્રમે માર્ચથી જુલાઈ માસ દરમ્યાન મુંબઈમાં ઘરે ઘરે ભગવાન સ્વામિનારાયણના કિશોર-સ્વરૂપ શ્રી નીલકંઠવર્ણીની પધરામણી કરાવવામાં આવી હતી. ૧,૧૦,૦૦૦થી વધુ ઘરોમાં કાર્યકરોએ શ્રી નીલકંઠવર્ણી મહારાજની પધરામણી કરીને ભગવાન સ્વામિનારાયણ અને પ્રમુખસ્વામી મહારાજના જીવન-સંદેશને ઘરે ઘરે પહોંચાડ્યો હતો. પ્રત્યેક ઘરે શ્રી નીલકંઠવર્ણીની પધરામણીનો એક અનોખો માહોલ છવાઈ જતો હતો. ઘરના સભ્યોએ ઉત્સાહભેર અભિષેક, પૂજન, આરતી વડે શ્રી નીલકંઠવર્ણીનાં ચરણે ભક્તિ અદા કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ પૈકી ૨૭,૦૦૦ જેટલાં ઘરોમાં ૧૮૪ સંતોએ ફક્ત ૧૦ જ દિવસમાં પધરામણી કરી ધર્મ-અધ્યાત્મનો સંદેશ પહોંચાડ્યો હતો. પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મજયંતી મહોત્સવમાં પધારવાનું સૌને આમંત્રણ પાઠવીને સંતોએ દરેક પરિવારમાં સુખ-શાંતિ પ્રાપ્ત થાય તે માટે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી પ્રાર્થના કરી હતી. ઉપરાંત ઘરસભા, બાળસંસ્કાર વગેરે માટે પણ સૌને પ્રેરિત કર્યા હતા.

### એક લાખથી વધુ પાંખડીઓ દ્વારા વ્રત-તપ-જપ

મુંબઈમાં એવા અસંખ્ય ભક્તો વસે છે જેમને પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના સાંનિધ્યનો લાભ મળ્યો છે. તેવા ભક્તોને પાંખડીઓ અર્પણ કરવામાં આવી હતી. એવા એક લાખથી વધુ ભક્તોની યાદી બનાવીને તેમના ઘરે માનવનિર્મિત પુષ્પ-પાંખડી પહોંચાડવામાં આવી હતી. પોતાની પ્રાતઃપૂજામાં બે દિવસ આ પાંખડી પધરાવીને વ્રત-તપ-જપ કરીને સૌએ સ્વામીશ્રીનાં ચરણે વિશેષ ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું હતું. ત્યારબાદ એ એક લાખથી વધુ પાંખડીઓનો હાર બનાવી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળોમાં અર્પણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દ્વારા એક લાખથી વધુ ભક્તોનો સંપર્ક કરી જન્મજયંતીનો સંદેશ આપવામાં આવ્યો હતો.

### બાળકો દ્વારા વ્યસનમુક્તિ અભિયાન

૪૦ લાખથી વધુ વ્યસનગ્રસ્તોને વ્યસનમુક્ત કરનાર પ્રમુખસ્વામી મહારાજને ભક્તિ-અંજલિ અર્પવા મુંબઈના બી.એ.પી.એસ. બાળમંડળે એક વિશિષ્ટ કાર્યક્રમ યોજ્યો

હતો. વિશ્વમાં 'વર્લ્ડ નો-ટોબેકો ડે'ની ઉજવણી ૩૧ મેના રોજ કરવામાં આવે છે. આ દિને દાદર સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં એક 'પ્રાર્થના યજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦૦૦ બાળકો સામેલ થયા હતા. આ બાળકોએ મુંબઈના માર્ગો પર વ્યસનમુક્તિ રેલી યોજી હતી. રેલીમાં બાળકોએ વિવિધ પ્રેરણાત્મક બેનર્સ પ્રદર્શિત કરીને વ્યસનીઓને વ્યસનમુક્ત જીવન જીવવાની આગ્રહભરી વિનંતી કરી હતી. વ્યસનમુક્તિનું જાહેર પ્રદર્શન ગોઠવીને બાળકોએ વ્યસનથી થતા ભયંકર નુકસાનની સમજ આપીને વ્યસનીઓને વ્યસનમુક્તિની અપીલ કરી હતી.

### વ્રત-તપ-ભક્તિ-સેવાની સરવાણી

આવાં વિવિધ આયોજનોમાં વ્રત-તપ-ભક્તિ-સેવાની સરવાણી સમગ્ર વર્ષ દરમ્યાન અવિરત વહેતી રહી હતી. હજારો હરિભક્તોએ ભક્તિપૂર્વક વૈદિક મહાપૂજાનો લાભ લીધો હતો. વર્ષ દરમ્યાન વહેલી સવારની મંગળા આરતી અને શણગાર આરતી વચ્ચેના સમયગાળા દરમ્યાન હરિભક્તોએ દાદર બી.એ.પી.એસ. મંદિરમાં ભજન-ભક્તિ કરી હતી. મહિલાઓ માટે મહિલા-ઉત્કર્ષ સમારંભો યોજાયા હતા. મહિલાઓએ વૃદ્ધાશ્રમો, હૉસ્પિટલોમાં જઈને લોકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

આમ, સમગ્ર વર્ષ દરમ્યાન યોજાયેલા ભક્તિભર્યા કાર્યક્રમોમાં સહભાગી બની હજારો હરિભક્તોએ પ્રમુખસ્વામી મહારાજના જન્મોત્સવે તેઓનાં ચરણે ભક્તિ-અંજલિ અર્પી હતી.

બી.એ.પી.એસ. સત્સંગ મંડળ, મુંબઈના આ અનેકવિધ કાર્યક્રમોમાં કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ, કોઠારી અભયસ્વરૂપદાસ સ્વામી, સંતનિર્દેશકો - અક્ષરચરિતદાસ સ્વામી, પ્રસન્નમુનિદાસ સ્વામી, અન્ય તમામ સંતો તેમજ બાળ-યુવા-મહિલા-સંયુક્ત સત્સંગ પ્રવૃત્તિના સંયોજકો, નિર્દેશકો, નિરીક્ષકો, મંડળ સંચાલકો, સંપર્કકાર્યકરો, સ્વયંસેવકો વગેરેના અવિરત ભક્તિમય પુરુષાર્થથી આ ઉત્સવ અને સમગ્ર વર્ષભરના કાર્યક્રમો દીપી ઊઠ્યા હતા. સમગ્ર ઉત્સવના આયોજનમાં ઈશ્વરચરણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ જ્ઞાનેશ્વરદાસ સ્વામી, નારાયણ-મુનિદાસ સ્વામી, નિખિલેશદાસ સ્વામી, ઋષિરાજદાસ સ્વામી, બ્રહ્મવિહારીદાસ સ્વામી વગેરે મહોત્સવ સમિતિના સંતો અને સ્થાનિક સુમંગલદાસ સ્વામી વગેરે સંતોએ પણ મહોત્સવની સફળતામાં ભક્તિમય યોગદાન આપ્યું હતું. ◆

---

### જ્યોતયાત્રાઃ છપૈયાથી ચાણસદ

પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતી મહોત્સવના ઉપક્રમે એક બીજી જ્યોતયાત્રા યોજાઈ હતી જે ઉત્તરપ્રદેશમાં ભગવાન સ્વામિનારાયણના પ્રાગટ્ય સ્થાન છપૈયાથી લઈને પ્રમુખસ્વામી મહારાજની જન્મભૂમિ ચાણસદ સુધી વિસ્તરી હતી. છપૈયા-અયોધ્યાથી શરૂ કરીને આ જ્યોતયાત્રા ચિત્રકૂટ, કટની થઈને મધ્યપ્રદેશમાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજના જન્મસ્થાન જબલપુર ખાતે પહોંચી હતી. અહીંથી નાગપુર, અકોલા, જાલના થઈને મુંબઈમાં જન્મજયંતી મહોત્સવે મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં પહોંચી હતી. અહીંથી પુનઃ આરંભીને પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્ય સ્થાન ચાણસદ ખાતે વિરમી હતી. જન્મસ્થાનથી જન્મસ્થાનની આ જ્યોતયાત્રામાં અટલાદરા (વડોદરા) ગામના ૮૦ મશાલ યાત્રીઓ તથા ભક્તિપ્રકાશદાસ સ્વામી અને નીલકંઠજીવનદાસ સ્વામી શામેલ થયા હતા. કુલ ૨૧૦૦ કિલોમીટરની આ જ્યોતયાત્રા વડોદરા પહોંચી ત્યારે શહેરના પ્રતિનિધિઓ તથા કાઉન્સિલરો દ્વારા તેનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.




### જ્યોતયાત્રાઃ ચાણસદથી મુંબઈ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્ય તીર્થ ચાણસદ ગામના બી.એ.પી.એસ. સત્સંગમંડળના યુવાનો અને હરિભક્તોએ સન ૨૦૧૫માં સારંગપુરમાં પ્રમુખસ્વામી મહારાજના ૯૫મા જન્મજયંતી મહોત્સવ પ્રસંગે સંકલ્પ કર્યો હતો કે દર વર્ષે પ્રમુખસ્વામી મહારાજની જન્મજયંતી જ્યાં જ્યાં ઊજવાય ત્યાં ત્યાં પ્રજ્વલ્લિત જ્યોત લઈને દોડયાત્રા યોજવી. ૨૦૧૫માં સારંગપુર, ૨૦૧૬માં સુરત, ૨૦૧૭માં આણંદ અને ૨૦૧૮માં રાજકોટ જન્મજયંતીમાં ૮૦થી ૧૦૦ યુવાનો જ્યોતયાત્રામાં જોડાયા હતા.

આ વર્ષે મુંબઈ સુધી ૪૮૦ કિલોમીટરનું અંતર કાપીને આ યુવાનો સર્વત્ર સંદેશ પ્રસરાવતાં પ્રસરાવતાં મુંબઈ ખાતે જન્મજયંતી મહોત્સવમાં આવ્યા હતા. આ સર્વેની ગુરુભક્તિને અભિવંદન. ◆

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના વિચરણ સમાચાર

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા



## આદિ તીર્થધામ બોચાસણમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ...

*તીર્થધામ બોચાસણ એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણનું એવું મહાન પ્રાસાદિક તીર્થ, જ્યાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે શ્રીહરિ પ્રબોધિત વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું પ્રથમ ધામ સ્થાપ્યું હતું. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અહીં ગગનચુંબી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર રચી, તેમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ પધરાવી આ શુદ્ધ ઉપાસનાની જ્યોતિ પ્રજ્વલિત કરી હતી. અહીંથી આરંભાયો અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો અજોડ અધ્યાય. ત્યારપછી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ઘંટનાદ નવખંડ ધરામાં ગુંજાવ્યો, જેનું સુકાન વર્તમાન સમયે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ સંભાળી રહ્યા છે. ઉપાસનાના પ્રવર્તનની સાથે સાથે આ ગુણાતીત ગુરુવર્યોના પ્રભાવથી બી.એ.પી.એસ. સંસ્થાના છત્ર હેઠળ અસંખ્ય લોકોમાં આધ્યાત્મિકતા અને નૈતિક સંસ્કારોનું સિંચન થયું છે, વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓથી સમાજના અનેક પ્રાણ પ્રશ્નો હલ કરાયા છે. આ સંસ્થાના માધ્યમ દ્વારા સમયે સમયે પ્રગટ ગુણાતીત સત્પુરુષનું સાંનિધ્ય મળતાં સૌ કોઈ શાશ્વત શાંતિનો અનુભવ કરી રહ્યા છે. તાજેતરમાં તીર્થધામ બોચાસણ ખાતે ચરોતરવાસીઓને મળેલા પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના સાંનિધ્ય-લાભની એક ઝલક અહીં પ્રસ્તુત છે...*

## બોચાસણમાં આગમન

તા. ૧૦-૧૧-૨૦૧૯ના રોજ સ્વામીશ્રી રાજકોટથી વિદાય લઈ તીર્થધામ બોચાસણ પધાર્યા હતા. સ્વામીશ્રીના આગમનને વધાવવા સમગ્ર મંદિર પરિસર પ્રજ્વલિત દીપકો અને રોશનીથી શણગારાયું હતું. ત્યાગવલ્લભદાસ સ્વામી તથા કોઠારી વેદજ્ઞદાસ સ્વામીએ હાર પહેરાવી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું હતું. ઉપસ્થિત સંતો તેમજ વિશાળ સંખ્યામાં દર્શનાર્થે ઊમટેલા હરિભક્તોને સ્વામીશ્રીએ નૂતન વર્ષના 'જય સ્વામિનારાયણ' પાઠવ્યા હતા.

તા. ૧૦-૧૧-૨૦૧૯થી ૨૮-૧૧-૨૦૧૯ સુધી બોચાસણ ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ ચરોતર પંથકના હજારો ભક્તો-ભાવિકોને આધ્યાત્મિક લાભથી લાભાન્વિત કર્યા હતા. સ્વામીશ્રીના અહીંના રોકાણ દરમિયાન પ્રાતઃપૂજા તથા સંધ્યા સત્સંગસભાઓ પ્રમુખસ્વામી સભાગૃહમાં યોજાઈ હતી. હજારો હરિભક્તો સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શનનો લાભ પ્રાપ્ત કરી ધન્ય થયા હતા. બાળકો-કિશોરો-યુવકોએ પ્રાતઃપૂજામાં વિવિધ ભક્તિભાવ સાથે કાર્યક્રમો રજૂ કર્યા હતા. તેમાંય, બોચાસણ ક્ષેત્રના ૨૮ બાળકોએ સમૂહમાં સહજાનંદ નામાવલીનો મુખપાઠ રજૂ કર્યો ત્યારે સ્વામીશ્રી એટલા પ્રસન્ન થઈ ગયા કે માળાજાપ દરમ્યાન તમામ બાળકોને સમીપે બોલાવી, પ્રત્યેકના માથે હાથ મૂકી આશિષ અર્પ્યા હતા! અહીંના ભક્તોએ ભક્તિની પણ એક પરાકાષ્ઠા રચી હતી. આજુબાજુનાં જુદાં જુદાં ગામો તેમજ સત્સંગ કેન્દ્રોમાંથી મોટી સંખ્યામાં ભક્તોએ વિવિધ વ્રત-તપ-ઉપવાસ સાથે પદયાત્રા કરીને શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

અહીં ઉલ્લેખનીય છે કે પૂજ્ય ડૉક્ટર સ્વામીની પ્રેરણાથી બોચાસણ મંદિરમાં નિત્ય સમૂહપૂજા યોજાય છે. જેમાં, બાળકો અને હરિભક્તોની સાથે મંદિરમાં સેવા આપતા વિવિધ વિભાગોના યુવકો- હરિભક્તો સંમિલિત થાય છે. ઉપરાંત દર રવિવારે બોચાસણ આજુબાજુનાં ગામોમાં હરિભક્તો પોતપોતાના નજીકનાં બી.એ.પી.એસ. મંદિરમાં એકત્રિત થઈને સમૂહપૂજા કરે છે! આમ, ભગવાન સ્વામિનારાયણે આપેલા નિયમ-ધર્મનું યથાર્થ પાલન તેમજ ગુરુવર્યો અને સંતોનાં વચનોને અધ્ધર ઝીલી બી.એ.પી.એસ. સંસ્થાના લાખો હરિભક્તો આધ્યાત્મિક મૂલ્યો જીવનમાં આત્મસાત્ કરી રહ્યા છે.

બોચાસણ ખાતે સંધ્યા સમયે યોજાયેલી સત્સંગ સભાઓમાં સ્વામીશ્રીએ આપેલા આધ્યાત્મિક લાભથી આપણે પણ અહીં લાભાન્વિત થઈએ...

## કાર્તિકી પૂર્ણિમાનો ઉત્સવ

તા. ૧૨-૧૧-૨૦૧૯ના રોજ બોચાસણ ખાતે મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં કાર્તિકી પૂર્ણિમાનો પારંપરિક ઉત્સવ હજારો ભક્તોની ઉપસ્થિતિમાં ઊજવાઈ ગયો. નૂતનવર્ષ ઉપરાંત આજના દેવદિવાળી પર્વે પણ બોચાસણમાં ઠાકોરજી સમક્ષ અન્નકૂટ ધરાવવાની પ્રણાલિકા રહી છે. વરસોથી આ સેવા નૈરોબીના સંનિષ્ઠ હરિભક્ત અરવિંદભાઈ સાહેબ અને પરિવાર કરે છે. આજે પણ ઠાકોરજીને ભાતભાતની વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સ્વામીશ્રીએ તે સમગ્ર પરિવાર વતી આશિષભાઈને આશીર્વાદ અર્પ્યા. ત્યારપછી અન્નકૂટ મધ્યે શોભતા અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતી ઉતારી હતી.

કાર્તિકી પૂર્ણિમાની મુખ્ય સભા સંધ્યા સમયે સ્વામિનારાયણ બાગ ખાતે યોજાઈ હતી. આ સમારોહમાં 'વચનામૃતના સિદ્ધાંતો પર સંસ્થાનો વિકાસ' મધ્યવર્તી વિચાર સાથે ઉપાસના, આજ્ઞા, સદ્ભાવ, પક્ષ અને સત્પુરુષ વિષયક મનનીય કાર્યક્રમો રજૂ થયા હતા. સંવાદ-વીડિયો ઉપરાંત વિદ્વાન અને વરિષ્ઠ સંતોનાં પ્રવચનોએ સૌને આજ્ઞા-ઉપાસનાની દૃઢતા કરાવી હતી. અડાસ યુવક મંડળે *'અક્ષરપુરુષોત્તમ ઉપાસનાને કાજ...'* કીર્તન પર ભક્તિનૃત્ય કરી શાસ્ત્રીજી મહારાજને અંજલિ અર્પી હતી. ત્યારબાદ વરિષ્ઠ સંતો દ્વારા વિવિધ વચનામૃતોનાં નિરૂપણોના સંકલનરૂપે સંસ્થા દ્વારા પ્રકાશિત ધ્વનિપ્રકાશન 'સંતસમાગમ ભાગ ૧૨'નું સ્વામીશ્રીએ વિમોચન કર્યું હતું.

અંતે આજના શુભદિને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''શ્રીજીમહારાજ ઘણી કૃપા કરી પૃથ્વી પર પધાર્યા. એ ન આવ્યા હોત તો આપણને લખચોરાશીના ચકરાવામાંથી કોણ ઉગારત? તેમની આ કૃપા અવશ્ય સમજવાની છે. પછી ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ ને પ્રમુખસ્વામી મહારાજ બધાને તેમણે આપણી વચ્ચે રાખ્યા. આ પણ તેમની ઘણી મોટી કૃપા. ખરેખર આ એકાંતે બેસીને વિચારવા જેવી વાત છે.

બીજી કૃપા - શાસ્ત્રીજી મહારાજની. તેમણે અક્ષરપુરુષોત્તમ ઉપાસના માટે દાખડો કરી આપણને રોકડો મોક્ષ આપી દીધો. ત્યારપછી યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજે ઘણો દાખડો કર્યો છે, એટલે આપણે મજા કરીએ છીએ ને કરવાની છે, પણ



શ્રીજીમહારાજને ધર્મનિયમ બહુ ગમે છે. શ્રીજીમહારાજે કહ્યું: 'જ્યાં ધર્મ છે ત્યાં અમારો વાસ છે.' માટે ધર્મ-નિયમ સહિત મૂલ્યો રાખવાનાં છે. નિયમ ને નિશ્ચય હોય તો ઠેઠ અક્ષરધામ સુધી કોઈ આડા આવે નહીં. માટે આવાં મૂલ્યો રાખીને દાસના દાસ થવાનું છે, મહિમા સમજવાનો છે, એકબીજાને પગે લાગવાનું છે. શ્રીજીમહારાજ અને ગુરુપરંપરાએ આ બધાં મૂલ્યો પ્રવર્તાવ્યાં છે. આ રીત રાખવાની અને સત્સંગ કરવાનો.''

## સાયંસભાઓમાં પ્રેરણાલાભ

સ્વામીશ્રીના સાંનિધ્યમાં નિત્ય યોજાતી સાયંસભાઓમાં પણ વિવિધ પ્રેરણાઓનો પ્રવાહ વહેતો રહ્યો હતો.

● તા. ૧૫-૧૧-૨૦૧૯ની સાયં-સભામાં મહેળાવના યુવકોએ વિવિધ રજૂઆતો કરી હતી. સૌપ્રથમ યુવાવૃંદે 'हम बी.ए.पी.एस. के युवा, हम है स्वामी की संतान...' કીર્તન પર જોમભર્યું નૃત્ય કર્યું હતું. 'ઈંટ અને ઈમારત' સંવાદ દ્વારા વાલીઓને બાળકોને પ્રેમ, સમય અને સંસ્કાર આપવાનો સંદેશ અપાયો હતો. તે માટેના ઉપાયરૂપે બાળસભા અને ઘરસભાનો નિર્દેશ કરાયો હતો.

અંતમાં ઘરસભાનો મહિમા કહેતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'બાળકોના પ્રશ્નોના ઉપાયમાં મૂળ છે ઘરસભા. ઘરસભા પ્રમુખસ્વામી મહારાજે આપેલી છે. એમાં ઘણાબધા ફાયદા છે. પહેલે દિવસે ફાયદો ન થાય, પણ જતે દિવસે થાય. માટે આપણે ઘરસભા અવશ્ય કરવી.' ત્યારપછી સ્વામીશ્રીએ ગઢડા અંત્યના છઠ્ઠા વચનામૃત પર મનનીય નિરૂપણ કર્યું હતું.

● તા. ૧૭-૧૧-૨૦૧૯ના રોજ યોજાયેલી રવિ સત્સંગ સભામાં ડૉક્ટર સ્વામીએ પ્રેરણાવચનો દ્વારા સત્સંગ અને સત્પુરુષનો મહિમા દૃઢાવ્યો હતો. ત્યારપછી રજૂ થયેલા 'ફરૂરૂરૂ' સંવાદમાં સત્સંગ કરીને માન મૂકવાની પ્રેરણા અપાઈ હતી.

આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'માન તો દોષોનો સરવાળો છે. સૂક્ષ્મપણે માન એક એક ક્રિયામાં હોય છે. આપણને દેખાય નહીં, પણ તે જુદે જુદે સ્વરૂપે ઘૂસે ને અભડાવે છે.' પછી સ્વામીશ્રીએ ગઢડા મધ્યના ૪૬મા વચનામૃત પર નિરૂપણ કરતાં કહ્યું, 'આ લોકનું બધું નાશવંત છે. આપણે વ્યવહાર કરીએ છીએ, પણ એમાં મન પરોવવાનું નથી. દાદાખાચર, પર્વતભાઈ એ બધા વ્યવહાર કરતા, પણ મન તો ભગવાનમાં પરોવાયેલું હતું. એટલે ગૃહસ્થાશ્રમમાં પણ આટલું તો કરવું જ પડશે, નહીં તો મોક્ષમાં ઘણું છેટું રહી જશે. આપણે બધા મોક્ષ માટે જ જન્મ્યા છીએ. મોક્ષની વાત સમજાય તેના માટે રવિસભા છે. તેનો મહિમા જાણો તો અમલમાં આવે, જ્ઞાન થાય ને મોક્ષના માર્ગે ચડી જવાય. 'રવિસભા ભરવી' એ યોગીબાપાનાં વચન છે. એમનાં વચનમાં મોક્ષ છે.

શ્રીજીમહારાજનો અવતાર એકાંતિક ધર્મના સ્થાપન માટે થયો છે. આપણે એમના શિષ્ય હોઈએ તો એ માર્ગે ચાલવું એ આપણી ફરજ છે. નહીં તો જન્મ વ્યર્થ ગયો! જે એકાંતિક ધર્મની વાત ન જાણે તેને બીજામાં માલ જણાય. પણ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું: 'આ ભગવાન ને સંત જોવા જેવા છે, બીજામાં કાંઈ માલ નથી.' મહારાજ ને સ્વામી, આ બેમાં

જ માલ છે. સંત ભગવાનમાં જોડી દે. સાક્ષાત્કાર કરાવે. સત્સંગમાં આવ્યા, કંઠી પહેરી પછી ભગવાને ચીંધેલા માર્ગે જવું પડે, એકાંતિકના માર્ગે જવું પડે, એમના વચનમાં રહેવું પડે. એકાંતિક ધર્મની વાત આપણા જીવમાં સચોટ પેસી જાય પછી ભગવાન ને સંતનો અભાવ ન આવે અને એટલામાં જ અક્ષરધામ મળે છે.''

● તા. ૨૨-૧૧-૨૦૧૯ના રોજ યોજાયેલી સત્સંગ સભામાં શાસ્ત્રીજી મહારાજ અને સત્સંગનો પક્ષ રાખનાર અનન્ય ભક્તરાજ 'હીરામુખી'નો સંવાદ યુવકોએ રજૂ કર્યો હતો. સંવાદ બાદ યુવકોએ ભક્તિનૃત્ય દ્વારા વિશેષ ભાવઅર્ઘ્ય અર્પ્યું હતું.

અંતમાં સ્વામીશ્રીએ સંવાદના સંદર્ભમાં આશિષ અર્પતાં જણાવ્યું: ''શાસ્ત્રીજી મહારાજે ગલભાઈ, હીરાભાઈ વગેરે ભક્તોને સિંહ જેવા પકવ્યા. ગણ્યાગાંઠ્યા હતા, પરંતુ સિંહ જેવા શૂરવીર હતા. સિંહનાં ટોળાં ન હોય. હીરાભાઈએ પ્રલોભનો બાજુમાં મૂકીને શાસ્ત્રીજી મહારાજનો પક્ષ રાખ્યો. કારણ કે શાસ્ત્રીજી મહારાજ સાચા હતા ને હીરાભાઈ તે પારખી ગયા હતા, માટે શિરસાટે પક્ષ રાખ્યો.

શાસ્ત્રીજી મહારાજ કહેતા, 'સાચે દેવળે ઘંટ વાગશે.' આપણે આ સમજવાનું છે. મુઠ્ઠીભર હોય તોય તેનો ડંકો વાગશે. પણ અત્યારે તો માથું આપી દે તેવા લાખો હરિભક્તો તૈયાર થયા છે. તમે બધા પણ એવો પક્ષ રાખવાવાળા છો. સાચા ભગવાન છે, સાચો સિદ્ધાંત છે. એને લીધે બધું ચાલે છે. શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને સત્પુરુષો સાચા છે. એ બધાને લીધે આ જ્ઞાન ચાલ્યા જ કરશે, અટકશે નહીં.

શાસ્ત્રીજી મહારાજે કહ્યું, 'મારું કાર્ય ચાલુ જ રહેશે. ઉપાસનાની વાત સાચી છે એટલે આપણે બધા મજા કરીએ છીએ ને જે આમાં જોડાશે એ પણ મજા કરશે.''

આજે સંતો તેમજ કાર્યકર્તાઓ દ્વારા અપાયેલા 'પારિવારિક શાંતિ અભિયાન'ની વિસ્તૃત સમજૂતીથી પ્રસન્નતા પામી સ્વામીશ્રીએ 'ખૂબ સફળતા મળશે' એવા આશિષ પાઠવ્યા હતા.

## યુવા તાલીમ કેન્દ્ર પદવીદાન

તા. ૨૪-૧૧-૨૦૧૯ના રોજ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં યોજાયેલી રવિસભામાં સારંગપુર ખાતે યુવા-તાલીમકેન્દ્રમાં તાલીમ પામેલા યુવકોનો પદવીદાન સમારોહ યોજાયો હતો. 'ચારિત્ર્યના દીપ' કેન્દ્રવર્તી વિચાર સાથે યોજાયેલા સમારંભમાં યુવકોએ તાલીમકેન્દ્રથી પોતાના જીવનમાં કેવાં આમૂલ પરિવર્તનો આવ્યાં તે સ્વાનુભવો વર્ણવ્યા હતા. તાલીમાર્થીઓની આ ૨૦મી બેચના પ્રારંભમાં સ્વામીશ્રીએ આશીર્વચનમાં યુવકોને નિષ્કામ ધર્મની વાત દૃઢાવી હતી. એ જ સંદેશને કેન્દ્રમાં રાખી આજે સમગ્ર કાર્યક્રમ પ્રસ્તુત થયો હતો. આ જ વિચારને પરિપુષ્ટ કરતાં 'हम युवा हम युवा, हम हैं स्वामी की संतान...' કીર્તન પર યુવકોએ નૃત્યાંજલિ અર્પી હતી. ત્યારપછી એક વિશિષ્ટ કાર્યક્રમની પ્રસ્તુતિ દરમ્યાન યુવકો દુર્ગુણ લખેલો એક ફુગ્ગો હૃદય પર રાખી સ્વામીશ્રી સમક્ષ ક્રમશઃ આવ્યા. સ્વામીશ્રી તે ફુગ્ગાને ફોડે પછી યુવકના ટીશર્ટ પર લખેલો સદ્ગુણ ઉદ્ઘાટિત થતો હતો. મર્માળું હસતાં હસતાં સ્વામીશ્રી આ સદ્ગુણો જીવનમાં ચરિતાર્થ કરવા સૌને પ્રેરતા હતા.

અંતે સ્વામીશ્રીએ જણાવ્યું: ''યુવા તાલીમ કેન્દ્ર ક્લાસ નથી, જીવન ઘડતરનું સાધન છે. અહીં જીવન ઘડાય છે. તમે અત્યારે જે રજૂ કર્યું એ જીવનમાં ઉતારવાનું છે. એ પ્રમાણે વર્તવાનું છે. ચારિત્ર્ય ને સદ્મૂલ્યોથી શ્રીજીમહારાજ રાજી થાય છે. તે જીવન જીવવાના અને મોક્ષના એમ બંનેના કામમાં આવે છે.

ખરેખર ભાગ્ય જગાડવાં હોય તો આ ટ્રેનિંગ અંતઃકરણપૂર્વક લેવી. ૬ મહિનામાં ૬૦ વર્ષનું કામ થાય એવી આ ટ્રેનિંગ છે. જીવન જીવવા માટે, મજબૂત કરવા માટે અને આગળ વધવા માટે બધું આમાં આવી જાય છે. જો ખરેખર પ્રામાણિકપણે આ બધું કરો તો તમે એકાંતિક થઈ જાઓ, ભગવાન સાથે જોડાણ થઈ જાય. જીવન ધન્ય થઈ જાય. યુવા તાલીમ કેન્દ્રની ટ્રેનિંગ બહુ મોટાં ભાગ્ય હોય તેને મળે. આ ટ્રેનિંગ શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજની છે. એમાં કાંઈ બાકી રહે નહીં. શ્રીજીમહારાજના ખોળામાં બેસી જવાશે એવી આ ટ્રેનિંગ છે.''

આશીર્વાદની સમાપ્તિ બાદ એક યુવકે પ્રતિજ્ઞા ઝિલાવી. તેના અંતિમ શબ્દો હતા: 'આપની લાજ ન જાય એવી રીતે આજીવન ચારિત્ર્યના દીપ બનીને અક્ષરપુરુષોત્તમ માટે અમે કુરબાન થઈશું. આપને રાજી કરીશું!' પ્રતિજ્ઞાના સંદર્ભમાં સ્વામીશ્રીએ પુનઃ પ્રેરણાવચનો કહ્યાં: 'આપણા ગુરુની લાજ ન જાય એ રીતે વર્તવું. આ ઘડતર તમારા પોતા માટે છે, અન્ય માટે નહીં. તમારું જીવન એવું હશે તો બીજાને સમાસ થશે, વગર કહ્યે.''

યુવા-તાલીમકેન્દ્રના સંચાલનમાં સેવા આપતા સંતો તથા કેટલાક યુવકોએ સ્વામીશ્રીને પુષ્પહાર અર્પણ કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. પદવીદાન નિમિત્તે સેવકોને આપવાનાં પ્રમાણપત્રો



તથા સ્મૃતિભેટ સ્વામીશ્રીએ પ્રસાદીભૂત કરીને સૌ પર કૃપાવર્ષા કરી હતી.

## મૂર્તિપ્રતિષ્ઠા વિધિ

તા. ૨૬-૧૧-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીના હસ્તે ૧૬ ગામોનાં મંદિરોની મૂર્તિઓનો પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ તથા ૪ ગામોનાં મંદિરોનો ખાતવિધિ થયો હતો. બોચાસણ ક્ષેત્રના નવાખલ, ચંદનપુરા, વૃંદાવન, કલ્યાણપુરા(કાલુ) (પુનઃ પ્રતિષ્ઠા), સંતપુરા, ગણેશપુરા, નીલકંઠપુરા, રાવપુરા, ખડોધી (ઘનશ્યામ મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિઓ), વીરસદ; માતર-રઢુ ક્ષેત્રના ભાઈલાકુઈ; સાંકરી ક્ષેત્રના ઘાટા (ઘનશ્યામ મહારાજ અને ગુરુપરંપરા), વ્યારા (ઘનશ્યામ મહારાજ), બાજીપુરા (પુનઃપ્રતિષ્ઠા); નવાનરોડા (અમદાવાદ); ભદ્રેશી (સુરેન્દ્રનગર) વગેરે નગરો અને ગામોનાં બી.એ.પી.એસ. સ્વામિ-નારાયણ મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો સમાવેશ થતો હતો. સાથે બોચાસણ ક્ષેત્રના નીલકંઠપુરા, સંતપુરા; નડિયાદ ગ્રામ્ય ક્ષેત્રના હીરાચંદની મુવાડી અને પીપલગ ખાતે રચાનાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોનો ખાતવિધિ પણ સ્વામીશ્રીએ કર્યો હતો. આ ઉપરાંત ૧૪મી નવેમ્બરના રોજ સિંહોલ (આણંદ ક્ષેત્ર) અને ૨૧ નવેમ્બરના રોજ પામોલ ગામમાં રચાનાર બી.એ.પી.એસ. મંદિરની ઇષ્ટિકાનું સ્વામીશ્રીએ પૂજન કર્યું હતું.

મૂર્તિપ્રતિષ્ઠાના આ અવસરે ઉપરોક્ત ગામોમાંથી પધારેલા હરિભક્તો પર સ્વામીશ્રીએ પ્રસન્નતા-પૂર્વક અમીદૃષ્ટિ કરી સૌને દર્શનલાભ આપ્યો હતો.

આજની સંધ્યા સત્સંગ સભામાં યુવકોએ 'મુકદ્દમો' સંવાદ અને *'યોદ્ધા યુવાનો મહંત સ્વામીના...'* કીર્તન પર ભક્તિનૃત્ય કરી સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

સંવાદના અનુસંધાનમાં આશિષ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'શ્રીજી-મહારાજની મરજી વિના અક્ષરબ્રહ્મ કે કોઈ આઘાપાછા થતા નથી તો આપણે પણ શ્રીજીમહારાજની મરજી પ્રમાણે રહેવું. એમાં બધું આવી ગયું.' સૌને સાચી સમજણ દૃઢાવીને સ્વામીશ્રીએ ગઢડા પ્રથમના ૩૫મા વચનામૃત પર સુંદર નિરૂપણ કર્યું હતું.

બોચાસણ ખાતેના નિવાસ દરમ્યાન તા. ૧૪, ૧૬, ૨૫ અને ૨૭ નવેમ્બરના રોજ સ્વામીશ્રીએ બોચાસણ અને મહેળાવના હરિભક્તોને મુલાકાત -દર્શનનો લાભ આપ્યો હતો.

આમ, સૌને સત્સંગ-ભક્તિથી કૃતકૃત્ય કરી સ્વામીશ્રી મુંબઈ ખાતે ઊજવાનારા પ્રમુખસ્વામી મહારાજના ૯૮મા જન્મોત્સવે સૌને આધ્યાત્મિક લાભ આપવા માટે મહાનગરી મુંબઈ પધાર્યા હતા.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆



# 'આ મંદિર ઇંગ્લેન્ડને પ્રમુખસ્વામી મહારાજની મહાન ભેટ છે...'

## ઈંગ્લેન્ડના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સને લંડનના બી.એ.પી.એસ. મંદિરે પધારીને અર્પી પ્રમુખસ્વામી મહારાજને ભક્તિ-અંજલિ....



સન ૧૯૯૫માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પશ્ચિમ વિશ્વમાં લંડન ખાતે ભારતીય શિલ્પ-સ્થાપત્ય અને કલાકૌશલ્યથી શોભતું સૌ પ્રથમ શિખરબદ્ધ હિન્દુ મંદિર - બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કર્યું ત્યારથી છેલ્લા અઢી દાયકાથી આ મંદિર પશ્ચિમ જગતમાં લોકો માટે ભારતીય સંસ્કૃતિનું એક અનોખું નજરાણું બની ગયું છે. સૌ માટે વિરલ આકર્ષણના કેન્દ્રરૂપ આ મંદિરના દર્શને બ્રિટનના રાજવી કુટુંબ અને વડાપ્રધાનથી માંડીને દેશ અને દુનિયાના ધાર્મિક, સામાજિક ક્ષેત્રના માંધાતાઓ અવારનવાર અહીં પધારતા રહે છે.

વિશ્વભરમાં યોજાઈ રહેલા પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી પર્વના વિવિધ કાર્યક્રમોની શૃંખલામાં, યુ.કે.ના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સન પણ પ્રમુખસ્વામી મહારાજને પોતાની ભક્તિ-અંજલિ અર્પવા તા. ૭-૧૨-૨૦૧૯ના રોજ આ બી.એ.પી.એસ. મંદિરે પધાર્યા હતા. તેઓની સાથે યુ.કે.ના ગૃહમંત્રી શ્રી પ્રીતિ પટેલ અને શ્રી કેરી સાયમન્ડ્સ પણ પધાર્યાં હતાં.

વડાપ્રધાનશ્રીનું કોઠારી યોગવિવેકદાસ સ્વામીએ ભારતીય પરંપરા મુજબ પુષ્પહાર, નાડાછડી બાંધીને ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. મહિલાપાંખનાં અગ્રણી બહેનોએ શ્રી પ્રીતિ પટેલ અને શ્રી કેરી સાયમન્ડ્સને સત્કાર્યાં હતાં. વડાપ્રધાનશ્રીએ મધ્યખંડમાં બિરાજિત શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ ત્યારબાદ ગુણાતીત ગુરુપરંપરાનાં દર્શન કરીને તેઓનાં ચરણોમાં ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ શ્રી નીલકંઠવર્ણી પર અભિષેક કરીને વિશ્વમાં શાંતિ પ્રવર્તે તે માટે પ્રાર્થના કરી હતી.

દર્શન બાદ વડાપ્રધાનશ્રીએ મંદિરના સંનિષ્ઠ સ્વયંસેવકોને મળીને તેઓની સેવાઓને બિરદાવી હતી. તેમની પાસેથી મંદિરની વિવિધ સેવાપ્રવૃત્તિઓ અંગેની જાણકારી મેળવીને વડાપ્રધાનશ્રી ખૂબ પ્રભાવિત થયા હતા. સાથે અન્ય હિન્દુ સંગઠનોના અગ્રણીઓને પણ મળ્યા હતા.

ત્યારબાદ તેઓ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતી ઉત્સવમાં સંમિલિત થવા સભાગૃહમાં યોજાયેલા સમારોહમાં વિશાળ ભક્તમેદની વચ્ચે પધાર્યા હતા. સ્વાગત બાદ તેમણે સંબોધન કરીને ઇંગ્લેન્ડના ગૌરવસમાન ભવ્ય બી.એ.પી.એસ. મંદિરની ભેટ આપવા બદલ પ્રમુખસ્વામી મહારાજનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

ભાવમય થઈને વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું, ''આ મંદિરે આ પૂર્વે ત્રણ વખત આવી ચૂક્યો છું. દરેક વખતે હું અહીંના સેંકડો સ્વયંસેવકોની નિઃસ્વાર્થ સેવાથી ખૂબ જ પ્રભાવિત થયો છું. અભિષેકવિધિમાં ભાગ લેવાનું મને સદ્‌ભાગ્ય અને ગૌરવ મળ્યું છે. આજે પ્રમુખસ્વામી મહારાજનો ૯૮મો જન્મદિવસ ઊજવાય છે ત્યારે યુ.કે.ને આ અદ્‌ભુત મંદિરની ભેટ આપનાર એ મહાન ગુરુને હું મારી ભાવાંજલિ અર્પું છું. ૨૦૧૨માં લંડનમાં યોજાયેલા ઓલિમ્પિક રમતોત્સવમાં આ 'આઇકોનિક' મંદિર એક ગૌરવવંતું બ્રિટિશ લેન્ડમાર્ક બન્યું હતું, જે લંડનની વિવિધતાનું પ્રતીક બન્યું છે.

પ્રમુખસ્વામી મહારાજે આ મંદિર આ દેશને આપેલી એક મોટામાં મોટી ભેટ છે. આ મંદિર બન્યું છે અજોડ સેવાથી. આ મંદિર ફક્ત એક ઈમારત નથી. અહીંના લોકો માટે તે જીવનનો એક ભાગ બની ગયું છે. તમે પરોપકારનાં મહાન કાર્યો કરીને સમાજમાં વિશિષ્ટ સેવા પ્રદાન કરી રહ્યા છો. તમે આ દેશ માટે જે કંઈ પણ કરો છો તેના માટે આપનો આભાર માનીએ એટલો ઓછો છે. તમારું અહીં હોવું લંડન અને ઇંગ્લેન્ડનું સદ્‌નસીબ છે. યોગાનુયોગ આ મંદિરની રજત જયંતી અને આ મંદિરની ભેટ આપનાર પ્રમુખસ્વામી મહારાજની શતાબ્દી સાથે સાથે છે. પ્રમુખસ્વામી મહારાજે બી.એ.પી.એસ.ના માધ્યમ દ્વારા સૌમાં સિંચેલાં પારિવારિક એકતા, સેવા અને કર્તવ્યપરાયણતા વગેરે મૂલ્યોની આજના સમાજને ખૂબ જરૂર છે. પ્રમુખસ્વામી મહારાજે પોતાનું સમગ્ર જીવન બીજાની સેવા માટે સમર્પિત કરી દીધું હતું. જાહેર જીવન દ્વારા નિઃસ્વાર્થપણે આટલા લાંબા સમય સુધી અપાર પરિશ્રમ કરીને અસંખ્ય લોકોને સાથે જોડનાર પ્રમુખસ્વામી મહારાજની સેવાઓ ખરેખર દુર્લભ છે. તેમણે એક શાશ્વત વારસો આપણને સૌને આપ્યો છે, જેને આપણે અનુસરવું જ રહ્યું. તેમના અનુગામી મહંત સ્વામી મહારાજ આગામી વર્ષે અહીં આ મંદિરના રજત જયંતી પર્વે પધારી રહ્યા છે એ ખૂબ આનંદની વાત છે.


નિસડનનું આ મંદિર આ સંસ્થાનાં અનેક પ્રદાનો અને સિદ્ધિઓમાંનું એક પ્રતીક છે. તમે આ દેશ માટે જે કાંઈ કર્યું છે તેને હું બિરદાવું છું. ઇંગ્લેન્ડની સભ્યતા, વિકાસ, વેપાર-ઉદ્યોગ અને સમૃદ્ધિમાં બ્રિટિશ ઇન્ડિયન કમ્યુનિટીના અભૂતપૂર્વ યોગદાન બદલ હું આભાર માનું છું. જય સ્વામિનારાયણ.''

શ્રી બોરિસ જોન્સનના આ ભાવસભર વક્તવ્ય બાદ કોઠારી યોગવિવેકદાસ સ્વામીએ મહંત સ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સંસ્થા વતી વડાપ્રધાનશ્રીને અમૃતકળશ અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

વડાપ્રધાનશ્રી જોન્સનની આ મંદિર ખાતેની ચતુર્થ મુલાકાત હતી. ઉલ્લેખનીય છે કે સન ૨૦૧૨માં તેઓ જ્યારે લંડનના મેયર હતા ત્યારે દિલ્હી ખાતે અક્ષરધામનાં દર્શન-મુલાકાત લઈને પણ તેઓ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આ ભવ્ય પ્રદાનથી ખૂબ પ્રભાવિત થયા હતા. ◆

## નમ્ર નિવેદન: વડીલો બાથરૂમમાં લપસી ન પડે તે માટે ખ્યાલ રાખીએ...

છેલ્લા ઘણા સમયથી વારંવાર સમાચાર માધ્યમો અને સત્સંગનાં માધ્યમો દ્વારા જાણવા મળે છે કે બાથરૂમમાં લપસી પડવાથી વડીલોને ગંભીર ઈજા થાય છે, તેના પરિણામે વડીલોને ખૂબ વેદના સહન કરવી પડે છે કે ક્યારેક મૃત્યુની પણ આપત્તિ આવે છે. કેટલાક હરિભક્તો પણ તેનો ભોગ બન્યા છે. આવા સમાચારો વારંવાર સાંભળીને હૃદય દ્રવી જતાં પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે સર્વે હરિભક્તોને ખાસ નિવેદન કર્યું છે કે વડીલો બાથરૂમમાં લપસી ન પડે અને ઈજા-વેદનાનો ભોગ ન બને તે માટે બાથરૂમમાં ખાસ મેટ (નોન-સ્લિપ અથવા એન્ટી-સ્લિપ મેટ) પાથરવી. આવી મેટ બજારમાં સરળતાથી ઉપલબ્ધ હોય છે. તમામ પરિવારજનો પોતાના વડીલોની કાળજી લેવા માટે આટલું અવશ્ય કરે તેવી વિનંતી છે. ◆



# મહંત સ્વામી મહારાજના પ્રાગટ્ય તીર્થ જબલપુરમાં નિર્માણ પામ્યું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર







મધ્યપ્રદેશનું જબલપુર શહેર એટલે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રાગટ્યભૂમિ. મૂળ ચરોતર પ્રદેશના આણંદના વતની અને વ્યવસાય માટે અહીં સ્થાયી થયેલા શ્રી મણિભાઈ નારણભાઈ પટેલ અને ડાહીબાના ખોળે આ શહેરમાં તા. ૧૩-૯-૧૯૩૩ના રોજ વિનુભાઈનો જન્મ થયો હતો.

વિનુભાઈના જન્મના થોડા જ દિવસો બાદ જબલપુરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ પધાર્યા હતા. તેમણે આ બાળકને સ્વામિનારાયણીય પંચવર્તમાન ધરાવી આશીર્વાદ વરસાવતાં કહ્યું હતુંઃ 'મણિભાઈ, તમારો આ પુત્ર મોટો થઈને સત્સંગની ખૂબ મોટી સેવા કરશે.' એમ કહીને બાળકનું નામ 'કેશવ' પાડ્યું હતું. જોકે સૌ હુલામણા નામ વિનુ તરીકે બોલાવતા હોવાથી, એ જ લાડકવાયું નામ સૌની જીભે કાયમ રહ્યું.


જબલપુરમાં ઉછેર અને પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ પામેલા વિનુભાઈએ સ્થાનિક અંગ્રેજી માધ્યમની શાળા 'ક્રાઈસ્ટચર્ચ બોયઝ સ્કૂલ'માંથી વિશેષ અભ્યાસ કર્યો. એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે તેઓ સૌના પ્રિય બન્યા હતા.

સન ૧૯૫૧-૫૨માં તેઓને પોતાના વતન આણંદમાં જ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો યોગ થયો. યોગીજી મહારાજની દિવ્ય આધ્યાત્મિક પ્રતિભા અને નિર્વ્યાજ વાત્સલ્યવર્ષાએ એમને સાધુદીક્ષા લેવા માટે પ્રેર્યા. સન ૧૯૫૬માં આણંદ ખાતે એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીમાંથી સાયન્સ ગ્રેજ્યુએશન પૂર્ણ કરી તેઓ યોગીજી મહારાજનાં ચરણે સમર્પિત થઈ ગયા.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના બાળપણનાં લીલાચરિત્રોનું સાક્ષી બનવાનું સૌભાગ્ય જબલપુર શહેરને સાંપડ્યું છે. તેઓનું એ પ્રાગટ્યસ્થાન, જ્યાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ પણ રહ્યા હતા, એ પ્રાસાદિક તીર્થરૂપ ઘર પર તાજેતરમાં સુંદર નાજુક ત્રિમંજિલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર નિર્માણ પામ્યું છે. આ મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા ૨૦-૮-૨૦૧૯ના રોજ ભક્તિભાવપૂર્વક યોજાઈ ગયો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૮ ઑગસ્ટના રોજ





એ પ્રાસાદિક 'ક્રાઇસ્ટ ચર્ચ બોય્ઝ સ્કૂલ' જ્યાં વિનુભાઈ તરીકે મહંત સ્વામી મહારાજનું માધ્યમિક શિક્ષણ થયું હતું. શાળાનું એ ઐતિહાસિક રજિસ્ટર, જેમાં આજેય એ શાળાના તેજસ્વી વિદ્યાર્થી 'વિનુ'નું નામ અંકિત થયેલું (૩૩૪૮) નીરખાય છે...

સંગીતજ્ઞ સંતવૃંદે કીર્તનભક્તિનો લાભ આપ્યો હતો, જેનો મોટી સંખ્યામાં સ્થાનિક ભક્તો-ભાવિકોએ આસ્વાદ માણ્યો હતો. તા. ૧૯ ઑગસ્ટના રોજ ભગવાન સ્વામિનારાયણ, ગુણાતીત ગુરુવર્યોનાં દિવ્ય જીવનકાર્યો પર આયોજિત સુંદર ચિત્ર-પ્રદર્શન સાથે એક વિશિષ્ટ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૨૦ ઑગસ્ટના રોજ માંગલિક સવારે પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં મૂર્તિઓનો સ્થાપનવિધિ યોજાયો હતો. આ પ્રસંગે મધ્યપ્રદેશ, છત્તીસગઢ વગેરે રાજ્યોમાંથી સેંકડો હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ મંદિરનો મહિમા તથા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના પ્રસંગોની સ્મૃતિઓ તાજી કરી હતી.

આમ, મધ્યપ્રદેશમાં ઈન્દોર, ભોપાલ વગેરે શહેરો બાદ જબલપુરની તીર્થરૂપ અતિ પ્રાસાદિક ભૂમિ પર મંદિર સ્થપાતાં ભગવાન સ્વામિનારાયણના સંકલ્પે શુદ્ધ ઉપાસનાના પ્રવર્તનનો એક વધુ અધ્યાય રચાયો છે. ◆

## મોડાસા ખાતે નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ઉત્તર ગુજરાતનો સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લો એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન સંતશિષ્ય સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી અને સદ્‌ગુરુ વાસુદેવાનંદ બ્રહ્મચારીની જન્મભૂમિ.

ઉત્તર ગુજરાતના આ પ્રાંતમાં હિંમતનગરથી લઈને ખેડબ્રહ્મા સુધી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે મંદિરોની શૃંખલા રચી છે. તેમાંનું એક મોખરાનું શહેર એટલે મોડાસા. સન ૧૯૬૫માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે ડૉ. એ. બી. પટેલ અને શ્રી ભાઈચંદભાઈ ચૌહાણના નિમંત્રણથી અહીં પધારીને ૧૦ દિવસ સુધી સત્સંગ વિચરણ કરીને અહીં સત્સંગનાં બીજ વાવ્યાં હતાં. સન ૧૯૭૭માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આ વિસ્તારમાં સખત તાપ, પાંખી સુવિધાઓ વચ્ચે પણ અદમ્ય ઉત્સાહથી ૨૧ દિવસમાં ૯૧ ગામોમાં અથાક વિચરણ કરીને સત્સંગના પડઘમ ગુંજાવ્યા હતા. શ્રી મણિભાઈ ચૌહાણ વગેરે અનેક હરિભક્તોને સત્સંગનો રંગ લાગ્યો. પ્રમુખસ્વામી મહારાજની અસીમ સાધુતાથી મોડાસાના સુશિક્ષિત ભક્તજનો સત્સંગના રંગે રંગાયા. ચાર દશક દરમ્યાન અવારનવાર પ્રમુખસ્વામી મહારાજ, મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોએ અહીં પધારીને સત્સંગની અભિવૃદ્ધિ કરી હતી. સન ૧૯૮૨ પછી શ્રીરંગદાસ સ્વામી, ઋષિપ્રિયદાસ સ્વામી, નૈષ્ઠિકજીવનદાસ સ્વામી, ધર્મવિનયદાસ સ્વામી વગેરે સંતોએ મોડાસા અને આજુબાજુનાં ગામોમાં વિચરણ કરીને સત્સંગની સેવા કરી.

મોડાસામાં શ્રી શાંતુભાઈ ચૌહાણની સેવાથી રામપાર્ક વિસ્તારમાં બી.એ.પી.એસ. મંદિર રચીને તા. ૧૮-૩-૧૯૯૪ના રોજ પ્રમુખસ્વામી મહારાજે મૂર્તિપ્રતિષ્ઠા કરી હતી. મંદિરની છત્રછાયામાં સત્સંગસભાઓ, પારાયણો, ઉત્સવો, બાલ-બાલિકા, યુવક-યુવતી, સંયુક્ત-મહિલા સત્સંગ મંડળો વગેરે પ્રવૃત્તિઓ દિનપ્રતિદિન અભિવૃદ્ધિ પામવા લાગી. હિંમતનગરમાં પ્રમુખસ્વામી મહારાજના ૮૨મા જન્મજયંતી મહોત્સવ પ્રસંગે મોડાસા સત્સંગમંડળની સેવાઓ નોંધપાત્ર હતી.

સત્સંગની ઉત્તરોત્તર અભિવૃદ્ધિ થતાં અહીં એક વધુ સુવિધાસજ્જ મંદિરની આવશ્યકતા જણાઈ. ઈશ્વરચરણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ મોડાસા-મેઘરજ બાયપાસ રોડ પર સુંદર મંદિરનું નિર્માણકાર્ય આરંભાયું. સંનિષ્ઠ હરિભક્ત ડૉ. એ. બી. પટેલ, ડૉ. જીતુભાઈ સોમપુરા, ડૉ. જીતુભાઈ પટેલ, ડૉ. ટી. બી. પટેલ, ડૉ. હેમંતભાઈ પટેલ, ડૉ. સુરેશભાઈ પટેલ, શ્રી



ડાહ્યાભાઈ પટેલ, શ્રી રમેશભાઈ એન્જિનિયર, શ્રી પ્રવીણભાઈ ચૌહાણ, શ્રી મૂકેશભાઈ પંચાલ, આર્કિટેક નીલેશભાઈ તથા શ્રી દિવ્યકાંતભાઈ વગેરે હરિભક્તોના ભક્તિસભર પુરુષાર્થ-સહયોગથી સભામંડપ, સંતનિવાસ, પ્રેમવતી, બુકસ્ટોલ વગેરે વિવિધ સુવિધાઓથી યુક્ત સુંદર મંદિર રચાઈ ગયું.

તા. ૧૫ થી ૧૭ નવેમ્બર ૨૦૧૯ દરમ્યાન આ મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે યોજાઈ ગયો. આ ઉત્સવના ઉપક્રમે તા. ૧૫-૧૧-૨૦૧૯ના રોજ મહિલાપાંખ દ્વારા સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા દરમ્યાન મહિલા સંમેલન યોજાયું હતું. તા. ૧૬-૧૧-૨૦૧૯ના રોજ સવારે શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞમાં ભાગ લઈને ૨,૭૫૩ યજમાનોએ સર્વજીવહિત અર્થે પ્રાર્થના કરી હતી. ત્યારબાદ ઢળતી બપોરે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની કલાત્મક રથોમાં નગરયાત્રા યોજાઈ હતી. સંધ્યા સમયે રામપાર્ક ખાતેના મંદિરને ૨૫ વર્ષ પૂર્ણ થતાં હોઈ રજતજયંતી નિમિત્તેની પ્રાસંગિક સભા યોજાઈ હતી.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે ગોંડલ મુકામે તા. ૧૮-૧૦-૨૦૧૯ના રોજ વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ મોડાસા ખાતે તા. ૧૭-૧૧-૨૦૧૯ના રોજ ઈશ્વરચરણદાસ સ્વામી અને વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં બાળ-યુવાવૃંદે મંદિર-અભિવંદના નૃત્ય પ્રસ્તુત કરીને ભાવાંજલિ અર્પણ કરી હતી. ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રાસંગિક આશીર્વચન પાઠવીને સેવાધારી હરિભક્તોને બિરદાવ્યા હતા. કોઠારી મંગલપુરુષદાસ સ્વામી, નિર્મલચરણદાસ સ્વામી અને આનંદયોગીદાસ સ્વામી તથા સ્વયંસેવકોના ખંતપૂર્વકના પુરુષાર્થથી ઉત્સવ સંપન્ન થયો હતો.

આમ, મોડાસા શહેરમાં નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા થતાં અહીંના સત્સંગને વધુ વેગ મળ્યો છે. ◆








### ભક્તરાજ નવનીતભાઈ ચંદુભાઈ શાહ, વ્યારા(સાંકરી), ઉં.વ. ૯૨, અક્ષરવાસ તા. ૪-૧૨-૨૦૧૯



સન ૧૯૬૮માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના યોગમાં આવીને સત્સંગમાં સમર્પિત થયેલા શ્રી નવનીતભાઈ શાહ એટલે દક્ષિણ ગુજરાતમાં વ્યારા નગરના સંનિષ્ઠ ભક્તરાજ. યોગીજી મહારાજે આશીર્વાદ આપેલા કે વ્યારામાં મોટું મંદિર થશે, ત્યારથી સત્સંગની અભિવૃદ્ધિ માટે તેઓનો ઉત્સાહ-ઉમંગ ચઢતો ને ચઢતો રહ્યો હતો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ખૂબ કૃપાપાત્ર, સરળ અને વિનમ્ર આ ભક્તરાજ તન-મન-ધન અને વચને સમર્પિત હતા. વર્ષોથી સ્થાનિક સત્સંગના મોવડી તરીકે કાર્ય કર્યું હોવા છતાં દરેકને મહિમાની દૃષ્ટિથી જોતા હતા. ૯૨ વર્ષની જૈફ વયે અસહ્ય બીમારીમાં પણ નિયમ-ધર્મની તેમની દૃઢતા અને ભક્તિમાં શ્રદ્ધા અચળ હતી. તેઓના અક્ષરવાસથી દક્ષિણ ગુજરાતમાં મોભ સમાન ભક્તરાજની ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ. ◆

### ભક્તરાજ પ્રવીણચંદ્ર શાંતિલાલ ચાતુર્વેદી, બોટાદ, ઉં.વ. ૮૨, અક્ષરવાસ તા. ૨૧-૧૧-૨૦૧૯



બોટાદના ભક્તરાજ શ્રી શાંતિલાલ ચાતુર્વેદીના સુપુત્ર શ્રી પ્રવીણચંદ્ર બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના એક લાડીલા ભક્ત હતા. બાળવયે પ્રવીણચંદ્ર બોટાદથી સારંગપુર દર્શનાર્થે જતા ત્યારે શાસ્ત્રીજી મહારાજ પ્રવીણને પોતાના ઢોલિયા ઉપર બેસાડીને ‘જોઈ મૂર્તિ મનોહર તારી...’ વગેરે કીર્તનો ગવરાવતા હતા. હેડમાસ્તર તરીકે સાંગાવદરમાં યોગીજી મહારાજની પધરામણી કરાવીને તેઓએ લોકોને સત્સંગનો રંગ લગાડ્યો હતો. સંસ્થાના દરેક સમૈયા અને ઉત્સવમાં સેવા કરનાર પ્રવીણભાઈએ અનેક કીર્તનોની પણ રચના કરી હતી. વર્ષો સુધી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ, પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ અને સંતોની સેવા કરીને તેમણે સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ. ◆

### ભક્તરાજ રણછોડભાઈ ખોડાભાઈ મોરડિયા, સુરત, ઉં.વ. ૭૦, અક્ષરવાસ તા. ૪-૧૧-૨૦૧૯



સુરત સત્સંગમંડળના અગ્રણી ભક્તરાજ શ્રી રણછોડભાઈ મોરડિયાએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવીને સ્વામિનારાયણીય સત્સંગને જીવમાં દૃઢ કર્યો હતો. સુરતમાં એક ઉદ્યોગપતિ તરીકે સફળ કારકિર્દી ઘડનાર રણછોડભાઈ સુરત મંદિરની સાથે સાથે માતૃભૂમિ પાટણામાં પણ તેઓ નિત્ય સેવાપરાયણ રહેતા હતા. અનેકને સત્સંગમાં જોડીને તેઓએ સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. અંતિમ સમય સુધી સેવા-ભક્તિમય જીવન જીવનાર ગુરુહરિના કૃપાપાત્ર આ ભક્તરાજને હાર્દિક શ્રદ્ધાંજલિ. ◆

### શ્રી ચંદુભાઈ પી. પટેલ, અમદાવાદ, ઉં.વ. ૬૯, અક્ષરવાસ તા. ૧-૧૧-૧૯



અમદાવાદ પાસેના રકનપુર ગામના વતની શ્રી ચંદુભાઈ પૂંજાભાઈ પટેલ અમદાવાદના એક સંનિષ્ઠ ભક્તરાજ હતા. સન ૧૯૮૧થી લઈને આજપર્યંત ઊજવાયેલા સંસ્થાના મહોત્સવોમાં તેમણે તન-મન-ધનથી ખૂબ સેવા કરીને સ્વામીશ્રીને પ્રસન્ન કર્યા હતા. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ. ◆

### શ્રી માધવલાલ સી. પટેલ, સિદ્ધપુર, ઉં.વ. ૭૬, અક્ષરવાસ તા. ૧૧-૯-૧૯



સિદ્ધપુરના રાજપુરના વતની શ્રી માધવલાલ ચેલદાસ પટેલ સન ૧૯૮૧થી સત્સંગમાં જોડાયા ત્યારથી સંસ્થા દ્વારા આયોજિત અનેક આયોજનોમાં ખૂબ સેવાઓ આપી હતી. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી છેલ્લાં ૧૦ વર્ષ મહેસાણા ખાતે મહિમાપૂર્વક સેવામાં જોડાઈને ગુરુહરિનો વિશેષ રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ. ◆

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, રાંદેસણ (નિવાસી કન્યાશાળા) — પ્રવેશ અંગે

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર રાંદેસણમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં ધોરણ-૫ અને ધોરણ-૧૧, ૧૨(વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહ) - અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ માટે રસ ધરાવતી પુત્રીઓના વાલીઓએ તા. ૧૫-૨-૨૦૨૦ સુધીમાં નીચેના સરનામે સંપર્ક કરવો.

પ્રવેશ માહિતી પત્ર મેળવવા માટે ફોન - ૭૦૬૯૦ ૬૦૬૬૦, ૭૦૬૯૦ ૬૧૮૧૪ (whatsapp)

**ઈ-મેઈલ:** admsn.svmr@gmail.com **વેબસાઈટ :** www.baps.org/svmrandesan

રૂબરૂ મુલાકાતની તારીખ પ્રવેશ માહિતી ફોર્મ મેળવ્યા બાદ જણાવવામાં આવશે.

**સરનામું :** ડાયરેક્ટર, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, રાંદેસણ, સિટી પલ્સ સિનેમાની ગલીમાં, કોબા, અમદાવાદ-ગાંધીનગર હાઈવે, મુ.પો. રાંદેસણ, તાલુકો-જિલ્લોઃ ગાંધીનગર - ૩૮૨૦૦૭. ◆

## જ્યાં ભગવાન સ્વામિનારાયણે વચનામૃતો ઉદ્‌બોધ્યાં છે એવા તીર્થધામ ગઢપુરમાં મહંત સ્વામી મહારાજની નિશ્રામાં

# શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ

## તા. ૧૦-૩-૨૦૨૦, પુષ્પદોલોત્સવ, ગઢડા

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે ૨૫ વર્ષ સુધી રહીને જે ભૂમિને દિવ્ય તીર્થરૂપ બનાવી છે અને જ્યાં વચનામૃતો ઉદ્‌બોધ્યાં છે, એવા તીર્થધામ ગઢડામાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં વચનામૃત ગ્રંથનો દ્વિશતાબ્દી મહોત્સવ અને પુષ્પદોલોત્સવ દિવ્યતા અને ભવ્યતાથી ઊજવાશે. **પુષ્પદોલોત્સવના પવિત્ર દિને તા. ૧૦ માર્ચ, ૨૦૨૦(ફાગણ વદ ૧)ના રોજ** ગઢડામાં ઊજવાનાર આ અણમોલ અવસરનો લાભ લેવા આપ સૌને હાર્દિક નિમંત્રણ છે. આ ઉત્સવનો લાભ લેવા પધારનારા હરિભક્તોની સુવિધા સારી રીતે સચવાય તે માટે કેટલીક અગત્યની સૂચનાઓ ધ્યાનમાં લેવા વિનંતી.

- વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ તથા પુષ્પદોલોત્સવ તા. ૧૦-૩-૨૦૨૦, ફાગણ વદ ૧, મંગળવારના રોજ **સાંજે ૫:૦૦ થી ૮:૦૦** દરમ્યાન ઊજવાશે.
- મહોત્સવના દિવસે સૌ હરિભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા ઉત્સવ-સ્થળે એટલે કે 'સ્વામિનારાયણ નગર'માં બપોરે ૨:૦૦ વાગ્યા સુધી રાખેલી છે. આ દિવસે સારંગપુર કે અન્ય મંદિરોમાં મહાપ્રસાદની વ્યવસ્થા થઈ શકશે નહીં.
- મહોત્સવની મુખ્ય સભા માટે સભાસ્થળે પ્રવેશ બપોરે ૩:૦૦ વાગ્યા પછી પ્રાપ્ત થશે.
- જેમને ભીડમાં તકલીફ પડે તેવા અતિવૃદ્ધ અને અશક્ત હરિભક્તો ઉત્સવમાં ન આવે એ ઇચ્છનીય છે. તેઓ મહોત્સવનું જીવંત પ્રસારણ ઘરે બેઠાં માણી શકશે.
- આ મહોત્સવમાં ખૂબ મોટી સંખ્યામાં હરિભક્તો પધારવાના હોવાથી ઉતારા અંગે નીચેની સૂચનાઓ અવશ્ય ધ્યાનમાં લઈએ:
- ગુજરાતના હરિભક્તો મહોત્સવના દિવસે નીકળી ઉત્સવ સમયે ગઢડા પહોંચી શકશે. આથી ગુજરાતના કોઈપણ હરિભક્તો માટે ઉત્સવના દિવસે ગઢડા કે સારંગપુરમાં ઉતારાની વ્યવસ્થા થઈ શકશે નહીં, મહોત્સવની વિશાળતાને અનુલક્ષીને આ પ્રકારની વ્યવસ્થા અનિવાર્ય છે. તેથી ઉતારા માટે આગ્રહ રાખવો નહીં.
- ફક્ત પરપ્રાંત અને પરદેશના હરિભક્તોને તા. ૯-૩-૨૦૨૦, સોમવારના દિવસે ઉતારા વિભાગ તરફથી ઉતારો પ્રાપ્ત થશે. આવનાર હરિભક્તો, ઉપર જણાવેલા દિવસ કરતાં વહેલા ન આવે તે ઇચ્છનીય છે.
- ઉતારા માટે www.baps.org વેબસાઈટ ઉપરથી તા. ૯-૨-૨૦૨૦, રવિવાર સુધીમાં ઉતારા રિક્વેસ્ટ ફૉર્મ ભરી સબમીટ કરવાથી આપને રજિસ્ટ્રેશનનો કન્ફર્મેશન નંબર તથા કન્ફર્મેશન ઈમેલ પણ પ્રાપ્ત થશે. મોટી સંખ્યામાં ભક્તો પધારનાર હોવાથી ઉતારાની વ્યવસ્થા ગઢડા કે આજુબાજુના વિસ્તારોમાં કરવામાં આવશે. માટે આપનું વાહન અવશ્ય સાથે રાખવું.
- પરદેશથી કે પરપ્રાંતથી પધારનાર હરિભક્તોએ ગુજરાતમાં પોતાનું કે સંબંધીનું નિવાસસ્થાન હોય તો ઉતારો ત્યાં જ રાખવો. પરદેશ અને પરપ્રાંતથી પધારનાર હરિભક્તો ગુજરાતમાં રહેતા પોતાના સ્નેહીજનોને ઉતારા માટે પોતાની સાથે ન લાવે તે ઇચ્છનીય છે.
- કોઈ કારણસર ઉત્સવમાં આવવાનો કાર્યક્રમ રદ થાય અથવા આવનાર વ્યક્તિઓની સંખ્યામાં ફેરફાર થાય તો નીચે આપેલ સંપર્ક પર વહેલી તકે અવશ્ય જાણ કરવી.

**સંપર્કઃ ફોન નંબરઃ + ૯૧ ૭૦૬૯૦૬૫૫૦૮**

Email : utara.gadhada@in.baps.org









## મુંબઈમાં મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં અવિસ્મરણીય સત્સંગ સમારોહ...

તા. ૬-૧૨-૨૦૧૯ થી તા. ૨૪-૧૨-૨૦૧૯ સુધી મુંબઈમાં દાદર મંદિર ખાતે બિરાજેલા મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં નિત્ય આધ્યાત્મિક પ્રેરણા આપતા સત્સંગ કાર્યક્રમો યોજાઈ ગયા. તે પૈકી તા. ૨૧-૧૨-૨૦૧૯ના રોજ યોગી સભાગૃહ ખાતે શ્રીમદ્ રાજચંદ્ર મિશન દ્વારા આયોજિત એક સત્સંગ સમારોહ અવિસ્મરણીય બની રહ્યો. તેમાં, શ્રીમદ્ રાજચંદ્રના આદેશ-સંદેશના પ્રસારનું મહાન કાર્ય કરી રહેલા ધર્મગુરુ પૂજ્યશ્રી રાકેશભાઈજીએ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના ગુણાનુવાદ ગાઈને હૃદયથી ભાવવંદના કરી હતી. મહંત સ્વામી મહારાજે શ્રી રાકેશભાઈજીના ધર્મસાધનાના વિશાળ કાર્યને બિરદાવીને ઉપસ્થિત સાધક સમુદાયને આશીર્વાદ આપ્યા હતા.

Swaminarayan Prakash Gujarati, January-2020, Published on 1-1-2020. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/HQ/009/2018-20, Valid upto 31-12-2020. Regd No. GAMC-274/2018-2020, Valid upto 31-12-2020, RNI 33506/79.
















## પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્ય દિને મહાનુભાવો દ્વારા તેમનાં ચરણે અર્પણ થયું ભાવ-અર્ઘ્ય...

(૧,૨) ઇંગ્લૅન્ડના વડાપ્રધાન શ્રી બોરિસ જોન્સને પ્રમુખસ્વામી મહારાજના જન્મદિને (૭-૧૨-૨૦૧૯) લંડન ખાતે બી.એ.પી.એસ. મંદિરે પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે ભાવવંદના કરીને વિશાળ ભક્તસમુદાય સમક્ષ હૃદયપૂર્વક સ્વામીશ્રીના ગુણાનુવાદ ગાયા હતા. તેમણે કહ્યું: 'લંડનને પ્રમુખસ્વામીજીની સૌથી મોટી ભેટ આ મંદિર છે.' (૩) મુંબઈ ખાતે જન્મજયંતી મહોત્સવમાં ભારતના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ, (૪) પ્રસિદ્ધ શિક્ષણવિદ્ અને પૂર્વ ગવર્નર શ્રી ડી. વાય. પાટીલ તથા ડૉ. વિજયભાઈ ડી. વાય. પાટીલ, (૫) મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અને વિરોધપક્ષના નેતા શ્રી દેવેન્દ્ર ફડણવીસ વગેરે મહાનુભાવોએ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ લઈને પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે ભાવ-અર્ઘ્ય અર્પણ કર્યું.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas